યઝદાં.

ગયોમર્દ, શ્યામક તથા હુશંગ નામું.

લખનાર—વોહુમન

"History is philosophy teaching by examples ...... Facts are the mere dross of history. It is from the abstract truth which interpenetrates them, and lies latent among them like gold in the ore, that the mass derives its whole value: and the precious particles are generally combined with the baser in such a manner that the separation is a task of the utmost difficulty .. ... The instruction derived from history would be of a vivid and practical character. Many truths too, would be learned which can be learned in no other manner."—LORD MACAULAY.

"તવારીખ, દાખલાઓ સાથે શીખવવામાં આવતી એક ફીલસુફી છે...ખરી બનેલી બીનાઓ તવારીખના માત્ર કચરા સમાન હોય છે. એક તવારીખ પોતાની ખરી કીમત, કાચી ધાતુના પેટામાં સમાયલાં સોનાંની માફક, તે (કચરા)ના અંતરમાં ગુપ્ત રહેલી, અને તેનાં છેક ઊંડાણમાં સમાયલી સારરૂપી સચ્ચાઈઓથી મેળવે છે: આવી કીમતી રજકણો ઉતરતા પ્રકારની રજકણો સાથે એવી તો રીતે ભેળાયલી હોય છે, કે તેઓને જુદી પાડવાનું કામ અતી ઘણું મુશ્કેલ થઈ પડે છે...તવારીખમાંથી મળતો સબક ઘણો અસરકારક અને અનુભવીક પ્રકારનો હોય છે. બીજી કોઈ પણ રીતે નહિ શીખાઈ શકાય, એવી ઘણીએક સચ્ચાઈઓ પણ તવારીખમાંથી મળી શકે."—લૉર્ડ મેકોલે.

મુંબઈ:
વર્તમાન પ્રેસમાં છાપી પ્રગટ કીધું છે.

કીમત ચાર આના.

સને ૧૨૮૫ યઝદજરદી; સને ૧૯૧૬ ઇસવી.

યઝદાં.

ગયોમર્દ, શ્યામક તથા હુશંગ નામું.

લખનાર—વોહુમન.

"History is philosophy teaching by examples ...... Facts are the mere dross of history. It is from the abstract truth which interpenetrates them, and lies latent among them like gold in the ore, that the mass derives its whole value; and the precious particles are generally combined with the baser in such a manner that the separation is a task of the utmost difficulty ...... The instruction derived from history would be of a vivid and practical character. Many truths too, would be learned which can be learned in no other manner."—LORD MACAULAY.

"તવારીખ, દલીલો સાથે શીખવવામાં આવતી એક ફીલસુફી છે...ખરી બનેલી બીનાઓ તવારીખના માત્ર કચરા સમાન હોય છે. એક તવારીખ પોતાની ખરી યોગયતા, કાચી ધાતુનાં પેટામાં સમાયલાં સોનાંની માફક, તે (કચરા)ના અંતરમાં ગુપ્ત રહેલી, અને તેનાં છેક ઊંડાણમાં સમાયલી સારરૂપી સચાઇઓથી મેળવે છે: આવી કીમતી રજકણો ઉતરતા પ્રકારની રજકણો સાથે એવી તો રીતે ભેલાયલી હોય છે, કે તેઓને છુટી પાડવાનું કામ અતી ઘણું મુશ્કેલ થઇ પડે છે...તવારીખમાંથી મલતો સબક ઘણો અસરકારક અને અનુભવીક પ્રકારનો હોય છે. બીજી કોઇ પણ રીતે નહિં શીખી શકાય, એવી ઘણીએક સચાઇઓ પણ તવારીખમાંથી મળી શકે છે."—લૉર્ડ મેકૉલે.

મુંબઇ:
વર્તમાન પ્રેસમાં છાપી પ્રગટ કીધું છે.

કીમત ચાર આના.

સને ૧૨૬૫ યઝદેજરદી; સને ૧૮૯૬ ઇસવી.

યઝદાં.

"જરથોસ્તી ભાઇબંધોની મંડળી,"

જે

પોતાની બીજી નેમોમાં પુરાતન પારસી-તવારીખના-

અભ્યાસના વધારાની એક નેમ ધરાવે છે,

તેને,

તેની ભલી નેમો માટેની ઉલટમંદ કોશેશ

તરફની આ લખનારની સંપૂર્ણ દીલસોજી

ની એક અદના નિશાંન તરીકે

સંપૂર્ણ માન અને ભક્તિભાવ સાથે

આ નાનો રેસાલો

અર્પણ કરવામાં આવ્યોછે.

ખુલાસો.

આ નાનું ચોપાન્યું જાહેરમાં મુકતાં કાંઇક ખોલાસાની જરૂર વિચારવામાં આવે છે. લખનાર, બલ્કે રચનાર કોઇપણ રીતે એક તવારીખનવેશ હોવાનો દાવો કરતો નથી. "જરથોસ્તી ભાઈબંધીની મંડળી"ની સભાઓમાં, એ મંડળીના કેટલાક સભાસદો તરફથી ઇરાનની તવારીખને લગતાં અપાતાં ભાષણો વેળાએ આ લખનારને એવો વિચાર ઉતપન થયો હતો કે પુરાતન પાદશાહોને લગતી જુદી જુદી વીખરાયલી બાબતોને એકઠી કરીને, તેઓ માટેનાં જાણીતા તવારીખ નવેશોનાં જુદાં જુદાં મતોનો સંગ્રહ કીધાથી તેઓ વિષે કાંઇ ચોકસ ખ્યાલ આવી શકે આવા વિચારથી ઇરાનની તવારીખને લગતાં વાંચણ દરમ્યાન જે જે બાબતો પુરાતન પેશદાદ પાદશાહ ગયોમર્દને લગતી આવતી ગઈ હતી તે ધ્યાનમાં રાખી લેવામાં આવી હતી; પણ તે વેળા આવું એક ચોપાન્યું પ્રગટ થઇ થકશે એવો આ લખનારને ખ્યાલ ન હતો. યઝદેજરદી સને ૧૨૬૫ ના સાલનાં "ઝોરાસ્ત્રીઅન કેલેંડર" માં દર વરસના શિરસ્તા પરમાણે કોઇ રેસાલો દાખલ કરવા માટે ગયોમર્દના માંના નામ હેઠળ એ પુરાતન પાદશાહ પેંગંબરને લગતી બીના રજુ કરવાનુ દુરસ્ત ધારવામાં આવ્યું. પણ તેનું કદ અંતે ઘણું નાનું થઇ જવાથી કોઇ બીજા રેસાલો સાથે લખવાની જરૂર જણાઈ, અને તેટલા માટે ગયોમર્દના કુટુંબીઓ સ્યામક અને હુશંગશાહની બીનાનો બની શકતો સંગ્રહ આ નાના રેસાલામાં રજુ કરવામાં આવ્યો છે.

આ નાના રેસાલામાં નવું [Original] કાંઇજ નથી, એમ કહીએ તો તેમાં ખોટું કહેવાશે નહિં. ઇરાનની તવારીખ (ના ખસુસ કરીને શરૂઆતના ભાગ) નો બારીકીથી અભ્યાસ કરનારાઓને માલમ પડશે કે તે (ભાગ) લગભગ અવરતા જેટલા ભેદથી ભરપુરછે. આ ભેદી બાબતો તદનજ નહિં સમજી શકવાથી,, અને તેઓને તેમનાં સાધારણ સ્વરૂપમાંજ લઇ, (નામદાર ફીરદોસી જેવા) અસલી તવારીખનવેશોના "અલંકારો" અને "કલ્પના" ને, ઘણીએક અંતરમાં ભેદી અને બહારથી નજીવી દેખાતી બીનાઓનો સબબ સમજી લઇ, હાલના કેટલાક પારસી લખનારાઓ ઇરાનની તવારીખમાં ખરા બનેલા બનાવો માટે ઘણા જોખમભર્યા વિચારો આપેછે, જે ભવિષ્યમાં પારસી કોમના હકમાં અતીઘણા નુકસાનકારક થઇ પડે એ સંભવીત છે. ગયોમર્દ, સ્યામક અને હુશંગને લગતી ઘણીએક એકકથી ઉલટી દેખાતી બીનાઓ, જેને માટે આ નાનાં ચોપાન્યાંમાં બહુજ ટુંક ઇસારાઓ મુકી જવામાં આવ્યા છે, તેનો ખાત્રીપુર્વક ખોલાસો તદનજ નહિં મળી શકે એમ નથી. ઇરાનની તવારીખ (નો ખસુસકરી શરૂઆતનો ભાગ) એક વાર્તાની મીસાલ વાંચી જઇ શકાય એમ નથી; પણ ઘણીએક ગુપ્ત સચાઇઓથી ભરપુર પ્રાક્સુરી સમજી તેનો અભ્યાસ કરવાનોછે, જેમ કીધાથી ઘણીએક બેહુદી દેખાતી બીનાઓના ભેદો કુફલને ખોલવાની કુંચી મોડે યા વહેલે હાથ લાગ્યા વિના રહેતી નથી. આ લખનાર પોતે તેવી બીનાઓ સંપુર્ણ રીતે

સમજતો હોવાનો દાવો કરતો નથી. છતાં, અત્યાર સુધીમાં તે પોતે જે સમજી શકયોછે, તે ઉપરથી ખાત્રી સાથે એવાં અનુમાન ઉપર આવવાને તેને કારણ મળ્યું છે કે, તમામ અવસ્તાઇ પુસ્તકો સાથે ઇરાનની તવારીખ પણ પારસીઓએ (તેની કોઇ પણ બાબતનું કશીપણ રીતે ખુન કીધા વગર) પોતાના જીવજાન સમાન સાચવી રાખવા લાયક ભેદથી ભરપુર એક કીમતી ખજાનો છે.

ગયોમર્દ, શયામક, અને હોશંગનામા પછી તેની વંશ અથવા પેહડીથી ઉતરેલા બીજા પાદશાહોની તવારીખ સીલસીલાબંધ આગળ ચલાવાનો ઇરાદો છે, તે તક મળવે અમલમાં મેલીશું; પણ તવારીખ સંબંધી લખાણોના બાબમાં લખનારની આ પેહેલીજ કોશેશ હોવાથી તેમાં કોઇ પણ રીતની રહી ગયલી ખામીઓ તરફ દાનેશમંદ વાંચનાર દરગુજરની નજરે જોશે એવી આશા રાખવામાં આવેછે.

વોહુમન.

પુરાતન પેશદાદ પાદશાહો ગયોમર્દ, શ્યામક અને હુશંગને લગતી બીનાઓનો ઊંડાણ અભ્યાસ કરવા ચાહનાર અભ્યાસીઓને નીચલી કેતાબોની ભલામણ કરવામાં આવેછે:—

૧ આવાં, ગોશ, ફ્રવરદીન, રામ, અર્શેસવંઘ અને જમ્યાદ યસ્તો.
૨ યજસ્ને.
૩ દીનકર્દ.
૪ બુનદેહશ.
૫ સાદરપરમ.
૬ દાદસ્તાને દીની.
૭ બુરહાને કાતે.
૮ ફરહંગે જેહાંગીરી.
૯ શમ્સુલ લોગાત.
૧૦ શાહનામે.
૧૧ તવારીખે દેલગોશાએ શમશેરખાની.
૧૨ શારેસ્તાને ચેહાર ચમન.
૧૩ નામે-એ-ખુસ્રવાન.
૧૪ દસાતીર.
૧૫ દબેસ્તાંન.
૧૬ જાવીદાને એરદ.
૧૭ અંતર જગત પ્રવાસ.
૧૮ અવસ્તાનાં વિશેષનામોની ફરહંગ
૧૯ કેતાબે એસ્તાબ,
૨૦ ઝરેદસ્ત અફશાર,
૨૧ મીદેહ રુદ.
૨૨ હખમઝદયસ્ન નામ, પુ૦ ૧ લું તથા ૨ જું.
૨૩. તઝકરત-ઉલ-હુકમા.
૨૪ તારીખે જેહાનઆરા.
૨૫ Casartelli's Philosophy of the Mazdayasnian Religion under the Sassanides.
૨૬ દીન બેહ માઝદયસ્ની.
૨૭ મી. કાપડયાની તવારીખે કદીમ ઈરાન
૨૮ મી. બ. બે. પટેલની ઈરાનની તવારીખ.
૨૯ મી. બે ભી. કાંગાની " "
૩૦ મી. અ. ડો. મુનશીની " "
૩૧ મી. મનસુખની " "
૩૨ ,, ,, શાહનામાં
૩૩ નાસેખ-ઉલ-તવારીખ.
૩૪ આઇને અકબરી.
૩૫ વજરકર્દ દીની.
૩૬ મિનોઈ એરદ.
૩૭ Secret Doctrine.

ગયોમર્દ નામું.

અવસ્તા—ગયેહે મરેતનો અષઓનો ફ્રવષીમ યજમઇદે.
યો પઓઈર્યો અહુરાઇ મજદાઈ.
મનસ્ચ ગીશ્ત સાંસ્નાઓસ્ચ.
યહમદ હચ ફ્રાત વેરે સદ.
નાફો અઇર્યનાંમ દખ્યુનામ.
ચીર્થેમ અઇર્યનાંમ દખ્યુનાંમ.—ફરવરદીન યશ્ત, ૫૦ ૮૭.

અર્થ—ગયોમર્દની ફ્રવષીને અમે વખાણીએ છીએ, જેણે અહુરના વીચારો તથા તેના, હુકમો પ્રથમ સાંભળયા હતા, જેનામાંથી તેણે આર્ય મુલકોની નસલ તથા આર્ય મુલકોનાં તોખમો ઉમન કર્યાં.

ચાલુ દોરની માણસજાતની ઓલાદના કાંઇક સામાન્ય વડવા તરીકે જુદાં જુદાં ધર્મજ પુસ્તકો અને તવારીખો જુદાં જુદાં નામો આપણી સન્મુખ રજુ કરે છે. આ નામો ગમે એવાં જુદાં હોવા છતાં તેનો ધરાવનાર કોઇ પણ એક પુરૂષ હોવો જોઇએ, કે જેને જુદાં જુદાં ધર્મ-પુસ્તકોમાં અને તવારીખોમાં જુદે જુદે નામે રજુ કરવામાં આવતો હોય, જરથોસ્તી ધર્મ-પુસ્તકો અને ઇરાંની તવારીખો આપણી સન્મુખ ચાલુ દોરની માણસ જાતની ઓલાદના વડવા તરીકે ગયોમર્દને રજુ કરે છે; તો જોકે દસાતીર, દબેસ્તાંન વગેરે કેતાબો ઉપરથી ખુલ્લું માલમ પડે છે કે, ગયોમર્દની પણ જમાનાઓ આગમજ જુદી જુદી ઓલાદો એકેક આગમજ હસ્તી ધરાવી ગયલી હોવી જોઇએ, કે જે ઓલાદોના વડવાઓ તરીકે મેહઆબાદ, જીઅફરાંમ, શાએકલીવ, યાસાંન વગેરે "પેગંબરો"ને રજુ કરવામાં આવે છે. પણ આ ઓલાદો અને જમાનાઓની તવારીખ માટે આપણી પાસે કોઇપણ રીતનું સંપુર્ણ વર્ણન ન હોવાથી, અને તે હોય તો જુદે જુદે ઠેકાણે કકડા બુકલાના આકારમાં વીખરાયલું, તથા સ્રષ્ટી પેદા થવાના નિયમને લગતા ભેદના પરદામાં વીંટળાયલું હોવાને લીધે, તેઓની સંપૂર્ણ અને સાધારણ સમજમાં ઉતરે એવી તવારીખ મેળવવી મુશ્કેલ છે. ગયોમર્દની આગમજના એ જમાનાઓની તવારીખ દુન્યામાં થઇ ગયલા મહાન અને અજાયબ ફેરફારોના ભેદ ભરમોના પરદામાં એવી તો રીતે વીંટળાયલી છે કે તે જમાનાઓ માટે કાંઇપણ જાણવા પહેલાં સ્રષ્ટી પેદા થવાનો નિયમ, તથા જગતની ઉત્પત્તી વગેરે બાબતોનું સંગીન ગ્નાન મેળવવાની પહેલી અગત્ય છે. આટલા માટે તેવા આગલા જમાનાઓ માટે કાંઇ પણ ન બોલતાં આપણે ગયોમર્દનીજ તવારીખ, કે જેને માટે હાલનાં મોજુદ તવારીખનાં પુસ્તકો તથા જરથોસ્તી ધર્મ-પુસ્તકો ઉપરથી થોડું ઘણું વર્ણન મલી શકે છે, તે સઘલાંનો કાંઇક અર્ક મેળવવાની કોશેષ કરીશું.

પણ ખુદ ગયોમર્દની તવારીખ પણ ગુંચવાડા વગરની હોય એમ માલમ પડતું નથી. ચોકસ તવારીખ લખનારના જણાવ્યા પ્રમાણે ગયોમર્દ નામના પુરૂષો બે થઇ ગયા છે, પણ તે બે પુરૂષો કયા તે આપણે જાણી શકતા નથી. જુદી જુદી તવારીખોમાં ગયોમર્દ માટે જે વર્ણન આપણને મળે છે, તે સાધારણ રીતે ઓળખાતા "પેશદાદયાન" તબકાના પહેલા પાદશાહ માટે છે. અને અતરે આપણે તેજ વર્ણનનો સાર મેળવવાની કોશેષ કરીશું.

હર કોઇ શખ્સની તવારીખનું વર્ણન આપતાં તે શખસના જન્મને લગતી બીનાથી શરૂઆત થવી જોઇએ; એ બીના ધ્યાનમાં રાખી આપણે

ગયોમર્દનો જન્મ

કયાં, કોણથી, અને કયારે થયો તે જોઇએ. અસલી ઇરાંની તવારીખની શરૂઆતનુ મુખ્ય સ્થળ સાધારણ રીતે "ઇરાંનવેજ"ને નામે ઓળખાય છે. પણ ગયોમર્દનો જન્મ કઇ ચોક્કસ જગ્યાએ યા કયા શેહરમાં થયો, તે કોઇ પણ તવારીખ નવેશ જણાવતો નથી. ગયોમર્દની માયનું નામ મુદ્દલ જણાતું નથી; પણ એના બાપનું નામ "નાસોખ-ઉલ-તવારીખ" મુજબ સામ કરી મળે છે. સર જોન માલકમ પોતાની કદીમ ઇરાનની તવારીખમાં "જીનત-ઉલ-તવારીખ"ના બનાવનારની સતાથી જણાવે છે કે ગયોમર્દ યાસાન આજામનો છોકરો હતો. આ બાબતને દસાતીર કેતાબથી ટેકો મળે છે. બીજા કેટલાક તવારીખ નવેશો મુજબ એજ ગ્રંથકાર (સર જોન માલકમ) ગયોમર્દને "નુહ" (Noah) પેગંબરનો નબીરો ગણે છે. પણ એ જુદી જુદી તવારીખોમાંની કઇ તવારીખે જણાવેલું નામ ખરૂં તે જાણવું મુશ્કેલ થઇ પડે છે. ચોક્કસ ગ્રંથકાર ઉપર જણાવેલાં "નાસોખ-ઉલ-તવારીખ"વાળાં સામ નામને વજનદાર ગણી તેના ટેકામાં એવી દલીલ લાવે છે કે, "ગયોમર્દના બાપનું નામ સામજ હોવું જોઇએ, કારણ કે એની ઓલાદી મધે યાસાન-આજામ નામ કોઇનું બી રાખવામાં આવયું નથી પણ જેહાં પહેલવાન કેરશાસ્પના બેટાનું નામ સામ રાખવામાં આવ્યું હતું. કેરશાસ્પે પોતાના બેટાનું નામ સામ પોતાના વડવા સામનાં નામ ઉપરથી રાખયું હોય."

"ખોરદાદ સાલનાં પહેલવી બ્યાન" ઉપરથી માલમ પડે છે કે, ગયોમર્દના જન્મનો દિવસ ફરવરદીન મહિનો અને ખોરદાદ રોજ યાને નોરોજે ખાસ એટલે ખોરદાદ સાલનો હતો.

પાદશાહ અકબરના વજીર અબુલ ફજલે લખેલાં જાણીતાં પુસ્તક "આઇને અકબરી"માં ગયોમર્દ માટે લખતાં જણાવે છે કેઃ—

"જયારે કયુમર્સનાં કાલબુત મધે ખોદાતાલાએ જીવ મુકયો ત્યારે સઘળા સેતારા ઉંચના હતા."

એ પાદશાહ કેટલાં વર્ષ આગમજ થઇ ગયો તે જાણવું મુશ્કેલ છે. કારણકે જયારે ખુદ હજરત અશો જરથુસ્ત્રનો સને હજી સુધી નક્કી થઇ શકયો નથી, ત્યારે તે અશો નરની સેંકડો બલ્કે હજારો વર્ષો આગમજ થઇ ગયલા એ પાદશાહનો સને નક્કી થઇ શકે એ માનવું કઢંગું છે. તે છતાં જુદા જુદા તવારીખ નવેશો એ પાદશાહના સને બાબે જે અટકળો કરી ગયા છે, તે અતરે ઉતારી લેવી અગતયની છે. "શારેસ્તાને ચેહાર ચમન" નામની વિદ્વતા ભરી કેતાબનો લખનાર કામેલ ઉસ્તાદ ફરજાને બેહરામ બીન ફરહાદ જુદી જુદી કેતાબો ઉપરથી તથા "આઇને અકબરી" ઉપરથી જે સને મુકરર કરે છે, તેની હાલ સુધીમાં ગણત્રી કરતાં જુદા જુદા મુસલમીન નજુમીઓ મુજબ ૫૯૫૧; ૭૫૩૬ અને ૭૫૧૮ તથા ચોક્કસ ખ્રીસ્તી નજુમીઓ મુજબ ૬૯૯૧ નો સને થાય છે.

ઉપલી સઘળી અટકળોનાં ખરાપણાં બાબે એક લખનાર નીચલી દલીલો લાવે છેઃ—

"યુરોપના નામાંકીત વીદ્વાનોએ ખીલા રોકી તખ્તીઓ ઉપરથી અને જુનાની તવારીખો ઉપરથી એક આખું હખામીશ પાદશાહોનું વંશ શોધી કાઢીને, પેગંબર સાહેબ અશો જરથોસ્તનો સને છેક આજથી ૪૦૦૦ વરસો ઉપર, તથા વળી બીજા કેટલાક વિદ્વાનો અટકળ ઉપરથી તેથી બી વધીને છેક સાત હજાર વરસ ઉપર લઇ જાય છે. હવે જો મજકુર તખ્તીઓનું ઉકલાણ ખરૂંજ હોય તો આપણે છ સાત હજારતો નહિં, પણ જો ચાંલીસસોજ વરસ

ઉપર આપણા જરથોસ્ત સાહેબનો જનમ ગણી, ઉપલા મુસલમાનોના તથા ક્રીસ્ચીઅનોના હીસાબની ગણત્રીમાં ૧૦૦૦ વરસજ ઉમેર્યે તો ગયોમર્દની પાદશાહતને આજ ૮૦૦૦ વરસ થવા જાય છે. અને એ અટકળ થોડી ઘણી આપણાં ધર્મ-પુસ્તકોને મળતી પણ આવે છે. કેટલીક કેતાબોમાં કયુમર્સ અને છેલા હજારાનું બ્યાન જણાવ્યું છે અને તેમાં લખે છે કે, ગયોમર્દથી તે કયામત થવાને ૯૦૦૦ વરસનો સુમાર જણાવ્યો છે. અને વળી કયામત વિષે બીજી અગમચેતી એવી જણાવી છે કે, "કયામતના છેલા હજારામાં "કાલાપોશ"ની પાદશાહત આખી દુન્યા ઉપર થશે, અને આખી દુન્યા તેવોને તાબે રહેશે. શાહ વરજાવંદ કે જે કેતાબોથી બેહરામશાહને નામે ઓળખાય છે, તે પેદા થશે, અને તેના વખતમાં પેગંબર હોશેદર પેદા થશે." એ ઉપરાંત તે વખતના બીજા કેટલાક મોજેજા બનશે તે બ્યાન પણ લખેલું છે. હવે એ સઘળાંમાં આપણે આટલું તો આપણી નજરે ચોક્કસ જોઇએ છીએ કે, કાલાપોશ યાને ક્રીસ્ચીઅન લોકોની પાદશાહતનો વીસ્તાર લગભગ ચોખંડ પૃથ્વી ઉપર થયો છે, અને બાકી કાંઈ રહ્યો હોય તો, તે થોડા વખતમાં તેઓનેજ હસ્ત થવો જોઇએ. એ ઉપરથી કાબેલ યુરોપયનોએ પેગંબર જરથોસ્તના સનેનો જે અટકલો કર્યો છે તે ઘણો ખરો દરોબસ્ત લાગે છે. અને તે ઉપરથી કયુમર્સના સનેને હમો આસરે ૮૦૦૦ વરસ ઉપર લઇ જઇએ છીએ, તે પણ ઉલટું ન ગણાશે."

"નામ-એ-ખુસ્રવાંનનો બનાવનાર ફતેહઅલી શાહનો છોકરો જલાલ પોતાની ન્નામીચી કેતાબના દીબાચા મધે લખે છે કે, "ગેલશાહથી તે યઝદજરદ શેહરયાર સુધી, ઝોહાક શીવાય, પાંચ તાયફાઓએ ૬૦૨૪ વરસ અને ૫ મહિના સુધી પાદશાહી કીધી." આ ઉપરથી ખુલ્લું જણાય છે કે હમારી અટકળ ખરી છે. કારણ કે ઉપલાં ૬૦૨૪ વરસમાં ૧૦૦૦ ઝોહાકી પાદશાહતનાં ગણ્યે તો ૭૦૨૪ થાય છે, અને તે મધે ૧૨૫૦ યઝદજરદની પાદશાહી જવા પછી અત્યાર સુધીનાં જો ઉમેરયે તો આસરે ૮૨૭૪ વરસ ગયોમર્દથી તે આજ દન તલકના થવા જાય છે."

ઉપલી સઘલી અટકળો અને દલીલો ઉપર વિચાર કરવાનું કામ વાંચનારનેજ સોંપી આપણે આગળ ચાલીશું. કારણ કે અસલ જમાનાઓની તવારીખ વીગેરે બાબે જે વરણન આપણી પાસે મોજુદ છે, તે ઉપરથી કાંઇ પણ નકી છેડા ઉપર આવવું બહુ મુશકેલ છે. એ બાબે શાહનામાંનો લખનાર જગત પ્રસીદ્ધ શાયર ફીરદોસી તુસી વટીક કહી જાય છે કેઃ—

"સુખન ગુઇ દેહકાંન ચે ગુઇયદ નખોસ્ત,
કે નામે બુઝુર્ગી બગીતી કે જુસ્ત ?
કે બુદ આંન કે દીહીમ બર સર નેહાદ ?
નદારેદ કસ અઝ રૂઝગારાંન બયાદ
મગર કઝ પેદર યાદ દારદ પેસર,
બે ગુઇયદ તોરા યક બયક અઝ પેદર.
કે નામે બુઝર્ગી કે આવર્દ પીશ?
કેરા બુદ ઝાંન બરતરાંન પાયે પીશ?
પઝુહંદએ નામેએ બાસ્તાન,
કે અઝ પહેલ્વાની ઝનદ દાસ્તાન.
ચનીન ગોફ્ત કે આઇને તખ્તો કોલાહ,
કયુમર્સ આવર્દ કુ બુદ શાહ."

માયન્ની:—

"સખુન બોલનાર દેહકાન કહે છે અવલ શું?
કે બુઝુર્ગીનું તાજ કોણે જગમાં સોધ્યું?
કોણ હતો તે જેણે પહેર્યુંતું તાજ?
નથી જેની જગમાં કોઇને યાદ આજ.
મગર બાપનું કહેલું પુતર રાખેછ યાદ,
કહેશે તુને તેઓ દર વંડવાની વાત.
કે કોણ લાવ્યું પ્રથમ બુઝુર્ગીને નામ?
કોણ પામ્યુંતું જ્યાદા માન ને દમામ?
કદીમ તવારીખના શોધના કરનાર,
જેઓ છે પહેલ્વાનોની દાસ્તાંન કહેનાર,
તેઓએ કહ્યું છે આ રીતનું બ્યાન,
(કે પાની આ દુન્યાના અસલી જમાન)
માંકયુમર્સ લાયો તખત ને કોલાહ,
તેજ હતો આગલા જમાનાનો શાહ."—("મનસુખ.")

ફીરદોસીનાં ઉપલા કહેવા મુજબ ફકત બાપ તરફથી બેટાને ગોયા વારસામાં મળતાં આવેલાં વર્ણન ઉપરજ ઘણા પુરાતન જમાનાની આપણી તવારીખનો મોટો આધાર રહેલો છે. આટલા માટે ગયોમર્દના સનેને લગતી અટકળો આપણે હાલ તુરત બાજુએ રાખી

ગયોમર્દનાં જુદાં જુદાં નામો તથા તેના અર્થ

જુદી જુદી કેતાબોમાં આપણુને કેવી રીતે મળે છે તે જોઇએ. દસાતીર કેતાબમાં એને ફરઝીસાર કરી કહયો છે, જેનો અર્થ મોટો, ઇન્સાફી કરી થાય છે. અવસ્તામાં એને ગય-મરતન એટલે "મરનારી કાયાવાળો આત્મા" કરી કહયો છે. પહેલ્વી લખનારાઓ એને ગય-મરથન અથવા ગયોમર્દને નામે, તથા ફારસી લખનારાઓ કયોમર્સ, કયુમર્ઝ, કયાંમર્સ, કયુમર્સ, ગેલશાહ, ગયોમર્દ વગેરે નામોથી ઓળખી ગયા છે. "શારેસ્તાને ચેહાર ચમન"નો લખનાર ફરજાંને બેહરાંમ પેશદાદ પાદશાહ હોશંગની બનાવેલી ઓરંદ નામે નામની કેતાબ ઉપરથી એ નામોના અર્થ નીચે મુજબ કરે છે:—

કયોમર્સ—બોલતું હેવાંન;
કયોમર્સ—પહેલો સબબ;
કયોમર્સ—અકલ તથા રવાંનના મરતબાનો સાહેબ;
કયાંમર્સ—અકલનો બેટો;
કયુમર્સ—જીવ તથા તનનો સાહેબ.

"નાસેખ-ઉલ-તવારીખ"નો લખનાર કયુમર્સનો અર્થ બોલતી વાચા તથા કયુમર્ઝનો અર્થ જમીનનો પાદશાહ એ મુજબ કરી ગયો છે.

દીનકર્દ, દબેસ્તાંન, દસાતીર, તથા જામાસ્પી કેતાબના લખનારાઓએ ગેલશાહ નામ લઇ તેનો અર્થ દુન્યાનો પાદશાહ કરી લીધો છે. કેટલાક લખનારાઓ ગયોમર્દને "ઓહ્માએ નઅત"ને નામે ઓળખી ગયા છે. દીનકર્દના લખનારાઓ ગયોમર્દને "અવીજે ગબના" યાને ખાલેસ-અશોમર્દ તથા કયાંન એટલે શાહનશાહના બેતાબોથી ઓળખી ગયા છે. તઝકરત-ઉલ હુકમાનો લખનાર જણાવે છે કે, ગયોમર્દને આરબ લોકો હજરત ઇદરીસ પેગંબરના નામથી

ઓળખે છે.* ખેસ્તાબ કેતાબનો લખનાર દસ્તુર હજરત આઝર કયવાનનો શાગેર્દ મોબેદ સરોશ ગયોમર્દને "વિદ્યા અને જ્ઞાનથી શોભીતા પેગંબર"નો એલકાબ આપી જાય છે.

ગયોમર્દનો ચેહરો

તથા કદ કેવાં હતાં તે બાબે જણાવતાં "આઇને અકબરી"નો લખનાર અબુલ-ફજલ કહે છે કેઃ—

"એ નેક મરદનો ચેહરો ઘઉંના રંગનો એટલે સાંમરો હતો. તેનું મોં ઘણું જેબદાર અને ખુબસુરત હતું. એનું કદ ઉંચું હતું. એના કદને માટે કેટલાકો જુદી જુદી વાતો લખે છે; પણ ઘણા બુઝર્ગો એમ કહી ગયા છે કે, એનું કદ ૬૦ ગજનું હતું. અને જાતે ઘણો કદાવર હતો.†

"તઝકરત-ઉલ-હુકમા"નો લખનાર મીરઝાં તાહેરી વહીદ જણાવે છે કેઃ—

"એ પેગંબર ઘઉંના રંગનો, સરખાં કદનો, કોશાદે ભંવાંનો, ખુબસુરત, ભરેલી દાઢીનો, તથા બરાબર સાંધાનો હતો, અને પહોળી છાતી, મોટાં હાડકાં, કમ ગોસ્ત, રોશન આંખ તથા કાળા પાંપણ રાખતો હતો."

જગત પ્રસીધ્ધ શાએર ફીરદોસી તુસી નીચલા સુખનોમાં ગયોમર્દના ચેહરાનું વર્ણન આપે છેઃ—

"હમી તાફ્તે અઝ તખ્તે શાહનશેહી,
ચું માહે દો હફ્તેહ અઝ સરવે સહી."

યાને, "જેમ એક સીધાં સરવનાં ઝાડનાં ગયાલઃ ઉપર પુનમનો ચાંદ દીપક મારે, તેજ મીસાલેની દીપક, ગયોમર્દના ચેહરા ઉપરથી, જ્યારે તે તખ્ત ઉપર બેસતો હતો, ત્યારે નીકલતી હતી."

ગયોમર્દની પેગંબરી તથા માણસજાત ઉપર તેની સરદારી.

આપણે આગલ જોઇ ગયા તેમ દસાતીર, દબેસ્તાંન વગેરે કેતાબો ઉપરથી આપણને ખુલાસો મલે છે કે ગયોમર્દની આગમજ પણ ઘણાએક પાદશાહ તથા પેગંબરો થઇ ગયા છે. તે છતાં ગયોમર્દ ચાલુ દોરની માણસોની ઓલાદના સરદાર તરીકે કેમ ગણાય છે, તેનો ખુલાસો દસાતીર કેતાબમાં "નામે સત વખ્સુરે ગેલશાહ" ઉપર પાંચમા સાસાને કીધેલી શરેહ ઉપરથી આપણને મળી શકે છે. એ શરેહમાં જણાવ્યું છે કેઃ—

"કહે છે કે પાદશાહોએ પાદશાહી તજી ગોશેનશીન યાને પહાડની ખીણમાં એકાંત બેસનાર થવાથી દુન્યાના લોકોની બુરી સ્થીતી થઇ હતી. માણસો બુરી ખસલત પકડવે જબરદસ્ત લોકો નબલાઓને મારી નાખતાં હતાં. તે એટલાં સુધી કે માણસાઇપણું તેઓમાંથી સદંતર નાશ થયું હતું, અને એક ફાડી ખાનાર જાનવરની માફક તેઓની હાલત થઇ હતી ત્યારે યજદાંને જીઅફરામ, શાએકલીવ, યાસાન વગેરેને પેગંબરી તથા પાદશાહી કરવા મોકલ્યા. તેમજ જ્યારે મોટા પેગંબર યાસાન આજામે પોતાની પેગંબરી અથવા પાદશાહી

---

* દસાતીર કેતાબનો ગુજરાતી તરજુમો કરનાર મરહુમ મી૦ પાલનજી જીવનજી લીમજીભાઇ હાંટરીયા જણાવે છે કે, શાહનશાહ હુશંગને આરબ લોકો ઇદરીસ પેગંબર તરીકે ઓળખે છે. પણ એ બેમાંથી ખરૂં કોણ તે કહી શકાતું નથી.

† ગયોમર્દનાં કદ માટેની એ બીના સાધારણ વાંચનારાઓને સહરાબાત ભરેલી લાગશે. પણ "Marvellous Wonders of the Whole World" નામનાં પુસ્તક ઉપરથી તથા યજદજરદી સને ૧૨૬૩ નાં "ઝોરાસ્ત્રીયન કેલેંડર"માં આવેલા "ઇવોલ્યુશન" ઉપરના રેસાલા ઉપરથી એનો લંબાણ ખુલાસો આપણને મળી શકે છે.

તજી. ત્યારે પણ તેજ પ્રમાણે દુન્યાનાં લોકો બુરી અવસ્થામાં આવી પડયાં, અને પુરાતન પાદશાહોએ મેળવેલી ચીજો તારાજ કરી નાખીને ફરી ઇન્સાન્યત છોડી જંગલી જાનવરોની માફક પહાડો અને જંગલોમાં રખડવા લાગ્યાં; તથા દરેક શેહર, ઘર, અને મહોલ્લાઓને બરબાદ કરી જંગલ બરોબર બનાવ્યા, ત્યારે ખોદાતાલા કે જે નેકીનો બક્ષનાર અને ભલાઇનો સાહેબ છે, તેણે યાસાન આજામના બેટા ફરજીનસાર યાને ગેલશાહને પેગંબરી બક્ષીને મનુષ્યોમાં જાહેર કીધો. જેથી તે મુબારક પેગંબર આદમીઓને ભલાઇના રસ્તા ઉપર ચલાવવા લાગ્યો. જેમ એક પીતા પોતાના બેટાની પરવરશી કરી ભલો માર્ગ બતાવી ધર્મ અને હુન્નર શીખવે છે, તેમ તે સાહેબે આદમીઓનાં ટોળાંઓની પરવરશી કરી, મનુષ્યરીતી શીખવી અને તેઓનાં બુંડાં કરતુકો તજાવી ભલા માર્ગપર ચલાવવા લાગ્યો. **તેથી તેને આદમીઓનો બાપ કરી કહેવા લાગ્યાં.** જે ટોળાઓના લોકો તે સાહેબની કોશેશથી ભલા માર્ગ અને સાચા ધર્મની તરફ નહીં આવ્યા, તેઓને તેઓની તુંદબારી યાને બુરી ચાલચલણને લીધે દેવ કહેવા લાગ્યાં."

ઉપલા ખુલાસા સાથે બીજી કેટલીક કેતાબોનાં વર્ણનને સરખાવતાં માલમ પડે છે કે ગયોમર્દે, પોતાના જન્મ પછીનાં ૩૬૦ કરતાં વધુ વરસ પહાડોની ગુફાઓમાં તે કીરતારની બંદગીમાં ગુજાર્યાં હતાં;

'આ ૩૦૦ વરસ ગયોમર્દે બંદગીમાં કેવી રીતે ગુજાર્યાં તે માટે જણાવવામાં આવે છે કે, "જયારે ગયોમર્દે એલ્મ શીખી દાનાઈને પુર હાંસલ કીધી, ત્યારે તે પોતે કોણ છે તે પીછાનવાની તેનામાં શક્તી પેદા થઇ એટલે તેણે પોતાનાં રૂહની પીછાનત કીધી. તેથી તે પોતાના ન્યાગાનોના કાનુન મુજબ સર્વે જગતને પેદા કરનાર ખોદાતાલાની બંદગી કરવામાં મસગુલ થયો. તેણે સરનદીપ નામના પહાડ ઉપર જઇ પોતાનો વાસો કીધો, અને તે જગો ઉપર એકાંત બંદગી શરૂ કીધી."

એ મહાન નરની બંદગી કરવાની તરતીબ માટે શારેસ્તાને ચેહાર ચમનનો લખનાર નેહાદે મોબેદી નામની કેતાબના લખનારની સત્તાથી જણાવે છે કે:—

"હજરત કયુમર્સે એકસો વર્ષ સુધી ઉભો રહીને બંદગી કીધી. જયારે ઉભા રહેવાની તાકાત નહીં રહી, ત્યારે તેણે નાચારીથી દોજાનું બેસીને (યાને અદબથી પગ પછવાડે રાખીને) ૧૦૦ વરસ સુધી બંદગી કીધી. જયારે બીજાં ૧૦૦ વર્ષ પુરાં થયાં ત્યારે ગુઠણનું ગોસ્ત ઘસાઇને જાડું થવા લાગ્યું. આથી લાચારીએ દોજાનું બેઠક કાઢી નાખી, પોતાનું સર સેજદા તરીકે જમીન ઉપર મુકીને બીજાં ૧૦૦ વરસ સુધી બંદગી કીધી અને તે સાથે ગીનતજારીથી એ અશો નર પોકારતો હતો કે,—"ઓ પાક પરવરદેગાર! હું તારી નજદીક એમ નથી કહેતો કે, મેં તારી બંદગી ઘણાં વરષ સુધી કીધી, અને તારી દીન ઉપર ચાલ્યો; બલ્કે હું તો તારો એક ગુમરાહ બંદો છું; કે હમણાંજ મેં તારી રાહ તરફ મોં કીધું છે,(યાને તારી રાહને મેં હમણાંજ પીછાની છે.)"—એવી રીતે ગયોમર્દ જારી અને પોકારથી બંદગી કરતો હતો. જયારે ૩૦૦ વરસની મુદત બંદગીમાં ગુજારી, ત્યારે પાક યજદાનાં હુકમથી પહાડના એક ગોફાની જગ્યા એખત્યાર કરીને તે જગ્યામાં પાછી બંદગી શરૂ કીધી. ત્યાર પછી તમામ ગેબી યાને મિનોઇ આલમનો ભેદ તેને જાહેર થયો, અને પોતાની જાહેર આંખથી ગેબી ચીજ જોવા લાગ્યો."

ત્યાર પછી દુન્યામાં માણસજાત ઉપર કોઇક લાયક સરદારની અગત્ય જણાવાથી ખોદાતાલાએ ગયોમર્દને પેગંબરી આપી આદમી જાત ઉપર સરદારી બક્ષી હતી. એ માટે દસાતીરમાં આપણને નીચલા ફકરા મલે છે:—

"ઓ યાસાન આજામના છોકરા ફરઝીસાર યાને કયુમર્સ! જયારે **યાસાનીઓની**

પાદશાહીનાં નવાણું સહાઝ યાને નવાણું લાખ વર્ષ પુરાં થયાં, ત્યારે આદમીઓ બદકાર થયાને લીધે યાસાન આજામે લોકોમાંથી કીનારો પકડયો."

"હાલે આદમીઓ કોઇ ધણી અને સરદાર વગર વીખરાતમાં પડયા છે. જેમકે શાએ મેહબુલ, જીઆલાદ, અને આબાદ આરાદના છેલા વખતમાં ખુરાં અને તુંદબાર યાને ઈજા દેનારાં જાનવરો થયાં હતાં, તે મીસાલનાં હાલે પણ થયાં છે."

"મેં તું (કયુમર્સ)ને પેગંબરી તથા પાદશાહીને માટે પસંદ કીધો. હાલે પેગંબરોના પેગંબર મોટા આબાદના ધર્મને તું જીવતો કર." *

આ મુજબ ગયોમર્દ ખોદાઇ નામું મેળવનાર "ખોદાનો પસંદ કીધેલો પેગંબર" હતો. તઝકરત-ઉલ-હુકમાનો લખનાર જણાવે છે કેઃ—

"પ્રથમ લોકોને તાલીમ તથા સબક એણે આપ્યો, અને તેઓએ એલ્મ, હીકમત તથા મજહબ એથી હાંસલ કર્યો. એ પેગંબર ઉપર ખોદાતાલાને ત્યાંથી ૩૦ કેતાબો ઉતરી હતી."

ગયોમર્દનો મજહબ તથા એની રીતભાતો.

ગયોમર્દનો મજહબ મજદયસ્ન યાને યજદાંપરસ્તી હતો. એ ધર્મ પઓઇર્યોતકેષને નામે પણ ઓળખાતો હતો. પહેલ્વી લખનારાઓ એ ધર્મને રવીનદાદ તથા પેશદાદનાં નામ હેઠલ ઓલખી ગયા છે, અને ફારશી લખનારાઓ પણ એ ધર્મને પેશદાદ નામથીજ ઓલખે છે. ગયોમર્દની બંદગીના કલામ માંથ્ર વાણીના તથા એની બોલવાની ભાષા અવસ્તાઇ હતી. એનો મજહબ એક ખોદાને માનવાનો ધર્મ (Monotheism) હતો, યાને અસલી ઇરાંનીઓ ઘણાજ પુરાતન જમાનાથી એકજ ખોદાની હસ્તી સ્વીકારતા હતા, એ બાબત ખેસ્તાબ કેતાબમાં મોબેદ સરોશે આપેલાં નીચલાં વર્ણન ઉપરથી સાબેત થાય છે. એ દાનાવ મોબેદ જણાવે છે કે, ખોદાની એકતાઇ વીષે ગયોમર્દના વીચારો નીચે પ્રમાણે હતાઃ—

"અગર બે વાજેબ-ઉલ-વજુદ મોજુદ હોય, ત્યારે તો તેમાંનો એક જે કાંઇ કરે, તેના વીરૂદ્ધમાં બીજો તેનું ઉલટું કરે, અને જયારે એમજ હોય ત્યારે તો કોઇ મુમકેન યાને પેદાયશ તદન પેદા થઇ શકેજ નહીં, માટે વાજેબ-ઉલ-વજુદ† એકજ છે, બે નથી."

"દીનકર્દ" કેતાબમાં જણાવ્યા પ્રમાણે ગયોમર્દનો તરીકો તેજ જરથુસ્ત્રનો મજહબ અને જરથુસ્ત્રનો મજહબ તેજ ગયોમર્દનો તરીકો હતો; અને એવી દીનને લીધે તે સવાબનાં કામો કરી ગુનાહથી મોકળો હતો.

એની ખસલતો ઘણી નેક હતી. એની પરહેઝગારીનાં બળથી એ તમામ ગેબી ચીજોને પોતાની આંખે જોઇ શકતો હતો. એની નજદીક ફરેસ્તાઓની આવજા હતી, અને તેથી કરીને, તથા તેઓના ફરમાવ્યા મુજબ ચાલવાથી એ પેગંબરી દરજજે પહોંચ્યો હતો.

"તઝકરત-ઉલ-હુકમા"નો લખનાર જણાવે છે કેઃ—

"એ લોકોને યજદાં પરસ્તીની તરફ બોલાવતો હતો...... ઘણો ખરો ચુપકીદો બેસી રહેતો, સખુન નરમી અને વીચારથી બોલતો, અને રસ્તે ચાલતાં આંખ જમીન ઉપર રાખતો હતો."

---

* દસાતીર, નામે સત વખ્શુરે ગેલશાહ, વરશીમ ૧ લી, ફકરા ૪-૫-૬.

† "વાજેબ-ઉલ-વજુદ,=વિદ્દવાન તથા મનતક વિદ્દયા જાણુનારા લોકોની ઈસતેલાહમાં ખોદાતાલાને કહે છે, કે જેની હસ્તી તથા વજુદ વાજેબ છે, યાને તેની હસ્તી જરૂર જોઈએ; જો તે છે તો સઘળી પેદાયશ છે. માટે ખોદાતાલાને વાજેબ-ઉલ-વજુદ કરી કહે છે."-(**મોબેદ ડો૦ શો૦ મુનશી.**)

યજદી નુરના અને દાદ ઇન્સાફના જહુલકારે કરી જુઠાઇથી દુર અને જુલમથી અલગ હતો. એ નેકીનાંજ કામો કરનાર હતો, અને આદમીઓનાં દિલને બક્ષેસ કરવાથી ખુશાલ અને પાક કીધાં હતાં.

"બંદગી કરવી, કમ ખાવું, કમ સુવું, ખેર ખેરાત કરવી, જઇફ લોકોને મદદ કરવી, દસ્તાનથી ગોસલ કરવું, એ સઘળી બાબતોનો હુકમ કરતો હતો......મસ્તીની ચીજ તથા હરેક જાતની કેફને એણે હરામ કરી હતી."*

હંમેશાં દુશમની કરવાથી દુર રહેતો હતો; અને પરદુ:ખભંજન હતો. આફત તથા દુખ સોસવાની આદત તેણે મજબુત રાખી હતી. ગમગીનોની ગમખારી કરતો હતો. આજાર તથા દુ:ખીઓની માવજત કરતો હતો. ભુખ્યાં અને તરસ્યાં લોકોની દાદખાહી કરતો હતો. જુલમમાં ગેરફતાર થયલાંઓને જાલમ લોકોથી છોડવતો હતો.

ગયોમર્દની ઇન્સાફી રાજનીતિ.

પાદશાહ ગયોમર્દનો ઇન્સાફ ઘણો અદલ હતો. એણે દેત અને રાક્ષસો જેવા જુલમગાર લોકોને ઇન્સાફની રાહે સજા કરી ટાળયા હતા. ઇન્સાફને માટે કાયદાઓ બાંધ્યા હતા, અને ખુબી સાથે ઇન્સાફ કરતો હતો. કોઇને પણ સજા કરવામાં ઉતાવળો થતો ન હતો. અકલમંદ તથા બુઢા લોકોની સાથે મસલહત કરતો હતો. ખેતીબાનોની હાલતથી હંમેશાં વાકેફ રહેતો, અને તેઓ તરફ હંમેશાં રહેમ નજર રાખતો. ઇન્સાફ તથા દાદની શરૂઆત એનેથી થયલી હોવાને લીધે એને પેશદાદયાન ટોળાના વડા અને સ્થાપનાર તરીકે ગણવામાં આવે છે. અને એના ઇન્સાફનેજ લીધે એનાં વંશને પેશદાદયાન વંશનું નામ આપવામાં આવ્યું છે.

એને માટે એવું કહેવાય છે કે એણે દમાવંદ, ઇસ્તખર યાને પરસી પોલીસ તથા બલ્ખ નામનાં ત્રણ શહેરો વસાવ્યાં હતાં.

ગયોમર્દના વખતથી શરૂ થયલાં જશનો વગેરે.

તજકરત–ઉલ–હુકમાનો લખનાર જણાવે છે કે:—

"ફીરકાના લોકોને વાસ્તે નોરોજ તથા જશન એણે મુકરર કીધાં હતાં. જ્યારે આફતાબ હરેક રાશીમાં આવતો, અને જ્યારે નવો મહાતાબ જોતો, યા જ્યારે સેતારાઓનું કેરાન થતું, યા જ્યારે સેતારા એક ઘરનાં થતા, યા કોઇ સેતારો ઉંચનો થતો, તે વખતે જશન કરતો, અને તેવે દહાડે સદકો આપવાનો હુકમ કરતો હતો. સદકામાં ઘંઉ, જવ તથા દરાખ ફકીરોને આપતો હતો."

સરોશ યજદના ફરમાવ્યાથી કયાંન એટલે ગયોમર્દે કદીમ જશનોનાં સરવેથી બરતર કામો જારી કરયાં હતાં. જેવાં કે, નોરોજે આમ, નોરોજે ખાસ, મેહરંગાન, વરસના ૬ ગાહંબાર, પાંચે વખતની ફરજયાતો, ફ્રવરદેગાંન, તથા બારે મહિનાનાં બાર જશનો, વગેરે, ખોદાતાલાની બંદગીનો કમરબંદ કુસ્તી કમર ઉપર રાખવી, બારે મહિનાનાં, ત્રીસે રોજનાં, અને પાંચ ગાથાનાં નામો વગેરે, અકદ યાને નેકાનો ગાંઠ, દસ્તાનની પરહેજ, ગુજરેલાંની લાસને દોખમાં મધે મુકવી, તથા બાજો, નીરંગો વગેરેને લગતી ક્રીયાઓ તથા રીતભાતો એનાથી શરૂ થયલી જણાવવામાં આવે છે.

મીરઝાં તાહરી વહીદ જણાવે છે કે ગયોમર્દ "એક અંગુઠી હરરોજ આંગળીમાં રાખતો હતો, તે ઉપર નકશ એ રીતે ખોદેલો હતો કે, 'જશનની ખુશહાલી સારાં કામથી તથા નેક અમલ કીધાથી છે.' એક પટકો કમર ઉપર બાંધતો હતો, તે ઉપર નકશ એ રીતે હતો કે, 'આકેબતની તરફ નજર કરવી તે જીવની તથા બદનની સલામતી છે.'

---

* તજકરત–ઉલ–હુકમા.

બીજા એક લખનારના જણાવ્યા મુજબ ગયોમર્દ પાસે એક બીજી વીટી હતી, જેની ઉપર એવો નકશ હતો કે, "સબુરી છે તે મારૂં ફરમાન છે."

ગયોમર્દના મોઅજેજા.

ગયોમર્દે ઘણાએક મોઅજેજા કીધેલા કહેવાય છે. એવું કહેવાય છે કે, એ સઘળાં ચરંદાં તથા પરંદાંઓની બોલી જાણતો હતો, અને તેઓ સાથે વાતચીત કરી શકતો હતો,* આ કારણને લીધે તમામ જાનવરો એના તાબામાં હતાં.

શાહનામાંનો લખનાર શાયર ફીરદોસી તુસી કહી જાય છે કે:—

"દદો દામ હર જાનવર કશ બેદીદ,
જે ગીતી બ નજદીકે ઉ આરમીદ.
દોતા મીશુદંદી બરે તખ્તે ઉ,
અજાંન ૫રરએ બર સુદેહ બખ્તે ઉ.
બરૂ હમ નેમાજ આમદંદીશ પીશ,
અજાંન જાયગેહ બર ગેરપ્તન્દ કીશ."
યાને,
પાળેલાં ને જંગલી કુલ જાનવર તમામ,-
ની પડતી ગયોમર્દ પર જેવી નજર,
તેવાંજ તે દોડીને તખ્ત સન્મુખ,
આવીને નમાવતાં પોતાના સર.
નમતાં તે જાનવરી સરો તમામ-
થી વધતા તે પાદશાહનાં બખત-ઇમામ.
જંગલી જાનવરોબી પાદશાહની પાસ,
આવીને શીખતાં ધરમને નેમાજ.

"કયાંન."

દસાતીર કેતાબ ઉપરથી માલમ પડે છે કે અસલી સાલેક પાદશાહો પોતાની સ્તુતીના ચોક્કસ સેતારા યા ફરેસ્તા મુકરર રાખતા હતા. અને તેની આરાધના ખસુસન કરતા હતા. ગયોમર્દ કે જેને દીનકર્દમાં કયાંન નામથી ઓળખવામાં આવે છે, તેણે પોતા માટે કયાંન એટલે શનીશ્ચર સેતારો મુકરર રાખ્યો હતો, અને તેની આરાધના કરતો હતો એવું દસાતીર કેતાબ ઉપરથી આપણને માલમ પડે છે. એણે કીધેલી આરાધનાના વાકયો, ખગોળ વિદ્યા તથા કુદરતને લગતા બીજા ભેદોને લગતી સચાઇની બાબતો ખુલી કરે છે.

ગયોમર્દનો બેટો.

તવારીખો ઉપરથી માલમ પડે છે કે ગયોમર્દને એક સ્યામક નામનો બેટો હતો, જે પોતાના પેદરની હૈયાતીમાંજ "દેવો"ને † હાથે માર્યો ગયો હતો. દસાતીર કેતાબમાં જણાવ્યા પ્રમાણે એ બેટા ઉપર પણ ખોદાઇ નામું ઉતરયું હતું. એ સ્યામકનો હુશંગ નામે એક બેટો

---

* સાધારણ વાંચનારને ઉપલી વાત અજાએબ ભરેલી લાગશે, એનો વધુ ખુલાસો દબેસ્તાન કેતાબમાં દસ્તુર હજરત આઝરકયવાન અને તેવણના શાગેર્દોને લગતી વાત ઉપરથી માલમ પડશે.

† એ શબ્દની સમજ માટે સને ૧૨૬૩ યજદજરદીનાં સાલનાં ઝોરાસ્ટ્રીઅન કલેંડરમાં આવેલો "ઇવોલ્યુશન" બાબેનો રેસાલો જુઓ.

હતો, તેણે ગયોમર્દની હૈયાતીમાંજ પોતાના બાપ (સ્યામક)નું વેર 'દેવો' ઉપર લીધું હતું. ગયોમર્દનાં મરણ બાદ તેનો પૌત્ર હોશંગ પાદશાહ થયો હતો.

ગયોમર્દનું મરણ.

"આઇને અકબરી"નો કર્તા જણાવે છે કે, "કયુમર્સ પોતાના ગુજરવાની વખત અગાઉ એકવીસ દીન સુધી બીમાર પડયો હતો, ત્યાર પછી તે ગુજરી ગયો હતો. એના ગુજરવાનું મકાન હીંદુસ્થાનમાં સરનદીપ પહાડ ઉપર છે, અને એને દાખમવાસી પણ ત્યાંજ કર્યો છે, એ મજકુર પહાડને હાલના લોકો કદમગાહે આદમને નામે ઓળખે છે."

બીજા એક લખનારની સાહદત મુજબ એણે પોતાની જીંદગીનો ઘણો ખરો વખત હમાવંદ તથા ઇસ્તખર (પરસી પોલીસ) નામનાં પોતે સ્થાપેલાં શહેરોમાં ગુજાર્યો હતો, અને ગુજરવાની છેલી ઘડીએ બલ્ખમાં વાસો કીધેલો હતો.

અવસ્તાઇ કેતાબોમાં પાદશાહ-પેગંબર ગયોમર્દ માટે મળતી બીના.

ગયોમર્દ નીમ માટે ઇરાનની તવારીખોમાં મળતું વર્ણન વાંચ્યા પછી અવસ્તાઈ કેતાબોમાં એ નામ માટે મળતાં વર્ણન તરફ નજર કરતાં તુરતજ ગુંચવાડો ઉભો થાય છે. ઇરાનની તવારીખ ઉપર લખાયલાં લગભગ સઘલાં પુસ્તકો ગયોમર્દ માટે એકસરખું વર્ણન આપે છે, પણ અવસ્તાઈ કેતાબોમાં જે વર્ણન એ નર માટે મળે છે, તે તવારીખના વર્ણનથી ઉપર ટપકેથી જોતાંજ તદન જુદું પડે છે. "હુખ મજદયસ્ન નામ"માં ઇરાનની તવારીખ લખનારને ગયોમર્દ નામના પુરૂષો બે થઈ ગયા છે, એવાં અનુમાન ઉપર આવવાને કદાચ આજ કારણ મળયું હોય. અવસ્તા જબાનમાં લખાયલાં પુસ્તકો, જેવાં કે યજસ્ને, વંદીદાદ, વીસ્પરદ, ખોરદેહ અવસ્તા વગેરેમાં કોઈ કોઇ ઠેકાણે ગયોમર્દની ફ્રવષીની આરાધના વગેરે શીવાય કાંઇ બીજું લંબાણ વર્ણન મળી શકતું નથી. ફ્રવરદીન યશ્તમાં જણાવ્યા મુજબ એણે અહુરમજદના હુકમો પ્રથમ સાંભળયા હતા; અર્થાત, ગયોમર્દ એક પેગંબર હતો.

પેહલ્વી કેતાબો તરફ જતાં બુનદેશ વગેરેમાંથી ગયોમર્દ માટે કાંઈક વર્ણન મળે છે. અને આજ વર્ણન તવારીખનાં વર્ણનથી જુદું પડે છે. અત્રે બુનદેહશ કેતાબના મી૦ પેશુતન બીનં રૂસ્તમે કરેલા ગુજરાતી તરજુમા ઉપરથી ગયોમર્દ માટેનું વર્ણન એમનું એમ ઉતારી લઇશું:—

"જીઆરે 'ગ્વાવીએકદાદ ગાય' ગુજરી, તીઆરે તેની જમણી બાજુની તરફથી પરથમ 'ગયોમર્દ' પેદા થયા, ઇઆને 'દાદાર અહુરમઝદે' સેતાબ 'ગયોમર્દ'ને પેદા કીધો; અને જેમ એક 'ઇઅથાઅહુવેરીઓ' પઢે તેટલા વારમાં પેદા કીધો. જેવો પેદા થયો, તેજ વખતે જાણે (૧૫) વરસનો જુવાંન મરદ, ઘણો ઝળકાટનો રાખનાર ખુબસુરત સફેદ અને રોશન માહતાબનાં નુરની મીશાલ ચમકતો હોય, એમ ઉભો હતો. અને સરનદીપ પહાડની નજદીક દાએતીરોદ નામનો ચશમો હતો, તે પાહાડ ઉપર ઉભો રહયો, અને તે પાહાડ ઉપર (૩૦૦૦) તરણ હજાર વરસમાં (૩૦) વરસ બાકી રહયા, તીઆં તલક ઉભા રહીને બંદગી કીધી. નહી ખાવું, તથા નહી પીવું. તથા નહી જબઇ તથા ખુધાપો, કંઇજ નહી હતું; ફરેશતાની મીશાલે ઉભા રહીને બંદગી કરતા હતા. અને તે ગયોમર્દ જેવો પેદા થયો, તેજ વખતે જમીનપર જોયું, તો જાણે જમીન અંધારી રાતની મીશાલ દીઠી. તે જગા ઉપર નાપાક 'અહેરેમને' અઝદા, તથા વીછુ, તથા દેડકા, તથા કાચબા, તથા વાઘ, વરૂ તથા બીજાં ભાત ભાતનાં ચતકાનાં મારનારાં, તથા દસનારા ખરવસતરો જમીન ઉપર નાખેલા હતા, તેને કરીને તમામ જેહાંન અંધારી રાતની મીશાલે હતી. એ નાપાક 'અહેરેમને' એટલા વાસ્તે જમીન ઉપર ખરવસતરો નાખીઆ હતા કે, જમીન ઉપર 'દાદાર અહુરમઝદ'ની પેદાએશ નહી રહી શકે.

જીઆરે ગયોમર્દ પેદા થયો તીઆરે 'અહેરેમને' ઘણો શખત ઉનાળો આતસની મીશાલે બરનારો જમીન ઉપર નાખીયો, કે જમીન ઉપર આદમીઓ નહી રહી શકે. અને નાપાક 'અહેરેમને' એ જમીનપર વાતપારા, ચોર, હેવા દેવો આએ જેહાંનમાં ગયોમર્દની ઉપર નાંખીયા, તે દેવોનાં નામ, આઝ નામનો દેવ, જેને હીનદીમાં લોભ નામનો દેવ કહે છે, તથા દરદ નામનો દેવ, તથા ફેશાદ નામનો દેવ, તથા જેહેમત નામનો દેવ, તથા શેહેવત નામનો દેવ, તથા બુશાશપ નામનો દેવને.નાપાક 'ગનામીનો અહેરેમને' 'ગયોમર્દ' ને આજાર પોહોંચાડવાને વાસતે અને બંદગીથી પાછો રાખવાને વાસતે, અને એને મારવાને વાસતે, અને એને એવી જીઆન પોહોંચાડવાને વાસતે એવા દેવોને નાંખીયા હતા. તોપણ ગયોમર્દ બંદગીથી પાછો હતીયો નહીં. વળી ફરતા આસમાંન વચે, અને ખોરશેદ અને માહાતાબ અને સેતારાઓ ચાલતા હતા, તેનાં દરમીઆંનમાં ગયોમર્દ સરંન દીપમાં પાહાડ ઉપર ઉભા રહીને એજદાંની બંદગી કરતા હતા. તે બંદગીના જોરથી માંજંન ફરાંનનાં દેવો તથા અવાખતરની તરફનાં દેવોની ઉપર ઘણો શખત માર પડતો હતો. તે મારના સબબથી 'અહેરેમને' ઝુંડું વમાંસીયું; અને દેવોને હુકમ કીધો કે, 'દાદાર અહુરમઝદ' ની તમામ પેદાએશને ખરાબ કરો, અને 'ગયોમર્દ' ને મારો. અને 'આશતોકનાહાડ' નામની નદી ઉપર (૧૦૦૦) એક હજાર દેવો મોરગને કાલબુદે, ઇઆને પરંદાંની સુરતે, 'ગયોમર્દ' ની ઉપર જીઆદેહે નાંખીઆ, તીઆરે પોતે 'ગયોમર્દ' બંદગી કરતો ચરંદા પરંદાંનાં લશકર, કે જેઓ દેવો હતા, તેઓની સાથે લડીઓ, અને તે નાપાકનાં લશકરને પાછું હટાવીઉં; અને પોતે નેક બખત (૩૦૦૦) તરણ હજાર વરસ તલક 'કોહે સરનદીપ' નામની પાહાડ ઉપર ઉભા રહીને 'દાદાર અહુરમઝદ' ની બંદગી કીધી. તે નેકબખતને ખાવું, તથા પીવું કંઇજ નહી હતું, ફરેસતા સેફત હતો. પણ તે નેકબખત જેહાંનનો બાંપ આએ વખતે તલક જીવી નહીં શકીઓ, અને નેકી સાથે જીવવાનો એલાજ નહીં પાંમીઓ.

જીઆરે તરણ હજાર વરસમાં (૩૦) વરસ બાકી રહયાં, તીઆરે 'અહેરેમન' ની પુરી જીઆંન પોહોંચવી દીઠી, અને (૧૦૦૧) એક હજાર એક ભાતભાતનાં દરજ નાપાક 'ગનામીનો અહેરેમને' 'ગયોમર્દ' ની ઉપર નાંખીઆં, તોપણ તે બંદગીથી પાછો હટીઓ નહીં. અને તીઆર પછી એ નાપાકની મોહોટી જીઆંન પોહોંચવી દીઠી, ઇઆને ગુજરવું દીઠું, તીઆરે 'કોહે સરનદીપ' નામનાં પાહાડ ઉપરથી નીચે ઉતરીને એ જેહાંનમાં આવીઓ, અને (૩૦) વરસ જે બાકી હતાં, તે (૩૦) વરસ આએ જેહાંનની પાહાદશાહી કીધી. તે વખતે એ 'ગયોમર્દ' શીવાએ કોઇ આદમીની જાત, બીજી હતી નહી; તેથી માતર ચરંદાં તથા પરંદાંની પાહાદશાહી કીધી. પછી જયારે (૩૦૦૦) તરણ હજાર વરસ પુરાં થયાં, તીઆરે નાપાક 'અહેરેમને' ઓશતવીદાદ નામનો દેવ, જેને હીનદીમાં જમ નામનો દેવ કહે છે, તેને મારવાને વાસતે મોકલ્યો. તે નાપાક જમ નામનાં દેવે આખેરકાર જેહાંનના બાપ 'ગયોમર્દ' ને મારીયો. અને મોહોતનો એલાજ તે નેકબખત કંઇજ નહીં પામીયો; શાવાસતે કે નાંપાક 'અહેરેમન' ગાલેબ છે, અને કેઆમતના વખત તલક કોઇને મુકનારો નથી, અને પરથમ ચડથી આવેલો છે, તે નાપાક 'અહેરેમને' આખેરકાર 'ગયોમર્દ' ને મારીઓ. તીઆરે ગુજરતી વખત 'ગયોમર્દે' કહયું કે, જે કોઇ માહારી તોખમથી આદમીઓ પેદા થશે, તેઓને 'અહેરેમન' સાથે લડવું છે, ઇઆને આખેરકાર ગુજરવું છે. હરકોઇ આદમી શું નેક, કે શું બદ ગુજરવા શીવાએ કોઇ જેહાંનમાં રહેનાર નથી. વાસતે માહારીજ તોખમથી તમામ આદમીઓ પેદા થશે, તેઓને સઘળી ચીજમાં એ બેહેતર છે કે, કંઇ એક સવાબનાં કાંમ કરવાં ઘણાં નેક છે. એટલું કહીને તન જમીન ઉપર મુકયું. એ

નાપાક 'અહેરેમને' પરથમ આદમીઓમાં જે નેકબખત જેહાનનો બાપ 'ગયોમર્દ' ને મારીયો. એની ગહવાહ ઇજેશનેનાં "અદતાઓખશીઆ નામના હા" માં પણ છે. એ મીસાલે પરથમ મોહોત તમામ પેદાયશની ચીજમાં મુકયું છે.

એ 'દાદાર અહુરમઝદે' આદમીઓનાં સર ઉપર જીવ્રતા હઇઆત હંમેશેનાં સેતારા પેદા કીધા હતા, જયારે 'અહેરેમન' આશમાંન તોરીને આશમાંન ઉપર ગયો હતો, તીઆરે તે આદમીઓનાં સર ઉપરનાં સેતારાઓમાં પણ મલ્યો હતો. તે સેતારાઓનાં મલવાએ કરીને આદમીઓની હઇઆતીની દોર કમ કીધી. અને જમ નામનો દેવ મારવાને વાસતે કીધો, કે જે દેવ આદમીઓ તથા ગોસપંદો તથા પરંદાને મારે છે."

એજ બુનદેહશ કેતાબમાં આગળ ચાલતાં ૪૪ માં પ્રકરણમાં આપણને ગયોમર્દ માટે બીજું કાંઇક વર્ણન મળે છે; જેમાં જણાવ્યું છે કેઃ—

"બીજું દીનમાં એમ ફરમાવે છે કે, જ્યારે તોલાના બોરજનો હજારો બેઠો અને તોલાનો શનીશચર ઉંચનો થયો; ત્યારે નાપાક અહેરેમન જમીનની નીચેથી પોતીકા જોર સાથે આવ્યો, તે વખત ઉપર મકરનો ભરેસપતી અને તોલાનો શનીશચર થયલો હતો, ત્યારે નાપાક ધનામીનો અહેરેમન ઘણો નોજવાન થયો, અને તે નાપાકે ગયોમર્દને માર્યો. તે *ફરવરદીન માહેનો અને અહુરમજદ રોજને દહાડે, હાવનગેહના વખત ઉપર ગુજર્યો. તે વખત ગયોમર્દનું તોખમ યાને વીરજ જમીન ઉપર પડયું હતું. તે તોખમની ઉપર ખુરશેદની રોશની પડવાએ કરીને તે તોખમ જમીન ઉપર પળાયું. તે તોખમની ઉપર એક હીસ્સો નેર્યોસંગ ઇઝદે નેગાહ અને પારબાંની રાખી હતી. અને બીજો એક હીસ્સો અરપંદારમદ અમશાસ્પંદે નેગાહ રાખી હતી, કે તે તોખમને દેવો ખરાબ નહિં કરે, એટલા માટે દાદાર અહુરમઝદે તેઓને નેગાહ યાને પાસબાની કરવાને માટે ફરમાવ્યું હતું, જયારે તે તોખમને ચાળીશ વર્ષ થયાં, ત્યારે તે તોખમ ચાલીશ વરસે જમીન ઉપર ઉગ્યું. જે મીસાલે એક ઝાડનો રોપો જમીન ઉપર ઉગે તે મીસાલે, એક ઝાડનો રોપો ઉગી નીકળયો, જયારે તે રોપાને પંદર વરસ થયાં, ત્યારે તે મરદની બુલંદીએ ઉંચો થયો, અને તેનાં દરમ્યાનમાં જીવ પેદા થયો. ત્યાર પછી તે રોપાની વચમાં એક શીંગાફ પડી, તેમાં બે આદમી હતાં, તે બેઉ આદમીઓનાં હાથનાં ખાંધાં બેઉ એક એક સાથે મળેલાં હતાં. તે બેઉ એક રવેશનાં અને એક મીસાલનાં હતાં. તે બેઉનો ઝલકાટ અને રોશની બરાબર ચમકતી હતી, એ રવેશે બેઉ એકજ રવેશનાં હતાં, યાને માલમ નહિં પડતું હતું કે કોણ મરદ છે, અને કોણ ઓરત છે, અને એવો ઝળકાટ કયાંથી છે...........તેમાં એક મરદ અને એક ઓરત હતી, તેનું નામ દાદાર અહુરમઝદે મશી મશ્યાંને પાડયું, કે તે જોડાંને તમામ જેહાંનનાં માબાપ કરીને કહે છે."

ઉપર મુજબનુંજ બુનદેહશમાં તેમજ ઝદસ્પારમ નામની પહેલ્વી કેતાબમાં બીજું કેટલુંક વર્ણન મલે છે, જે સઘળાંનો સારાંશ એ નર માટે મળતાં તવારીખ રૂપી વર્ણનથી બેશક ઘણે દરજજે જુદો પડે છે. પણ બુનદેહશનો ગુજરાતી તરજુમો કરનાર ઉપલી બાબતના સંબંધમાં એક ફુટનોટ આપતાં તવારીખનાં અને ઉપલાં વર્ણન વચ્ચે સંબંધ દેખાડવાની નીચે મુજબ કોશીશ કરતા માલમ પડે છેઃ—

"ગયોમર્દનાં તોખમ યાને વીરજને વાસ્તે બીજી કેતાબોમાં એમ કહે છે કે ગયોમર્દનું તોખમ યાને વીરજ ગયોમર્દની હૈયાતીમાં પડયું હતું. જે કોઇ પહેલ્વી એલમ જાણતું હશે, તેને તરતજ માલમ પડશે કે પેહલ્વીમાં એક "વદીરસ્ને" કરીને બોલ આવેલો છે, તેના બે અર્થ થાય છે, એક તો ગુજરવું અને બીજો અરથ હીલચાલ કરીને થાય છે. આવી ભુલથી અહીંમાં ઘણોએક તફાવત પડી ગયો છે. માટે વાંચનારે આએ હકીકતને ખુબ તરહેથી ધ્યાનમાં લઈને

તજવીજથી વાંચવી જોઇએ, કે ગયોમર્દે જે ૩૪ વરસ પાદશાહી કીધી, તેને વાસતે કેટલીએક કેતાબોમાં એમ કહે છે કે એણે ચરંદા પરંદાં અને હેવાન અને જાનવરો ઉપર પાદશાહી કીધી હતી. વળી ગયોમર્દનાં નામનો અર્થ બે રવેશે થાય છે, એક તો મરનારી કાયા, અને બીજો અરથ બોલનારૂ હેવાન કરી થાય છે, તેથી એને વીશે એવું પણ ગુમાન લાવે છે કે એ ગયોમર્દ જાનવરોની બોલી જાણતો હતો. અને બીજી કેતાબમાં એમ કહે છે કે ગયોમર્દે જે ૩૦૦૦ વરસ સુધી સરનદીપના પહાડ ઉપર બંદગી કીધી તેના દરમ્યાનમાં ૩૦૦૦ વરસની હીલચાલમાં ગયોમર્દનું તોખમ જમીન ઉપર પડયું, કે જેથી એક આદમી જોડું પેદા થયું, તેથી આદમીઓની વધ થઇ, અને ત્યાર પછી ગયોમર્દે ૩૦ વરસ સુધી આદમીઓની ઉપર પાદશાહી કીધી,"

ગયોમર્દ વીશેના વર્ણનમાં તવારીખ અને પહેલ્વી કેતાબો વચ્ચે પડતો ફરક.

સાધારણ નજરે જોતાં તવારીખ અને પહેલ્વી કેતાબોમાં ગયોમર્દ માટે મળતાં વર્ણનમાં જે મુખ્ય ફેર પડે છે, તે નીચે મુજબ છે:—

તવારીખ જણાવે છે કે:—	પહેલ્વી કેતાબો જણાવે છે કે:—
૧. ગયોમર્દને એક બાપ હતો, અને તેટલા માટે ગયોમર્દ માણુસ જાતની તેની આગમજની ઓલાદથી ઉતરેલો હતો. આ મતને દસાતીર કેતાબથી ટેકો મળે છે.	૧. ગયોમર્દ માણુસ જાતની ઓલાદથી ઉતરેલો ન હતો, પણ (કોઇક વર્ણન મુજબ) તે ગાવીએકદાદ ગાય (Primeval Bull) માંથી જન્મ પામ્યો હતો. (જુઓ બુનદેહશ, પ્રકરણ ૧૨ મું.)
૨. ગયોમર્દના વખતમાં ચરંદાં, પરંદાં વગેરે જાનવરોની તેમજ માણુસ જાતની વસ્તી હતી. અને ગયોમર્દે તેઓ ઉપર પાદશાહી કીધી હતી.	૨. ગયોમર્દના મરણ પામવા બાદ મશ્ય અને મશ્યાઇ નામના મરદ ઓરતના જોડાંમાંથી માણસ જાતની ઉત્પતી થઇ હતી. અને તેટલા માટે, છેલાં એવું અનુમાન નીકલી શકે કે ગયોમર્દ આ જેહાનમાં એકલો હતો અને તેણે કોઇ પણ આદમીઓ યા જાનવરો ઉપર પાદશાહી કીધી નહોતી.
૩. ગયોમર્દને સ્યામક નામનો બેટો હતો. જે તેની હૈયાતીમાંજ દેવોને હાથે માર્યો ગયો હતો.	૩. સ્યામક ગયોમર્દનાં મરણ બાદ મશ્ય અને મશ્યાઇનાં જોડાંમાંથી ઉત્પન થયો હતો.
૪. ગયોમર્દ વીંટી વગેરે, ધાતુની તેમજ બીજી ચોક્કસ ચીજો ધરાવતો હતો.	૪. ધાતુ વગેરે ગયોમર્દનાં મરણ બાદ તેનાં તોખમના ચોક્કસ હીસ્સામાંથી ઉત્પન થઇ હતી.

ગયોમર્દ માટેનાં ઉપલાં સઘલાં અકેકથી તદન ઉલટાં દેખાતાં વર્ણન ઉપરથી કોઇ પણ સાધારણ વાંચનાર ગુંચવાડામાં પડે એ બનવા જોગ છે. એટલુંજ નહીં, પણ નબલાં એકીનનાં માણુસો આવી અકેકથી ઉલટી દેખાતી બાબતો ઉપરથી તે બાબતોને બેહુદી ગણી કાઢી જરથોસ્તી ધર્મ-પુસ્તકોમાંની તથા ઇરાંની તવારીખોમાંની બીનાઓને "અકલના બોરંગા" સમજી હસી કાઢે તો તે પણ બનવા જોગ છે. પણ, એથી ઉલટુંજ, ધર્મ-પુસ્તકો અને તવારીખોની મુળ મતલબ સમજનાર કોઈ પણ ખરો, મુસ્તકીમ ઇમાન ધરાવનાર અભ્યાસી એ બાબતોનાં ઉંડાણમાં કાંઇક વજુદ સમાયલું સમજે છે. તવારીખોમાં મળતાં ગયોમર્દનાં વર્ણનને દસાતીર કેતાબમાં મળતાં વર્ણન સાથે સરખાવી, સત આઝર સાસાંને પંજુમે એ બાબત વીશે આપેલી સમજ ઉપર પુખત વિચાર કીધાથી તુરત ગયોમર્દ માટે સહેજ પણ ખુલો ખયાલ આવી શકશે.

અવસ્તાઇ કેતાબોમા "ગયોમર્દ" માટે મળતું વર્ણન કાંઇક જુદોજ ખયાલ આપતું માલમ પડે છે. ગાવીએકદાદ ગાય (Primeval Bull), મશ્ય અને મશ્યાઇનાં શરીર ધરાવનાર "રીવાસ" નો રોપો (Rivas Plant), ગયોમર્દનાં મરણ પામવા બાદ તેનાં તોખમના જુદા જુદા હીસ્સાઓમાંથી ધાતુ, જાનવરો વગેરેની પેદાયશોની ઉત્પત્તિ વગેરેનાં વર્ણનને તેની સાધારણ મતલબમાં લઈ શકાય નહીં. જરથોસ્તી ધર્મપુસ્તકોના જુદા જુદા ઉમદા ભેદોમાં, પહેલ્વી પુસ્તકો, જે સાધારણ રીતે "પાછલા વખતનાં" ગણાય છે, તેઓ પણ ઉપલી માણસનાં આ દુન્યામાં પ્રગટ થવાને લગતી સચાઇ જાહેર કરે છે; અર્થાત, તેઓ પણ જો અવસ્તા જેટલી ભેદી ન હોય, તો અવસ્તાથી તુરતજ ઉતરતી ભેદી કેતાબો તરીકે તો ગણાવીજ જોઇએ, કારણકે બુનદેહશ, ઝદસ્પારમ વગેરે પહેલ્વી કેતાબોમાં ગયોમર્દ વીગેરેને માટે મળતું વર્ણન પ્રગટી કરણ (Evolution) અને માણસ જાતના ઉત્પન થવાની બીના (Authropogenesis)નો સર્વથી મોતેબર ખ્યાલ આપે છે.*

અશો ગયોમર્દનુ પંદનામું.†

ઘણી ખુશાલી મનુષ્યને મગરૂર બનાવે છે. ઘણી મોજમજાહથી આદમી મુરદાલ દીલનું થઇ જાય છે. ગમ છે તે એક બીમારી છે, જે બદનની ગરમી કમ થવાથી ઉત્પન્ન થાય છે. સખાવત છે તે ગોયા એક ડાંખલી છે જે ખોદાતાલાના શુકરાના કરતી વેલા ફલદાર તથા તાજી થાયે છે: જેમ જેમ સખાવત વધારે કીધામાં આવે તેમ તેમ ફતેહમંદી વધારે હાંસલ થાય છે. જેમ જેમ રાસ્તીપર અમલ કીધામાં આવે તેમ તેમ ઇનસાનના કામ સારી રીતે સરંજામ પોંહોચે છે: દાનાવને ઘટે છે કે અગર એ પોતે પોતાના દુશમન કરતાં વધારે શક્તિ અને દબદબા ધરાવવા છતાં દુશ્મની કરવાથી દુરી પકડવી કારણકે ઝેરનો ઉપાય જાણનારા માણસોએ ઝેર ખાવાની હિંમત ધરવી તે દાનાઇ અને દુરઅંદેશી ભરેલું કામ નથી. દુશમનોના મકકરોથી છેતરાવું જોઇએ નહિ, કારણકે દુશમન નરમાસ ધરવાથી કાંઇ દોસ્ત બનતો નથી. એક ઇનસાફી માણસ અગરજો પોતાના જાતભાઇની ગરજ પુરી પાડવા સારૂ આખી દુનીઆમાં ફરીવલે તોપણ તેના હકમાં કશું નહિ કીધેલું ગણી પોતાને તે બાબે શરમીંદો જાણવો. ઘણી ઉમેદવારી દીલને તોડે છે. દલગીરી તે એક મનુષ્યની જીંદગીને ઘટાડનારો મંદવાડ છે અને બક્ષેસ તે એક જીંદગીનાં ફૂલને ખીલવનાર છે.

એ સાહેબને કોઇએ પુછયું કે દાનાવ કોણ હોય છે?

ફરમાવ્યું કે,—જે કોઇ મધ્યમ બોલે, જીંદગીની કદર બુઝે, સરસાઇ મેલવવા બાબે શકિત ખમવાથી દલગીર નહિ થાય, મલેલા ઓહદા અને મરતબા ઉપર સંતોષ કરે, દરેક કામમાં ગભરાય નહિ, અને મરતબાઓની સમજણ મેલવવાપર પોતાની ધારણા રાખે. જે કોઇ ઇલમ તથા હીકમત શીખવાની ખાહેશ રાખતો હોય તેને ઘટે છે કે પ્રથમ નાદાનીનો અસબાબ દુર કરે. દુનીયાની ખાહેશો તથા શેહવતથી દુર રહેજો, કારણકે એ દુનીયાની ખાહેશો જે છે તે તમને આકેબતના કામોથી દુર રાખશે. જેમ કોઈ શખસ પાણીમાં ડુબતો

---

* આના વધુ ખુલાસા માટે પુરાતન તેમજ હાલના જમાનાના જાણીતા ફીલસુફોની એ બાબત ઉપર લખાયલી કેતાબોના સંગીન અભ્યાસની જરૂર છે. અફસુસ કરી જાણીતી કાબેલ બાનુ મેડમ બ્લાવાટસ્કીની *Secret Doctrine* નામની કેતાબ જે તમામ ધર્મો, ફીલસુફીઓ અને વિદ્યાઓનો અરક ગોયા આપે છે, તે આ બાબત ઉપર મનમાનતો ખુલાસો આપી શકે એમ છે.

† મીરઝાં તાઈરી વહીદની "તઝકરત-ઉલ-મુલકમાં, શાહજાદા જલાલ કાઝરની "નામે-એ ખુસરવાંન" વગેરે કેતાબો ઉપરથી.

હોય ત્યારે પોતાને બચાવવાને વાસ્તે હરએક ભારી ચીજને જઈ વલગે પણ સમજે નહિ કે તે બોજા સાથે વલગયાથી તેની હલાકીનો સબબ છે, યાને જે શખસ દુનીયાની ખાહેશ રાખશે તે ડુબશે. કોઇ સાથે એવું કામં કરવું નહિ કે અગર તેવું કામ કોઇ તારી સાથે કરે તો તને બુરૂં લાગે. હકતાલાની ફરજીઆતને સર નમાવીને આજેજી સાથે અદા કરજો. ફરજ ગુજારતી વેલાએ તકબુરી તથા મગરૂરી કરશો નહિ. બુરા લોકોની સોહબત, બુરાઇના ચાહનારા, તથા ગુમરાહ લોકો એ સૌથી દુર રહેજો. જુઠા સોગંદ ખાશો નહિ. રાસતી ઉપર ભરૂસો રાખજો. જુઠું બોલનારાને સોગંદ આપશો નહિ. કારણકે તે સાથે ગુનાહમાં શરીક થશો. હીકમત તથા દાનાઇની ખાહેશ અને દીનની પેરવી કરજો, તમારા જીવને સારા અદલ તથા નેક અમલે કરી જેબ તથા જીનત (શોભા) આપજો. જે કામ કરો તે વિચારીને કરજો. બદકાર આદમીને સજા આપવામાં ઉતાવલ કરશો નહિ, ખુદાનો ડર રાખજો. બોલમાં તથા હોકમા લોકોની પેરવી કરજો; એ લોકોથી ઇલમ તથા હીકમત હાંશલ કરજો. નીચ પેશાથી દુર રહેજો, કેમકે તેથી અગર તમારી થેલી માલમતાએ કરી ભરાશે પણ તમારૂં દીલ ઇમાનથી ખાલી થશે. નેક તથા બદ એ સૌ સાથે નેકી કરજો, નેક લોકો સાથે તેઓની નેકીનો બદલો આપવાં તથા બદ લોકો સાથે તેઓની બુરાઇ ટાલવાને વાસ્તે, અગર બની શકે તો તમામ ઉમર એલમ શીખવાપર ખરચ કરજો. કારણકે શીખવા તથા જાણુવાનો નફો રૂપાં તથા શોનાથી જીઆદા છે, કારણુ કે રૂપું તથા શોનું જે છે તે ફના થનાર યાને ખાણીક છે અને ઈલમ શીખવો તથા તેનો સવાલ જે છે તે કદી ફના થનાર નથી. અંદરથી તથા બાહારથી બરાબર રહેજો. જે બોલો તે પ્રમાણે કામ કરજો. પોતાથી બુજરોગ માને વડા હોય તેની ફરમાં બરદારી કરજો. ઘરડા લોકોની ઈજત રાખજો. ઉસ્તાદો સાથે નેકી કરજો. દાના લોકો સાથે મસલહત કરજો કે પસ્તાવો ખાવો નહિ પડે. પોતાને બીજાઓથી મોટા કરી જાણુશો નહિ. હુકમ કરો ત્યાં જુલમ કરશો નહી. અધર્મી તથા બેવફા લોકોને પાક જાણુવા નહિ. પાક લોકોને અધર્મી તથા નાપાક ગણુશો નહી. ઘણું હસવું તથા મસકરીની ખાહેશ કરવી નહિ. લોકોને તાણો મારવો નહિ. અગર કોઇની એબ જણાય તો તે જાહેર કરવી નહી તથા તે ઉપર હસવું નહિ. બલકે તે વાતોથી તમે નસીહત પકડજો, કેમકે ઇનસાનીઅંતમાં તે તથા તમે સરખાછો. કોઇને કસા દરદમાં ગીરફતાર જુઓ, ત્યારે ખુદાતાલાના શુકરાના કરજો કે તમને તેવાં દુ:ખમાં ગીરફતાર કરયા નથી. જયારે કોઇ દુશમન તમારી સાથે મજહબ બાબત તકરાર કરે ત્યારે તેની સાથે સખતી કરશો નહિ. બલકે ધીરજ તથા નરમીથી તેને જવાબ આપજો. મીજલસમાં બેસો ત્યાં ચુપકીદા બેસજો. એવા સખુન લોકોની નજદીક બોલશો નહિ કે કોઈ દહાડે તેજ સખુનના હથીઆર બનાવી તમારી સાથે તે લોકો લડાઇ કરવા આવે. જયારે નેકીનો ઇરાદો કરો ત્યારે જલદી તે કામ કરજો કારણકે મબાદા બુરાઇનો વેહમ તમારા દીલમાં આવી પડે અને તમને તે નેકીના કામથી બેનસીબ રાખે બચ્ચાંઓ મોટાં થાય તથા સરકશી કરે તે અગાઉ તેઓને ઇલમ તથા હીકમત શીખવજો. ઇબાદત કરો તે ખોદાતાલાની ખુશનુદી તથા રજામંદીને વાસ્તે કરજો. દુવા તથા મુનાજાત સાફ દીલથી કરજો કાંઇ બીજી ચીજ તે વખત દીલમાં લાવશો નહિ, જેથી તમારી દુવા કબુલ અને મતલબ હાશલ થાય. ગમગીન લોકોની ગમખારી કરજો એટલે દયા લાવજો, બંધીવાનોને બંધથી છોડવજો. ગમગીન લોકોને દીલાશો આપજો. તમને અગર કોઇથી દુ:ખ પહોંચ્યું હોય તો તે દરગુજર કરજો. દોસ્તને પ્રથમ અજમાવજો પછી તે ઉપર બરોસો રાખજો. ગુસાની વખત તમારી જીભને બદ સુખુન બોલ્યાથી નીગાહ રાખજો કારણકે જે શખસ ગુસાને પી જાય અને પોતાની જબાનને નીધામાં રાખે તેણે ગોયા સઘલી ખુબી હાંસલ કરી. સૌથી બેહતર પાદશાહ તેને જાણજો કે જેના મુલકમાં બુરા લોકોબી તે પાદશાહની દેહશતથી આદમીઓને નેક રાહ દેખાડે, અને સર્વથી બદ પાદશાહ તેને જાણજો કે જેના મુલકમાં નેક લોકો આદમીને બુરાઇની તરફ રાહનુમાઇ કરે. ખરી સખાવતની નીશાન એ છે કે મુફલેસીની વખતે બખશીશ કરે, અને નમ્રતાની નીશાન એ છે કે ગુસાની વખત દર ગુજર કરે. જે શખસ ઇલમ નહિ

રાખતો હોય અને વળી અદલ હાંસલ કરવાની ખાહેશ નહિ રાખે તેને મોટો દુખીઆરો તથા માહેતમ ભરેલો જાણજે. ઇલમ તથા હીકમતની બખશીશ જે છે તે માલની બખશીશ કરતાં બેહતર છે કેમકે ઇલમની પાએદારી તથા ઉસ્તવારી માલની પાએદારી કરતાં જીઆદા છે. સૌથી મોટો ઇલમ તે છે જે દુશમનને દુર કરે તથા બદકારને નેક કામ ઉપર લાવે. મજાખ તથા મશખરી કરશો નહિ, કારણકે ઠોલઠઠા જે છે તે વકર તથા ભાર બોજને ટાલે છે જેમ આતશ લાંકડાને બાલે છે તેમ. લોકોએ એ હકીમને પુછયું કે "શો સબબ છે કે બોલમા લોકો તવંગરોને ઘેર જાય છે અને તવંગર લોકો બોલમા લોકોને ઘેર જતા નથી?" જવાબ દીધો કે "બોલમા લોકો તવંગરની બુજોરગીને જાણે છે પણ તવંગર લોકો બોલમની કદર તથા બુજોરગીને જાણતા નથી." જે શખસ પોતીકાં જીવને પોતાના કાબુમાં નહિ રાખી શકે તેને ઘટે છે કે કોઇ બીજાને પોતાની તાબેદારી નહિ ફરમાવે યાને તે શખસ મોટાઇ તથા શેઠાઇને લાયક નથી. લોકોની હજુરમાં કોઇને નશીહત કરવી તે ગોયા કીના તથા અદાવતનો આતશ સલગાવ્યા બરાબર છે યાને પાંચ લોકમાં કોઇને શીખામણ આપશો નહિ. કારણકે તેથી તે તમારો દુશમન થશે. સહુથી બેહતર દોસ્ત તે છે જે તમારી તકસીર વીસરી જાય અને તમને તે વાતનો તાનો નહિ મારે. જાહેલ તથા કમીના આદમી પાસે માલ તથા દોલત હોય તે ગોયા સંડાસમાં સબજો ઉગેલો હોય તે મીસાલે છે. જે શખસ તમારી વખાણ કરે એક ચીજની કે તે ચીજ તમારામાં નહિ હોય તેથી નચીંત રહેવું નહિ કેમકે તેજ રીતે તમારી એબ કરશે એક ચીજની જે તમારામાં નહિ હોય. પાદશાહને સજાવાર છે કે ખલકના લોકો ઉપર એવા શખસને હાકમ કરે કે તે લોકો ઉપર મેહરબાની રાખતો હોય, જેમ બાપ ફરજંદ ઉપર પ્યાર રાખે છે તેમ. એ હકીમે પોતાના એક શાગેર્દને પુછયું કે "જે કાંઇ હું બોલ્યો તે તું સમજયો?" શાગેરદે જવાબ દીધો "હા હું સમજયો." હકીમે કહયું કે "સમજવાની નીશાન જે છે તે તારા મોહોડાં ઉપર હું જોતો નથી." શાગેરદે પુછયું કે "સમજવાની નીશાન શી છે"? જવાબ દીધો કે "સમજવાની નીશાન એ છે કે વાતના સાંભલનારાનાં મોહોડાં ઉપર તાજગી તથા ખુશી પેદા થાય." જે શખસ એવાં શેહરમાં જઇ વતન કરે કે તે શેહરમાં આદેલ હાકેમ, કાબેલ વૈદ, તથા વેહતું પાણી ન હોય તે શખસ પોતાને, પોતાની ઓલાદને તથા પોતીકા માલમતાને ખરાબ તથા બરબાદ કરે. એ હકીમના વખતમાં આમુન નામે એક પાદશાહ હતો તેણે એ હકીમને કહયું કે "મને કાંઇ નશીહત કર, તે ઉપર હું અમલ કરૂં." હકીમે ફરમાવ્યું કે "સૌથી પેહેલી નસીહત એ છે કે ખુદાતાલાની બંદગી કરજે, તે પછી તારા જીવને નેક મનસનીથી રાખજે. લોકોના માલ ઉપર ખાહેશ રાખીશ નહિ. રૈયતના હાલથી ગાફેલ રહેવું નહિ. જે ચીજમાં મીનોજેહાનનો ફાયદો તે ચીજને અખત્યાર કરજે અને જે ચીજમાં આ દુનીઆનો ફાયદો હોય તેથી દુર રહેજે. કોઇ તારો દુશમન લડાઇ કરવા આવે ત્યારે તદબીર તથા દુરઅંદેશીથી કામ કરજે. જાસુસ ઘણા રાખજે કે હમેશ દુશમનોની ખબર પહોંચાડે, અને છલ તથા મકરથી દુર રહેજે. કારણકે તે વાતથી નુકસાન પહોંચશે. જ્યારે કાંઇ હુકમ લખવા ચાહે ત્યારે પ્રથમ તે હુકમ જારી થવાનો વીચાર કરજે. અને લખી રહયા પછી અવલથી તે આખર સુધી વાંચજે. જે હુકમ કરે તે તાકીદ સાથે કરજે. મસખરી તથા હલકાઇથી હુકમ કરીશ નહિ. ખેડુતોના હાલથી ગાફેલ રહેવું નહિ કેમકે જમીનની આબાદાની એ લોકોથી છે. અને એથી લશકર તથા ખજાનો જીઆદા થાય છે. હરેક કોઇને તેના એલમ તથા અકકલ પ્રમાણે આબરૂ આપજે. અને જે શખસ એલમ શીખવાની ખાહેશ કરે તેને પ્યારો રાખજે. ખરાબીના કરનારા લોકોને સજા આપજે, ચોર લોકોના હાથ કાપજે, વાટપાડા લોકોને ફાંસી દેજે, કોઇ ચાડીયા તથા લુટારાના કહયા ઉપર કામ કરવું નહિ. બલકે જયારે તું જાણે કે તે ચાડીયો છે ત્યારે તેને સજા આપજે. કોઇથી અગર તકસીર થઇ હોય તેને ઉતાવલથી સજા આપવી નહિ. અકલમંદ તથા ઘરડા લોકો સાથે મસલેહત કરજે, પાદશાહી ઉપર હંકાર કરવો નહિ. જીવની ખાહેશોને તોડજે. પાંચે હવસની લેહજતથી દુર રહેજે કારણકે જે પાદશાહ પોતાની ઇંદ્રીઓને વશ નહી કરે તથા શેહવતને નહિ તોડે તે પોતાની રૈયતને શી રીતે તાબે કરી શકે? તથા પોતાનો મુલક શી રીતે સંભાલી શકે?" એ પાદશાહ એ નશીહતોને અમલમાં લાવ્યો તેથી મોટા મરતબાને પહોંચ્યો.

શ્યામંક નામું.

પુરાતન પેશદાદ પાદશાહ ગયોમર્દને લગતી ગુંચવાડા ભરી બાબતોને બાજુએ રાખતાં, જે સામાન્ય વર્ણન આપણને મળે છે, તે એજ છે કે પાદશાહ ગયોમર્દનો શ્યામક નામનો એક બેટો હતો. આ બેટો ગયોમર્દનીજ હૈયાતીમાં "દેવો"ને હાથે માર્યો ગયો હતો, એટલે એના માટે કાંઇ જાણવા જોગ લંબાણ વર્ણન આપણને મળી શકતું નથી. છતાં, ઇરાનની તવારીખો વગેરેમાં જે કાંઇ ટુંક વર્ણન એ નર માટે મળે છે તેનો કાંઇક અર્ક મેળવવાની આપણ કોશેશ કરીશું.

"શારેસ્તાને ચેહાર ચમન"નો લખનાર જાણીતો કામેલ ઉસ્તાદ ફરજાંને બેહરાંમ એબને ફરહાદ શાહનશાહ હોશંગની બનાવેલી "ઓરંદ નામે" નામની કેતાબની સત્તાથી જણાવે છે કે સ્યામક બોલનો અર્થ મુજરદ યાને એકલો થાય છે; યાને એકાંતવાસમાં રહી રયાઝત કરનારને એ શબ્દ લાગુ પડી શકે છે. સ્યામક અક્કલ અને હુસ્યારીમાં પુર કામેલ હતો. દેખાવમાં સઘળાં આદમીઓ કરતાં ઘણો ચેહરેનમુન, ખુબી ભરેલો, નેક કામોનો કરનાર અને પરહેજગાર હતો. તેની પરહેજગારી એટલી તો હદ સુધીની હતી કે, તે પોતાના રૂહને તનમાંથી બહાર કાઢી આસમાનોની શયર કરતો હતો.* એની નજદીક ફરેસ્તાઓની આવજા હતી; અને એ પુર આગાહમંદ હતો. હમેશાં પહાડો અને ગુફાઓમાં રહી પાક યઝદાંતાલાની બંદગીમાં મશગુલ રહેતો હતો. એની બંદગીની રીતી માટે શારેસ્તાને ચેહાર ચમનનો લખનાર પોતાની મજકુર કેતાબને ૨૮ મે સફે "આઝર જરથોસ્ત" નામના એક મોબેદની સત્તાથી લંબાણ વર્ણન આપે છે. જે ઉપરથી માલમ પડે છે કે સ્યામક પોતાની રીયાજતની મદદથી "ગેબની વાત જાણવામાં ઘણો કામેલ" થયો હતો, અને પોતાના દેલની મોરાદે પહોંચી, પેગંબરી દરજજો હાંસલ કરી શક્યો હતો.

દસાતીર કેતાબ પ્રમાણે સ્યામકે બરેસપતી (Jupiter) સેતારાની આરાધના કીધી હતી, જે આરાધનાના સખુનો બેદી શીલસુફીથી ભરપુર છે. એજ કેતાબમાં "સ્યામક નામા"ની ત્રીજી વરશીમમા નીચલું વર્ણન આપણને મળે છે:—

"(યઝદાન ફરમાવે છે કે) ઓ સ્યામક! હું તને ઉપર બોલાઉં છું, અને પોતાના મીજલસીઓ મધેનો એક ઠેહવું છું. કારણ કે નીચલી દુન્યાની જગ્યા તારે લાયકની નથી.

"તું દર દીવસમાં કેટલી વેળા પોતાનાં શરીરથી છુટો પડી મારી આગળ આવે છે.

"તે માટે હું તને નીચલી દુન્યાનાં શરીરમાંથી છુટો કરાઉં, અને પોતાના મીજલસીઓમાં બેલવું."

ઉપલી બાબતની સત આઝર સાસાંને પંજુમે કીધેલી શરેહ સ્યામકનાં મરણ બાબેનો સહેજ ખુલાસો આપે છે, જેમાં જણાવ્યું છે કે:—

"એ મોટાઇ ભરેલી આગાહી યાને ખબર સ્યામકને મળ્યા બાદ તે સાહેબ, એક મનુષ્ય આકારના દેવ યાને બુરાં કરતુકના શખ્સને હાથે માર્યો ગયો, અને શરીરી ફાંદામાંથી છુટીને ઉંચેરી આલમમાં પરમાત્માઓની જગ્યાએ પહોંચ્યો. અને પેલા દેવ ખસલતનાઓ, આદેલ પેગંબર અને શાહનશાહ હુશંગ સાથની લડાઇમાં પોતાનાં કરતુકની સજાએ પહોંચ્યા."

ખોદાની એકતાઇ વીષેના પેગંબર શ્યામકના વિચારો.

"ખેસ્તાબ" કેતાબનો લખનાર પરહેજગાર મોબેદ સરોશ જણાવે છે કે:—

"ખરેખરો પેગંમબર હજરત શ્યામક કહે છે કે અગર બે વાજેબ-ઉલ-વજુદ હોય ત્યારે તો ઘટે છે કે બંને પેદાયશની ઉપર શક્તીવાન હોય, કાંય જે અશક્તીવાન ખોદાઇપણાંને લાયક

* અસ્લે બદનની રીતી, એના વધુ ખુલાસા માટે જુઓ "મકાશેફાતે કયવાની, યાને નામે કેખશરૂ."

નહીં હોય, અને જે અશકતીવાન હોય તે ખોદા નહીં હોય. હવે જયારે બે હોય ત્યારે તેમાંનો એક જો કાંઈ ઇરાદો કરે ત્યારે બીજો તેની વીરૂધમાં તેનું ઉલટું કરે; અને જો બંનેની મોરાદ બર આવે, યાને બંનેનું ધારેલું બને ત્યારે તો એમ થાય કે બે વિરોધી વસ્તુ એક બીજા સાથે મળી શકે. પણ એ વાત મહાલ છે. બે વિરોધી વસ્તુ એક બીજા સાથે મળનાર નહીં જેમકે પાણી તથા આતશ, કદી એક બીજા સાથે ભેગાં નહીં થાય. અને અગર બંનેની મોરાદ બર નહીં આવે યાને બંનેનું ધારેલું નહી બને ત્યારે તો બંનેનું વિરોધપણું ઉઠી ગયું, અને બંને અશકતીવાન ઠર્યા. પણ અગર એકની મોરાદ બર આવે, અને બીજો અશકતીવાન હોય, ત્યારે તો જે અશકતીવાન હોય, તે ખોદાઇને લાયક નહીં હોય, માટે એ દલીલથી એમ સાંબેત થાય છે કે વાજેબ-ઉલ-વજુદ બે નથી એકજ છે."

પેગંબર સ્યામકનું પંદનામું.

તઝકરત-ઉલ-હુકમાનો લખનાર સ્યામકને "શાબ" નામથી ઓળખે છે, અને એને માટે નીચલા સખુનો લખી જાય છે:—

"એ શાબ બીન ઇદરીસ બી પેગંબર તથા હકીમ હતો. ફઝીલત (ખુબી) તથા બુઝુરગીમાં ઘણા મોટા મરતબાનો હતો. હીકમત તથા દાનાઇના સુખુન ઘણા કહી ગયો છે, તેમાંથી થોડા એક સુખુનોનું બયાન કરું છું—જે શખસ અકલ નહીં રાખતો હોય, તે પોતાના ગુસાને તોડી નહીં શકે; જે પાદશાહ ડાહ્યો હોય તે બરદાશ તથા નરમીથી મોટા મરતબાને પહોંચે. પણ નાદાન પાદશાહ જુલમ તથા સખતીથી કસા મરતબાને પહોંચી શકે નહીં; પાદશાહોને ઘટે છે કે લોકોના કામ ઉપર નીગાહ રાખે; જે દુશમનને દફે કરવાની કુદરત નહીં હોય તે સાથે દુશમની તથા લડાઇ કરવી નહીં; જે પાદશાહ માલ એકઠો કરે, અને જે જગા ખરચ કરવો ઘટે તે જગા ઉપર ખરચ નહીં કરે, તે પોતાનો માલ તથા મુલક બેહુ ખરાબ તથા બરબાદ કરે."

પેગંબર સ્યામકની બીજી નસીહતો નીચે મુજબ છે:—

"જો તમો મરી જાઓ તો તમારી પોતાની ખાહેશથી મરશો તો તમો બેહુ જેહાંનમાં જીવતા થશો; યાને ખાહેશથી મરવું તે એ છે જે દુન્યાદારીની શેહવત, લોભ લાલચ તથા જબુન કામો કરવાથી પોતાના જીવને મારવો, તેને પોતાની ખાહેશથી મરવું કરી કહે છે. જયારે ઇન્સાન લોભ લાલચ, શેહવત તથા બદફેલીથી પરહેઝ રહે છે, ત્યારે તે ઇન્સાન બંને જેહાંનની લેહઝત પામે છે. અગરજો તમો તબીયતનાં મોતથી મરશો તો બંને જેહાંનમાં મુવેલા થશો; યાને તબીયતનાં મોતથી મરવું એ છે કે દુન્યાદારીના લોભ લાલચ સાથે શહેવત તથા બદફેલી સાથે મરવું, તેને તબઇ મોત કહે છે. હરેક આદમી એવી તરેહનાં મોતથી મરવાથી બંને જેહાંનની લેહઝતથી બેનસીબ રહે છે."

એક મીજલસીએ સ્યામકને સવાલ કીધો કે, "આ તથા પેલી દુન્યાનો મુવેલો માણુસ કેવી રીતનો હોય છે?"

સ્યામકે જવાબ દીધો કે, "આ અને પેલી દુન્યાનું મુવેલું આદમી તે છે કે, જે શખ્સમાં દાનાઇ, દર્યાફત, ખબરદારી, સમજ તથા ચાલાકી નહીં હોય, યાને કે જેનામાં દમ, હીલચાલ, અને સુધી નહીં હોય, તે શખ્સને દુન્યાનો તથા આકેબતનો મુવેલો સમજવો. કાંયજે અગરજો તે શખ્સ જીવતો હોય, યાને તેનામાં દાનાઇ, સમજ તથા ખબરદારી હોય, તોજ આકેબતની લેહઝતને પામી શકે."

એ અશો નરે વલી બીજું એમ ફરમાવ્યું છે કે, "તારી જીંદગીના વખતમાં તું મર, કે જેથી કરીને તારાં મોતના વખતમાં તું પાછો જીવતો થાય."

"ચાર ન્યામતોની કદર ચાર તરેહથી પીછાની શકાય છે. ૧લી, જવાનીની કદર બુઢાપામાં, ૨જી, તંદરોસ્તીની કદર માંદગીની વેળાએ, ૩જી, તવાનાઇ અને આરામની કદર, ગરીબાઇ અને તંગીની વેળાએ, અને ૪થી, જીંદગીની કદર મરણનાં બીછાનાં ઉપર બુજી શકાય છે.

હોશંગ નામું.

પુરાતન પેશદાદ પાદશાહ ગયોમર્દની હૈયાતીમાંજ તેના વ્હાલા બેટા સ્યામકના મરણ પામવાથી, ગયોમર્દે પોતાના જાનશીન તરીકે પોતાના નબીરા હોશંગ (તે સ્યામકના છોકરા) ને ઠેરવ્યો. હોશંગની માનું નામ હરાંનક હતું. એ પાદશાહને માટે તવારીખમાં તેમજ અવસ્તામાં આગલા બે પેગંબરો કરતાં વધારે ખોલાસાવાર વર્ણન મળે છે. અવસ્તામાં આવાં, દ્રવાસ્પ (ગોશ), રાંમ, અષી (અર્શેસ્વંઘ), અને જમ્યાદ યશ્તોમાં એ પાદશાહે કીધેલી આરાધનાની બીના આવે છે. પાદશાહ હોશંગના વર્ણનને ફીલસુફીની રીતીએ તપાસતાં ઘણાજ પુરાંતન જમાનાની કેટલીક ખુબી ભરેલી બીનાઓના એવાંતો ઉમદા ખોલાસા મળે છે, કે તે ઉપરથી અવસ્તાઇ કેતાબો અને પુરાતન ઇરાની તવારીખોમાં સમાયલા વર્ણનોના ભેદના ઇસારાઓ કાંઇક અજાયબ ખ્યાલો ઉત્પન કરે છે. આ નાના રેસાલામાં તે સઘળી ફીલસુફી સમજાવવી મુશ્કેલ છે, છતાં, જગેજગ જોઇતા ઇશારાઓ સાથે લાયક હવાલાઓ આપી, તે ઉપર વીચાર કરવાનું કામ વાંચનારનેજ સોંપીશું. પહેલાં આપણે

શાહનશાહ હુશંગનાં નામો

ની બીના જોઇએ. અવસ્તામાં એને જગેજગ હઓષ્યંઘ નામથી ઓળખવામાં આવ્યો છે, અને એનાં નામની સાથે પર-ધાતનો લકબ મુકેલો માલમ પડે છે. ઇરાંની તવારીખોમાં એને હુશંગ નામથીજ જગેજગ ઓળખવામાં આવે છે. પહેલવી દીનકર્દ કેતાબમાં એને પેશદાદનો લકબ મળયો છે, અને એને મળેલા એ લકબ ઉપરથી પુરાતન ગયોમર્દનાં આખાં ખાન્દાનને પેશદાદ વંશનું નામ મળેલું સાધારણ રીતે ધારવામાં આવે છે. એજ દીનકર્દ કેતાબમાં એ મહાન નરને વળી "નખોસ્તન-રદ" યાને પહેલો ગુરૂ કરી કહયો છે. જાણીતા દસ્તુર જરથોસ્ત બેહરાંમે લખેલી શાહજાદા હોરમઝદ બીન યજદજરદની તવારીખમાં શાહનશાહ હોશંગને "ફરરે-યજદી" યાને યઝદી ઝલકાટવાલો કરી કહયો છે. અરબ ગ્રંથ કર્તાઓ એને "વાલેદ ઉલ-હુકમાં" કરી કહી ગયા છે. દસાતીર કેતાબમાં એ મહાન નરને સદ વખ્શુરનો લકબ મળયો છે. એજ કેતાબમાં એ શાહનશાહને પેગંબરોના ઉસ્તાદ તરીકે ગણવામાં આવ્યો છે. અરબ હુકમાઓ વળી એને "ઇદરીસ પેગંબર"* તરીકે પણ ગણે છે.

ઉપલાં સઘલાં નામોના જુદા જુદા અર્થો નીચે પ્રમાણે આપણને મળી શકે છે:—

૧. હઓષ્યઘ અથવા હુશંગ.—આગાહમંદ; અકલમંદ; મોતમંદ, (Mortal.)

૨. હુશંગ.—હોશ; આગાહી; અકલ. (બુરહાને કાતે.)

૩. હોશંગ—પહેલો હોકમ; પહેલો હોકમ કરનાર; પહેલી મોરાદ; હુસ્યારી; અક્કલ; અદબ; હરેક કાંમ ઉપર કસદ કરનાર. †

૪. પર-ધાત.—પ્રથમદીન અથવા કાયદા બાંધનાર.

૫. પેશ-દાદ.—પ્રથમદીન અથવા કાયદાવાળો.

૬. નખોસ્ત-રદ.— (નખોસ્ત = પહેલો, રત = સરદાર) પહેલો ગુરૂ.

૭. ફરરેએ-યઝદી.—યજદી ચળકાટ વાળો.

---

* આ નામના સંબંધમાં "ગયોમર્દ નામાં"માં આપેલી નોટ જુઓ.

† શારેસ્તાંને ચેહાર ચમન મુજબ, પેશદાદ પાદશાહ તેહમુરસની બનાવેલી આઇને-દાદ નામની [illegible]ને આધારે.

૮. વાલેદ-ઉલ-હુકમા.—ફીલસુફોનો બાપ.
૯. સદ-વખ્શુર.—સો પેગંબરોની બરાબરનો.

નાસેખ-ઉલ-તવારીખનો લખનાર એ શાહનશાહને પેગંબરોનો પેગંબર, પારસનો છોકરો, પારસ યા ઇરાન* વગેરે નામોથી ઓલખી જાય છે. "દીનમેહ માઝદયસ્ની"ના કર્તાના જણાવ્યા મુજબ એને ઝરેદસ્ત †(જરથુસ્ત્ર) પહેલો કરીને કહેવામાં આવે છે; કે જે મતને શાહજાદા જલાલ કાઝરની "નામે-એ-ખુસ્રવાન"થી ટેકો મલે છે. એ કેતાબમાં જણાવ્યા મુજબ એ શાહનશાહને તેના અદલ ઈન્સાફને માટે દાદ (યાને અદલ ઇન્સાફ) કરીને પણ કહેવામાં આવતો હતો.

શાહનશાહ હુંશગની દેવો સાથની લડાઇ.

પેશદાદ પાદશાહ ગયોમર્દના પ્યારા બેટા શ્યામકના "દેવો"ને હાથે મરણ પામવાથી ગયોમર્દને બહુ ગમ ઉત્પન થયો હતો. પણ ફીરેસ્તાઇ બશારત થવાથી તેણે તે નાપેકાર દેવો ઉપર પોતાના મરહુમ નેક ખસલત બેટાનું વેર લેવા માટે પોતાના નબીરા હોશંગને કમર કસવા ફરમાવ્યું. જે સઘલાં બાહેનું રસીલું વર્ણન આપણને ઈરાનની સઘલી તવારીખોમાંથી મલી શકે છે. અત્રે આપણે નામવર ફીરદોસીના **શાહનામા** મુજબ એ હેવાલનો અર્ક મેળવીશું. એ શાયરોનો શાહ જણાવે છે કે:—

"ચું બેનેહાદ દેલ કીને ઓ જંગ રા,
બે ખાન્દ આન ગેરાન માયે હુશંગરા.
હમે ગુફતનીહા બદુ બાઝ ગુફત,
હમે રાઝહા બરગુશાદ અઝ નેહુફત.
કે મન લશકરી કર્દ ખાહમ હમી,
ખરૂશી બર આવર્દ ખાહમ હમી.
તોરા બુદ બાયદ હમી પીશ રવ,
કે મન રફતનીઅમ તો સાલારે નવ.
પરી ઓ પલંગ અન્જુમન કર્દ ઓ શીર,
ઝે દરંદેગાન ગોર્ગો બબરે દલીર.
બે ફરમાને શાહે જેહાંન બુદ હમે,
સેપાહી ઓ વેહશી, ઓ મોર્ગો રમે.
સેપાહો દદો દામો મુર્ગો પરી,
સેપેહદાર બા કેબરે કેન્દાવરી.
પસે પોશ્તે લશકર કયુમર્સ શાહ,
નબીરેહ બે પીશ અંદરૂન બા સેપાહ.

---

* ઈરાંન દેશને એ શાહનશાહનાં નામ ઉપરથીજ એ નામ મળેલું કહેવાય છે.

† આ ઝરેદસ્ત નામ સાથે ઉપર આપેલા અર્થોમાંના ત્રીજા, ચોથા, પાંચમા, છઠા અને નવમા અર્થને સરખાવો. જાણીતી કાબેલ બાનુ મેડમ બ્લાવાટસ્કી પોતાનાં સીક્રેટ ડોકટરીનમાં જેને અસલ જરથુસ્ત્ર (Original Zoroaster) તરીકે ગણે છે, અને જે એક અમશાસ્પંદ હતો, એમ જણાવવામાં આવે છે, તે અસલ જરથુસ્ત્ર શું આ શાહનશાહ હુંશગ પોતે હતો ? જાણીતા મી૦ બેહેરાંમજી ટો૦ બસલા પોતાની "અંતર જગત પ્રવાસ"માં મજબુત દલીલોથી પુરવાર કરે છે કે શેહનશાહ હોશંગ એક અમશાસ્પંદ હતો. દસાતીર કેતાબમાં એને પેગંબરોના ઉસ્તાદ તરીકે જણવામાં આવ્યો છે; આ સઘલી બાબતો ઉંડા અભ્યાસથીજ સમજ પડે એમ છે.

એયામદ સીંહ દીવ બા તર્સો બાક,
હમી આસમાન બર પરાગંદ ખાક.
કે હરરાયે દરંદગાન જંગે દીવ,
શોદેહ શુસ્ત બર ચશ્મે કેહાન એદીવ.
બેહમ દર ફેતાદંદ હરદો ગેરૂહ,
શુદંદ અઝ દદો દામ દીવાન સેતુહ.
એયાઝીદ હુશંગ ચુન શીર ચંગ,
જેહાંન કર્દ બર દીવ નેસ્તુહ તંગ.
કશીદશ સરો પાયે યકસર દવાલ,
સેપેહબદ બુરીદ આન સરે બદ સેગાલ."

યાને,

"કીધું જ્યારે યાદ તેણે બદ જંગને,
આગળ તેડયો તેણે નેક હુશંગને;
કહી તેને આગલી કુલ ગુજરેલી વાત,
છુપાવ્યા નહિં તેથી ભેદ–ભરમ જરાક.
(કહયું તેણે હુશંગને ધીરજથી આંમ),
કે ચલાવા માંગુછ હું લશકરનું કામ.
ઉઠાવાને ચાહુંછ હું ભારી પોકાર,
થવું જોઇશે તને આગેવાન સરદાર.
કે હવે મારો વખત થયો છે પુરો,
તું છે નવો સરદાર બહાદુરે ને શુરો.
જમાવ કીધા પરી*ને વાઘો ને શીર,
ફાડી ખાનાર વરૂ ને બબર–દલીર†
તમામ પશુ જાનવર ને તમામ પંખી,
સરદારોની સાથે કુલ લડનાર જંગી.
લશકરની પીઠે રહયો મોટો શાહ,
આગળ ચાલ્યો હુશંગ તેમનો રાહનુમા.
આયો બીહતો ધ્રુજતો શીહા દેવ નાપાક,
આકાશ તલક ઉઠાવી જમીનની ખાક.
વળગ્યાં લડાઈમાં તે બેઉનાં લશકર,
થયું દેવનું લશકર કુલ જીરો–જબર.
નર–સીંહ પેરે ઉઠાવ્યો હુશંગે હાથ,

---

* આ બોલના ખોલાસા માટે જુઓ "સીકરેટ ડોકટરીન," પુસ્તક ૨ જું, પાનું ૩૯૪.

† જાનવરો માણસો તરફ ચોક્કસ સંજોગોમાં દીલસોજી ધરાવી શકે છે, એ બાબત હાલના જમાનામાં સાબેત કરવાની જરૂર રહી નથી, છતાં ઉપલી બાબત એક સહરાખાત તરીકે કદાચ સમજવામાં આવે. પણ દસાતીર કેતાબમાં "નામે સત વખ્શુરે હજરત જરથોસ્ત"ની વરશીમ ત્રીજના ૭૮–૮૪ ફકરા વાંચવાથી તથા ઉંડા અભ્યાસથી આ બાબતમાં કશું પણ શક જેવું નથી, એમ ખુલી રીતે માલમ પડી શકશે.

> થયો દેવનાં દીલમાં ભારી પેચો-તાબ.
> ખેંચી તેને નાંખ્યો જમીનની ઉપર,
> ને કાપ્યું હુશંગે તુરત તેનું સર."—"**મનસુખ.**"

શાહનશાહ હુશંગની "દેવો" સાથની લડાઇ માટે મેડમ બ્લાવાટસ્કી નીચલું વર્ણન આપે છે:—

"That wise prince is credited with having made war against the giants on a twelve-legged horse, whose birth is attributed to the *amours* of a crocodile with a female hippopotamus. This *dodecaped* was found on the "dry island" or new continent; much force and cunning had to be used to secure the wonderful animal, but no sooner had Huschenk mounted him, than he defeated every enemy. No giants could withstand his tremendous power."—(*Secret Doctrine*, Vol, II. p. 397. *Sec. ed.*)

યાને, "એ અકલમંદ શાહજાદાએ એક મગરમચ્છ અને દર્યાઇ ઘોડાના સમાગમથી ઉત્પન થયલા એક બાર પગના ઘોડા ઉપર સ્વાર થઈ રાક્ષસો સાંમે લડાઇ કીધેલી કહેવાય છે. આ બાર પગનું પ્રાણી "ખુસ્ક ટાપુ" અથવા નવા ખંડ ઉપરથી મળી આવ્યું હતું; આ અજાયબ જેવાં પ્રાણીને કાબુમાં લાવવાને પુષકળ જોર અને તદબીરો વાપડવી પડી હતી, પણ જેવો હુશંગ એ પ્રાણી ઉપર સુવાર થયો, કે તુરત તેણે પોતાના સર્વ દુશમનોને શેકસ્ત આપી. કોઇ પણ દેવ તેનાં બેહદ જોરની સાંમે થઇ શકતો ન હતો."—(**સીક્રેટ ડોકટ્રીન**, પુ૦ ૨ જું, પાનું ૩૯૭, બીજી આવૃતી.) *

આ રીતે પોતાના પેદર સ્યામકનો દેવ ઉપર કીનો લેવા પછી શાહનશાહ હુશંગ તખ્તનશીન થયો હતો. પોતાની પાદશાહી દરમ્યાન તેણે

> "વઝાંનપસ જેહાંન યકસર આબાદ કર્દ,
> હમે રૂયે ગીતી પુર અઝ દાદ કર્દ."

"જેહાંનને તમામ આબાદ કીધી, અને દુન્યાની તમામ સપાટીને તેણે ઇનસાફ ભરેલી કીધી."

શાહનશાહ હુશંગે વસાવેલાં શહેરો.

"શારેસ્તાંને ચેહાર ચમન"ના લખનાર કાબેલ ઉસ્તાદના જણાવ્યા મુજબ "તારીખે જેહાંનઆરા" નામની કેતાબ ઉપરથી માલમ પડે છે કે, શાહનશાહ હુશંગે સુસ, સાતેર, અને ખોજસતાન નામનાં ત્રણ શહેરો વસાવ્યાં હતાં. "નામે-એ-ખુસ્રવાંન"નો લખનાર શાહઝાદો જલાલ કાઝર શાહનશાહ હુશંગે શુસ્તર, અને બાબુલ (બેબીલોન)નામનાં બેજ શહેરો વસાવેલાં જણાવે છે. "દીન-બેહ-માઝદયસ્ની"નો લખનાર પણ એજ મુજબ જણાવે છે. મેડમ બ્લાવાટસ્કી એ માટે નીચલું વર્ણન આપે છે:—

"As usual, it is Huschenk, again, who is credited...with having built the cities of Luz, Babylon and Ispahan, though they were built ages later. But as modern Delhi is built on six other older

* ઉપલાં વરણનને ફકત સાધારણ મતલબમાંજ લેતાં તેમાંથી અસલ મુળ મતલબ મળી શકે નહિં. વધુ ખોલાસાવાર સમજ માટે જુઓ "ઈવોલ્યુશન" વિષેનો ય. ઝ. સને ૧૨૬૩ ના સાલનાં ઝોરાસ્ત્રીઅન કેલેંડરમાંનો રેસાલો, તથા "સીકરેટ ડોકટરીન," પુ૦ ૨ જું.

cities, so these just-named cities may be built on emplacements of other cities of an immense antiquity."

યાને, "હંમેશ માફક, શાહનશાહ હુશંગનેજ વબુલ, બેબીલોન, અને ઇસ્પાનનાં શહેરો વસાવનાર તરીકે ગણવામાં આવે છે, તો જો કે આ શહેરો જમાનાઓ પછી બંધાયાં હતાં. પણ જેમ હાલનું દીલ્હી બીજાં ૭ પુરાતન શહેરો ઉપર બાંધવામાં આવ્યું છે, તેજ પ્રમાણે મજકુર શહેરો ઘણાજ પુરાતન જમાનાનાં બીજાં શહેરોનાં ખંડયરો ઉપર બાંધવામાં આવ્યાં હોય."

શાહનશાહ હુશંગનાં રાજ્યમાં થયલી શોધો, સુધારા વગેરે.

શાહનશાહ હુશંગને ઘણાએક હુન્નરોનો શોધક હોવાનું માન તવારીખ નવેશો આપી ગયા છે. એણે ખાણમાંથી લોહું પ્રથમ શોધી કાઢેલું કહેવાય છે, જે બારેનું વર્ણન **શાહનામાં**માં નીચે મુજબ મળે છે:—

"નખોસ્તીન યકી ગોહર આમદ બે ચંગ,
બ દાનેશ ઝે આહન જુદા કર્દ સંગ.
સરે માયે કર્દ આહને આબ ગુન.
કઝાન સંગે ખારા કશીદશ બીરૂન.
ચુ બે શ્નાખત આહનગરી પીશે કર્દ,
કુજા જુ તબર અરરેહો તીશે કર્દ."

યાને,

મળ્યું તેને પહેલાં એક ગોહર ઉમદા,
કીધા તેણે લોખંડથી પથર જુદા.
સંગમાંથી મેળવ્યું તેણે લોખંડ,
ને કીધી તેની અક્કલથી તુરત પીછાન.
હુન્નરથી બનાવ્યું તેને આબ-દાર,
ને કીધાં તેથી હુન્નરમંદ તેણે હથ્યાર.

એજ શાહનશાહના વખતમાં નેહરો ખોદાઇ હતી, અને ખેતીવાડી વગેરેનું કામકાજ ચાલુ થયું હતું; તથા એજ શાહનશાહે "શમુર તથા શંજાબ તથા કાકોમ અને તે વગેરેનો લેબાસ પેહરવાનો રેવાજ કરેઓ"* હતો. એ શાહનશાહની "અગાઉ મેવા વગેરે બીજો કાંઈ ખોરાક અને ઝાડોનાં પાતરાં વગર બીજો કાંઇ પોશાક હતો નહિં."† મેડમ બ્લાવાટસ્કી જણાવે છે કે:—

"It was his dynasty which re-discovered metals and precious stones which had been concealed by the Devs or Giants in the bowels of the earth; how to make brass-work, to cut canals, and improve agriculture."

યાને, "દેવો અથવા રાક્ષસોએ જે ધાતુઓ અને કીમતી પથરાઓ જમીનનાં ભીતરમાં સંતાડી દીધા હતા, તે એ (હુશંગ)નાં ખાન્દાને પાછા શોધી કાઢ્યા હતા; તથા પીત્તળ સંબંધી કામકાજો, નહેર ખોદવાનું કામ, અને ખેતીમાં સુધારો એણે કીધો હતો."

---

* "તવારીખે દેલ્લમોશાએ શમશેરખાની."

† સઘળી તવારીખો (ખુદ શાહનામાં સુધાં) ઉપરથી આ રીતે સાબેત થાય છે કે માણસ માત્રનો પ્રથમ ખોરાક તદ્દન સાદો, ફીરેસ્તાઇ હતો; પણ અહેરેમની લાલચથી માંસહારનો ખોરાક ખાવાનું માણસે સરૂ કીધું હતું. (વધુ ખોલાસા માટે જુઓ બુનદેહશ.)

એ શાહનશાહના વખતમાં બનેલો સૌથી અગત્યનો બનાવ, જે એક યા બીજે રૂપે સર્વ તવારીખ નવેશો વર્ણવી જાય છે તે, એ શાહનશાહના વખતમાં શરૂ થયલાં "જશ્ને સદેહ" નામનાં યાદગાર જશ્નના મહિમાના મુખ્ય સબબ

આતશની શોધ

ને લગતો છે. આ બાબેનું રસીલું વર્ણન **શાહનામાં** ઉપરથી આપણને મળી શકે છે, જે અત્રે લાયક સમજી હમો એમનું એમ ઉતારી લઇએ છીએ. શાયર ફીરદોસી જણાવે છે કેઃ—

"યકી રૂઝ શાહે જેહાંન સુયે કોહ,
ગુઝરે કર્દ બા ચંદ કસ હમ ગેરોહ.
પદીદ આમદ અઝ દુર ચીઝી દરાઝ,
સીહે રંગો તીરેહ તનો તીઝ તાજ.
દો ચશ્મઝ બર સર ચુ દો ચશ્મે ખુન,
ઝે દુદે દેહાંનશ જેહાંન તીરેહ ગુન.
નેગેહ કર્દ હુશંગ બા હુશ ઓ સંગ,
ગેરપ્તશ યકી સંગો શોદ પીશે જંગ.
બઝુરે કયાની રેહા શોદ ઝે દસ્ત,
જેહાંન સુઝ માર અઝ જેહાંનજુ જસ્ત.
બર આમદ બે સંગે ગેરાન સંગે ખુર્દ,
હમાનો હમીન સંગ શોદ ખુર્દ ખુર્દ.
ફરૂગી પદીદ આમદ અઝ હરદો સંગ,
દેલે સંગ ગશ્ત અઝ ફરૂગ આઝ રંગ.
ન શોદ માર ગશ્તેહ વલેકીન ઝે રાઝ,
અઝાન હરદો સંગ આમદ આતશ ફરાઝ.
બસંગ અંદર આતશ અઝુ શોદ પદીદ,
કઝુ દર જેહાંન રૂશની ગુસ્તરીદ.
હરાન કસ કે બર સંગ આહન ઝદી,
અઝુ રૂસ્નાઇ પદીદ આમદી.
બે ગુફતા ફરૂગીસ્ત આન યઝદી,
પરસ્તીદેહ બાયદ અગર બાખેરદી.
કે ઉરા ફરૂગે જેહાંન હદીએ દાદ,
હમીન આતશ આનગાહ કેબલે નેહાદ.
નીઆરા હમીન ખુદ આઇને પીશ,
પરસ્તીદની યઝદી ખુદ પીશ.
નગુઇ કે આતશ પરસ્તાંન ખુદંદ,
પરસ્તન્દેએ પાક યઝદાંન બુદંદ,
ચુ મર તાઝીઆનરાસ્ત મેહરાબ સંગ,
બેહ આન ગાહે શાન આતશે ખુબ રંગ
જેહાંનદાર પીશે જેહાંન આફરીન,
ન્યાએશ હમી કર્દ ઓ ખાંદ આફરીન.

યકી જશ્ન કર્દ. આન શબો બાદેહ ખુર્દ,
સદેહ નામે આન *જશ્ન ફરખંદેહ કર્દ.
શબ આમદ બર અફરાખ્તી આતશ ચું કોહ,
હમાન શાહ દરપીશે ઉ બા ગેરોહ.
ઝે હુશંગ માન્દ ઇન સદેહ યાદગાર,
બસી બાદ ચુન ઉ દીગર શહેરયાર.
કઝ આબાદ કરદંન જેહાંન શાદ કર્દ,
જેહાંની બ નીકી અઝ ઉ યાદ કર્દ.

યાને, એક દહાડે જેહાંનનો પાદશાહ કેટલાંક માણુસોને સાથે લઈને પહાડની તરફ જતો હતો, (તેવામાં) દુરથી એક લાંબી, કાળા રંગ તથા શરીર વાલી, અને ઝડપથી દોડતી ચીજ નજર આવી. તેના સરના ઉપરના ભાગ ઉપર લોહીના ચશ્મા જેવી બે આંખ ઝલક આપતી હતી, અને તેના મોઢાંના ફુંફ્રારાથી કરી તમામ જેહાંન સીહા રંગની બની હતી. હુશંગે અક્કલ અને હુસ્યારીથી તે તરફ નેગાહ કીધી, અને એક પથર ઉંચકીને તેની સાથે લડાઇમાં આગલ વધ્યો. તેણુ પોતાનાં પાદશાહી જોરે કરી (તે પથરને) પોતાનાં હાથમાંથી છુટો કીધો, અને તે જેહાંનને બાલી નાખનારો સાંપ, પાદશાહ આગલથી નાઠો. તે નાનો પથર એક મોટા પથર સાથ અથડવાથી બેઉ પથરોના ટુકડે ટુકડા થઈ ગયા. તે બંને પથરોના ઘસારાથી એક રોશની જાહેર થઇ, અને તે રોશનીથી તે પથર હાથીદાંત જેવો રોશન થયો. તે સાંપ તો મરી ગયો નહિં, પણ જે છુપું હતું તે જાહેર થયું, યાને તે બે પથરમાંથી આતશ જાહેર થયો. તેનાથી પથરમાંથી આતશ જાહેર થયો, અને તેથી દુન્યામાં રોશની ફેલાઇ. જો કોઈ પથર ઊપર લોઢું અફાળે છે, તો આતશ પેદા થાય છે. તે રોશની યઝદાં તરફની છે, અને તેટલા સારૂ અક્કલ સાથે તેની પરસ્તેશ કરવી જોઇએ, કે તેણુ તેને જેહાંનને રોશન કરનારી ચીજની બક્ષેસ આપી છે. તેણુ (હુશંગે) તેજ આતશને પરસ્તેશને લાયકની ચીજ બનાવી. (ફીરદોસી પોતાની કોમનાઓને કહે છે કે) આપણા બુઝર્ગોમાં એવોજ રવૈયો જાયઝ હતો, અને ખોદાની પરસ્તેશ તેઓમાં રેવાજ પામેલી હતી. તું એમ ના કહે કે તેઓ આતશ પરસ્ત હતા; તેઓ પાક યઝદાંના પરસ્તેશ કરનારા હતા. જે પથરને અરબસ્તાન મધે મેહરાબમાં રાખયો છે, તેની જગ્યાએ ખુશરંગ આતશને રાખવો બેહતર છે. પાદશાહ હુશંગે જેહાંનને પેદા કરનાર હજુર બંદગી કીધી, અને તેના ઉપર દોઆ કીધી. તેણુ તે રાતે એક જશન કીધું, અને શરાબ પીધો, અને એ મુબારક જશનનું નામ સદેહ* કરી રાખયું. રાત પડી, અને આતશને એક ડુંગરની મીસાલે સલગાવયો, અને તેની આસપાસ પાદશાહ અને રૈયતે બંદગી કીધી. હુશંગથી કરી એ સદેહ આ દુન્યામાં યાદગાર છે; તેના જેવા બીજા ઘણા પાદશાહો આ દુન્યા ઉપર થજો. કારણ કે તેણુ આબાદી ફેલાવીને જેહાંનને ખુશાલી ભરી કીધી છે, અને તમામ જેહાંન નેકી સાથે તેને યાદ કરે છે."

તવારીખો મુજબ આતશની શોધ પહેલ વહેલી શાહનશાહ હુશંગના જમાનામાં થઇ

* "જશ્ને સદેહની બોલેબોલની માયની કર્યે તો સો દીવસનું જશન એવી થાય છે, અને ખરેખર જોતાં આદર મહિનાના આસતાદ રોજથી ગણતાં ફરવરદીન મહીનાના અહુરમઝદ રોજ યાને નોરોઝને સો દિવસ બાકી રહે છે, તે ઉપરથી એ જશનનું નામ જશ્ને સદેહ કરી રાખેલું છે."—(**મરહુમ કસ્તુરજી સાહેબ ફરદુનજી દારાબજી જામાસ્પ આસાના**) બાજે ગ્રંથકારોના જણાવ્યા પ્રમાણે રોશન થયલા આતશમાંથી સદેહ નામની ઝાડી સલગી ગયાથી એ જશનને જશ્ને સદેહ કરી કહે છે.

હતી, પણ બુનદેહશ કેતાબ પ્રમાણે ગયોમર્દનાં લોખંડમાંથી ઊત્પન થયલાં જોડાં મશ્ય અને મશ્યાઈના વખતમાં એ શોધ થઇ હતી.

શાહનશાહ હુશંગના વખતમાં થયલી એ શોધ બાબેનું શાહનામાં મયેનું ઉપલું વર્ણન ઉંચી જાતના ભેદી અંલકારથી ખાલી નથી; જે સઘલાંની સમજ એમા આવેલા ચોક્કસ શબ્દોને સાધારણ મતલબથી જુદાંજ રૂપમાં લેતાં એ જશનની શરૂઆતને માટે કોઇ જુદાજ સબબથી ખોલાસાવાર રીતે મલી શકે એમ છે. આ શોધના સંબંધમાં એક બાબત ખસુસ કરીને ધ્યાનમાં રાખવાની છે, અને તે એ કે એ શોધ વખતે, કેટલાકોના કહેવા પ્રમાણે, શાહનશાહ હુશંગે ચોકસ મોઅજેઝો કરી દેખાડયો હતો, જે ઉપરથી **શાહનશાહ હુશંગની પેગંબરી લોકો તરફથી કબુલ થઇ હતી.**

પેગંબર હોશંગની દીન, ક્રીયાઓ, રેવાજો, મોજેજાઓ વગેરે.

શાયર ફીરદોસી જણાવે છે કે:—

> "પરસ્તીદને યઝદી બુદ પીશ,
> નીઆરા હમીન બુદ આઇનો કીશ."

યાને, "યઝદાંની પરસ્તેશનું કામ જે એના ન્યાગાનની રાહ અને રેવાજ હતો, તે એના વખતમાં આગળ વધેલું હતું."

શાહનશાહ હુશંગની **"દીન,"** મઝદયસ્ની, યઝદાં પરસ્તી, તથા પઓર્યોતકેશી, યાને **"પ્રથમ દીન"** તરીકે સાધારણ રીતે ઓલખાય છે. એવું કહેવાય છે કે યજશ્ને, વંદીદાદ, વીસ્પરદ વગેરેની ક્રીયાઓની શરૂઆત શાહનશાહ હુશંગના જમાનાથી થઇ હતી.*

(આવાં) અરદીબેહેસ્તુર, કુવારપ (ગોશ), વય (રામ), અને (અષી) અર્શીસ્વંઘ યશ્તો ઉપરથી માલમ પડે છે કે, શાહનશાહ હુશંગે એ યઝદી શકિતઓની આરાધના કરી "માઝંદરાન અને ગીલાન"ના નાશકારક અને નાપેકાર દેવો ઉપર ફતેહ મેળવી હતી. ઉપરાંત, "દેવો, જાદુગરો, પરીઓ, શાતરો, કવીઓ અને કરંપનો" ઉપર એ પાદશાહે પાદશાહી કીધેલી કહેવાય છે.

એ શાહનશાહની રયાઝત પોતાના પેદર સ્યામક મીસાલની હતી. દસાતીર મુજબ એણે મંગળ(મીરરીખ=બેહરામ)ની આરાધના કીધી હતી.†

શાહનશાહ હુશંગે ઘણાએક મોઅજેજાઓ કીધેલા કહેવાય છે. જેમાંના મુખ્ય એ હતા કે પોતે પથરમાંથી રોશન કીધેલા આતશને, પથરને, તથા આગળ જણાવેલો અઝદાહ જે આતશ રોશન થયાથી મરણ પામેલો હતો, તેને એક વાર પાછો સજીવન કરી તે સર્વમાંથી પોતે ચોક્કસ સવાલોના જવાબો મેળવ્યા હતા, અને ત્યારબાદ આતશને કેબલા તરીકે ગણવાને, તથા શાહનશાહ હુશંગની પેગંબરી કબુલ રાખવાને લોકો બંધાયાં હતાં. પુછાયલા સવાલોના જવાબો આપ્યા બાદ તુરતજ ઉપલો અઝદહા મરણ પામેલો જણાવવામાં આવે છે.

એના દાદ અને ઇન્સાફથી સઘળે આબાદી ફેલાઈ હતી, અને જેહાંન ખુશાળ અને જેબ આપનારી થઇ હતી. શાહનામાં મુજબ એનો ઇન્સાફ એટલો તો બધો હતો, કે ગોસ્પંદો વગેરેની પરવરેશ માટે વટીક એના તરફથી સખત તાકીદ કરવામાં આવી હતી.

શાહનશાહ હુશંગે લખેલી કેતાબો.

શાહનશાહ હુશંગે ઘણી એક કેતાબો લખેલી કહેવાય છે, જે સઘળી જમાનાના દોરમાં તારાજ થયલી માલમ પડે છે. એની કેતાબોમાં જે મુખ્ય કેતાબોનાં નામો આપણને મળે છે

---

* મઝદયસ્ન ધર્મ-પુસતકોનાં પુરાતનપણાં બાબે જુઓ "સીક્રેટ ડોકટરીન," પુ૦ ૨ જું, પાનું ૩૫૬. (બીજી આવૃતી.)

† દસાતીરમાં આવેલાં એનાં વરણનને જામે કેખશરૂ સાથે સરખાવો.

તે "શારેસ્તાને ચેહાર ચમન"ના લખનારે ટાંકેલી "ઓરંદ નામે" નામની તથા હાલમાં મોજુદ રહેલી "જાવેદાને ખેરદ" નામની કેતાબો છે. હાલમાં બચી રહેલી "જાવેદાને ખેરદ" અસલ કેતાબનો એક ભાગ કહેવાય છે. આ કેતાબમાં સાદા નસીયતના સુખનોનાં પડમાં ખોદાઈ સચાઇઓ સમાયલી માલમ પડે છે. ઉંચી જાતની નીતિને લગતા ઘણાએક ગુપ્ત નિયમોની સમજ ફકત સાદી નસીયતોમાં વિંટાળી દીધી છે, જે વારંવાર વાંચીને વીચાર કીધાથી ધીમે ધીમે સમજ પડી શકે છે*

આ કેતાબનો અરબી જબાનમાં હશન સેહલ નામના કોઇ ઉસ્તાદે તરજુમો કીધો હતો, એમ નામે-એ-ખુસ્રવાંનના લખનારની સત્તાથી માલમ પડે છે.

શાહનશાહ હુશંગની જાતી બુઝર્ગી.

યઝદી શકતીઓમાં પુર કામેલ આ પેગંબર-પાદશાહની દાનાઇ માટેની બીના લગભગ સઘલી તવારીખોમાંથી મળી શકે છે. બારીકીથી તપાસતાં એ મહાન નરની ખરી ખુબી માલમ પડે છે. "અંતર જગત પ્રવાસ"ના જાણીતા કર્તા મી૦ બેહરામજી ડોસાભાઇ બસલી એ મહાન નર માટે નીચલા શબ્દોમાં પોતાના વિચારો જણાવે છે:—

"હોશંગ તથા જમશેદ જેવા રાજ-યોગીને અમશાસ્પંદ તરીકે કહેલા સમજું છું. આ યઝત અમશાસ્પંદને નામે ઓળખાતા સાલેક જેવા તેવા ન હતા. એ સીધ પુરૂષો વરસ દહાડો સુધી "ખુર્દેહ ખુરપ" રહી શકતા. તેઓ દોઢસો વર્ષ સુધી જીવી શકતા. બહુ ઘડપણે જ્યારે કાયા જીર્ણ થઇ જતી, ત્યારે પોતાના ખોળયામાંથી જાન બહાર કાઢી આપોઆપ સ્વધામ ચાલ્યા જતા......તેઓ "ભોંયરામાં" એકાંત રહી યોગ-અભ્યાસ ચલાવતા......તેમના જાનની અત્યંત સફાઇને લીધે તેમનાં રવાનનું નુર એવું ઝળકતું કે અંધારૂં તો રહેતુંજ નહિં. (જુઓ જામે કેખશરૂ.)"

શાહનશાહ હુશંગની આત્મીક ફીલસુફી.

ખોદાશનાસ લોકોમાં મશહુર ઉસ્તાદો મોબેદ સરોશ બીન કયવાંન બીન ક્ઝામગાર તથા મોબેદ દાદપોઈ બીન હોશઆઇનની રચેલી કદીમ જમાનાની ખેસ્તાબ, ઝરેદસ્ત અફશાર, તથા ઝીદેહરદ નામની ત્રણ કેતાબો, "કે જેને ખોદાઈ ભેદનો ખજાનો કરી કહેલું સઝાવાર છે," તે ત્રણે કેતાબોમાં શાહનશાહ હુશંગની આત્મીક ફીલસુફીના ઊમદા સખુનો નજરે પડે છે. પહેલી કેતાબ ખેસ્તાબ, જે અસલ કદીમ ફારસી ઝુબાનમાં સત આઝર સાસાંને પન્જુમના શાગેર્દ ખેસ્તાબે લખેલી હતી, તેમાં શાહનશાહ હુશંગ માટે નીચલા સખુનો મલે છે:—

"મોટા મરતબાનો હઝરત વખ્શુરાંન વખ્શુર યાને પેગંબરોનો પેગંબર હોશંગ ફરમાવે છે કે વાજેબ-ઉલ-વજુદ એટલા સારૂ કે તે વાજેબ-ઉલ-વજુદ છે. માટે તે પોતાની જાતી ઠરેલી શખ્શીયતપણાંનો તકાઝો યાને દાવો કરે છે, ત્યારે તો વાજેબ-ઉલ-વજુદ એકજ શખ્શ હોય, એકથી વધારે નહિં હોય. અગર એમ નહિં હોય યાને પોતાની જાતથી ઠરેલો શખ્શ નહિં હોય, ત્યારે તો લાઝમ થાય છે કે વાજેબ-ઉલ-વજુદની જાત વતરેગ કોઇ બીજા સબબથી ઠરેલો હોય, ત્યારે તો વાજેબ-ઉલ-વજુદ બીજાનો મહોતાજ હોય. અને જે બીજાનો

---

* આ "જાવિદાને ખેરદ" યાને "હમેશગીની દાનાઇ"નો હાલનો મોજુદ ભાગ જે મરહુમ મી૦ પાલનજી જી૦ દારુવાલા તરફથી પ્રગટ થયો હતો, તે આ ચોપાન્યાંના પાછલા ભાગમાં હમોએ એમનો એમ ઉતારી લેવાનું દરસત ધાર્યું છે.

મહોતાજ હોય તે મુમકેન હોય; વાસ્તે ઠરી ચુકેલો વાજેબ-ઉલ-વજુદ મુમકેન-ઉલ-વજુદ* થઈ જાય. પણ એ વાત મોહાલ છે, યાને એમ કદી બનેજ નહિં, માટે વાજેબ-ઉલ-વજુદ યાને ખોદાતાલા એકજ છે, બે નથી."

કેતાબે ઝરેદસ્ત અપ્શાર કે જે અસલ કદીમ પ્રારસી ઝુબાંનમા આદેલ શાહનશાહ નોશેરવાનના બેટા હોરમઝદશાહના વખતમાં "હોશગોએ" નામના પ્રાઝેલ હકીમે લખી હતી, અને જેનું અસલ નામ "આઝરગુશસ્પ" કરી હતુ, તેમાં શાહનશાહ હુશંગના વિચારો નીચલા સખુનોમાં રજુ કરવામાં આવ્યા છેઃ—

"હઝરત પેશદાદી પેગંબર શાહનશાહ હુશંગ પ્રરમાવે છે કે એક ચીજ કાંય કે તે એકજ ચીજ છે, તેમાંથી અગર બે ચીજ નીકળે તો, એકનું નીકળવું બીજી કરતાં જુદી ભાતનું હોય, યાને તે બધે વસ્તુ સરખી નહી હોય, પછી એમાંથી બે વિરોધી અરથ નીકળે છે. માટે જ્યારે એ બંધે વિરોધી અરથ ઇલ્લતમાં † દાખલ હોય, ત્યારે તો એમ લાઝમ થાય કે ઇલ્લત વાહેદ નહીં હોય, યાને ખોદાતાલાની જાતમાં વધારો આવે. અને અગર ઇલ્લતમાં દાખલ નહીં હોય તો અરઝ અથવા આરેઝી ‡ વસ્તુ હોય. હવે એ બે આરેઝી વસ્તુ પેલી ઇલ્લતમાંથી નીકળવા વિષેની વાત પાછી ત્યાંની ત્યાંજ આવે છે, જેમ ઉપર બે માલુલના નીકળવામાં આવી; વાસ્તે જો એમ હોય તો લાઝમ થાય છે કે ઇલ્લત વાહેદ § નહિં હોય, યાને ઇલ્લતે ઉલા ૧ જે ખોદાતાલા છે, તે એક નહીં ઠરે, યાતો તસલસુલ ૨ ઉપર વાત જાય. પણ એ બંધે વાત મોહાલ તથા નહિં બનવા જોગ છે."

કતાબે ઝીંદેહરૂદ કે જે અસલ કદીમ પ્રારસી ઝુબાનમાં "ચશ્મે-એ-ઝેન્દગી"નાં નામ હેઠળ ઝેન્દે-એ-આઝરમ નામના ઉસ્તાદને હાથે લખાઇ હતી, તેમાં **આત્મા** માટે શાહનશાહ હુશંગના નીચલા વિચારો આપવામાં આવ્યા છેઃ—

"હઝરત પેગંમબર "હોશંગ" પેશદાદી પ્રરમાવે છે કે "સુરતે માકુલાત" ઈઆંને ગનેઆંની મુરતીઓ જે આતમામાં આવી મલે છે અથવા એકઠી થાએ છે તે કેટલી અને કેહેવાંથી નીરાલી છે ઇઆને આપણી વશતુ છે તેહેનાં ભાગ થાઇ શકતા નથી, અને તેહેનું

* "**મુમકેન-ઉલ-વજુદ.**—વીદેઆવાંન લોકોની બોલીમાં તે વસતુને કહે છે કે જેની હસતી તથા નીસતી બંધેની જરૂરત નહીં હોય, યાને તે હોય અથવા નહિં હોય, તેની અગત નથી. એથી મોરાદ આએ સંસારની પેદાયશ, જેમકે ઈન્સાંન, હેવાંન, ઉરવર વગેરે બીજી વસતુ."—(**મરહુમ મોબેદ ડોશાભાઇ સોરાબજી મુનશી.**)

† "**ઇલ્લત.**—સબબ તથા કારણને કહે છે. પણ વિદેઆવાન લોકોની ઇસ્તેલાહમાં પેદા કરનારને કહે છે, અને માલુલ પેદા થયલી વસતુને કહે છે. જેમ કે ઇલ્લત તે બાપ અને માલુલ તે છોકરો."—(**મરહુમ મોબેદ ડો૦ સો૦ મુનશી.**)

‡ "**આરેઝી.**—તે એક અકસમાત વસતુને કહે છે, જે પોતાની જાતથી કાયમ નહિં હોય. જેમકે કાલાક જે લાકડાંમાં છે તે લાકડાંનો મહોતાજ છે. લાકડું હોય તો કાલાક હોય; માટે લાકડું છે તે જોહર છે, અને કાલાક છે તે અરઝ છે."—(**મરહુમ મોબેદ ડો૦ સો૦ મુનશી.**)

§ "**વાહેદ.**—એખલો એક જેમાં બહુવચન તથા વધારો નહિં હોય."—(**મરહુમ મોબેદ ડો૦ સો૦ મુનશી.**)

૧ "**ઇલ્લતેઉલા.**—પહેલો સબબ તથા પ્રથમ કારણ; એટલે જે ખોદાતાલાની પાક જાત કાંજે ખોદાતાલા જે છે તે સઘલી પેદાયશનું પ્રથમ કારણ તથા પહેલો સબબ છે, અને એ છે તો પેદાયશ છે."—(**મરહુમ મોબેદ ડો૦ સો૦ મુનશી.**)

૨ "**તસલસુલ.**—અરબી ભાષામાં એક ચાલુ સેલસેલાને કહે છે, કે જેનો છેડો તથા અંત આવેજ નહિં. એક પછી બીજો, બીજા પછી ત્રીજો એ પ્રમાણે અનંત ચાલુ રહે તેને કહે છે."—(**મરહુમ મોબેદ ડો૦ સો૦ મુનશી.**)

આખાપણું બેએ ભાતથી બાહેર નથી. ઇઆતો તે પોતાની જાતે આખા છે ઇઆ જે જગોમાં ઉતરે છે તે જગોને લીધે છે. પણ પેહલી વાત કદાચીતજ હોએ કાંજે તે ચીજ કેટલી તથા કેહેવી એ વાતથી ખાલી નહી હોએ; માટે બીજી વાત ખરી ઠરે છે કે જે જગોમાં તે ઉતરે છે તે એતબારથી આખી વશતુ છે ઇઆંને આતમામાં ઉતરે છે તેથી આખી વશતુ છે અને એ આતમા તે વશતુને આખી કરી આપે છે અને જેહેવી તે હોએ તેહેવા તેહને પીછાંણી શકે છે, વાશતે શાબેત થાએ છે કે જે વશતુ ગનેઆની મુરતીઓને કબુલ કરનાર તથા લેનાર હોએ તે કાએઆ વશતુ નહી હોએ.

વધારે રોશન કરી દેખાડું છું કે જારે આંખ ચાહેકે એક ચીજને દરીઆપ્ત કરે અને શમજે તારે તે ચીજ તેહેની શનમુખ લાવવી જોઇએ તારે તેહેને શમજી શકશે. પણ જારે ખીઆલ ઇઆને શોચનાં ચાહેકે તે ચીજને ઓલખે અથવા દરીઆપ્ત કરે તારે તે ચીજને તેહેની શનમુખ લાવવાની હાજત નથી અને તે ચીજ હાજર નહી હોએ તોપણ દરીઆપ્ત કરી શકે છે અને જોઇ શકે છે. પણ તેહેને "આરેઝીઆત" થી જુદી પાડી શકતી નથી કે કેટલી અને કેહેવી છે; જેમ કપડું છે અને તેહેનો રંગ અને "મીકદાર" ઇઆને અંદાજો કે આટલું લાંબુ—પોહલું છે. અને અકલ જારે ઇછે છે કે કોઇ વશતુને દરીઆપ્ત કરે અને શમજે તારે જે કાંઈ ઉપર કહેઉં તે શઘલું જુદું પાડે છે અને નીરાલું કરી આપે છે ઇઆંને દેખઈતી કાએઆ વશતુ હોએ તેહેને "માઆકુલ" કરે છે, ઇઆને તે વશતુને ધ્યાનમાં લેઇને કાએઆ વશતુની મુરતી જેહેવી બનાવે છે કે તે શઘલી કાએઆ વશતુની મુરતી જેહેવી થાએ છે. હવે જાણવું કે પેલી મુરતી જે અકલ તથા ધ્યાનમાં આવે છે તે જો શરીર વશતુમાં પેદા થાતી હોતે તો તેહેનો એક ખાશ અંદાજો પેદા થાતે. જેમકે અગર શરીર વશતુ એક ગજ અથવા બેએ ગજ હોતેતો તે મુરતીબી એક ગજ અથવા બેએ ગજ હોતે. પણ એમ નથી, ઈઆને જે વશતુ જેહેનમાં આવે છે તેહેનો અંદાજો માલેમ પડતો નથી માટે તે કાએઆ વશતુ નથી. વલી જાણવું કે જારે તું કોઇ ચીજને દરીઆપ્ત કરે છે તારે તે ચીજ તાહરા જેહેનમાં પેદા થાએ છે—જો એમ નહીં હોતેતો કાંઇ ચીજ જાહેર નહીં થાતે. વલી જાણવું કે એ મુરતી કે જે જેહેનમાં આવે છે તે અગર દરીઆપ્ત કરતી વેલા કાએઆ અથવા શરીરમાં પેદા થાતી હોએ ઇઆને ઘડીભર એમ ધારવીએકે તે મુરતી શરીર વશતુમાં આવે છે ઈઆને તે ચીજને કાએઆ ધારી તથા શમજી શકે છે, તારેતો કાએઆ છે તે માઆદાથી ઈઆને "મટીરીઅલ" થી છે વાશતે જે ચીજ કાએઆમાં હોએ તેબી માઆદા હોએ ઈઆને "મટીરીઅલ" હોએ તારેતો તે હાલતમાં પેલી મુરતી જે ધ્યાનમાં આવે છે તે એક દેખઈતી ચીજ જેહેવી થવી જોઇએ અને તવેલા તેહેનો અંદાજો થાઈ શકે છે અને તે અંદાજો એછે કે થોડું ઘણાંમાંથી જાહેર થાએઉં એમ થાએ. પણ એ વાત મોહાલ છે ઇઆને બનવા જોગ નથી કાંજે પેલી મુરતી જે જેહેનમાં આવે છે તેતો માઆદાથી નીરાલી વશતુ છે ઇઆને "મટીરીઅલ" નથી. અને અગર તું ઉ કેહેશેકે તે નથી કાંઇ વશતુ—નથી આખી—નથી ઘણી—નથી થોડી—તારેતો તે નથી કશી ચીજ—નથી આખી—નથી ઘણી—નથી થોડી. હવે જે વશતુ એ પરમાણેની હોએ તે નહીં જુજ હોએ—નહી કુલ હોએ. અને તુંતો કહે છે કે તે એક જુજ છે ઇઆંને એક ભાગ છે વાશતે એવાત મોહાલ છે. હવે જાણવું કે જારે પેલી સુરત જે જેહેનમાં આવે છે તે નથી માઆદા ઇઆને નથી "મટીરીઅલ" વશતુ અને નથી તરણ ભાગે વેહેંચાઈ શકાતી અને નથી તે કાએઆ વશતુ; તારે તેહેની જગો ઇઆને જે જગોમાં તે રેહે છે તે જગો બોલતી આતમા છે. એ દલીલથી મોરાદ એ છે કે આતમા કાએઆ વશતુ નથી કાંજે જે ચીજ એહેમાં આવે છે તે કાએઆ વશતુ ઠરતી નથી તારે એ આતમાબી કાએઆ વશતુ નથી ઠરતી."

આત્મીક ફીલસુફીના સંબંધમાં ઉપર આપેલા શાહનશાહ હુશંગના વિચારો* લાંબા અભ્યાસ વગર કદી પણ સમજમાં ઉતરી શકે નહીં. ઘણાજ પુરાતન જમાનામાં આત્મીક ફીલસુફી કેટલી સંપુર્ણ હાલતમાં હતી, તેનો એક ઝાંખો ખ્યાલ ઉપર ટાંકેલી ત્રણે કેતાબો ઉપરથી મળી શકે છે.

શાહનશાહ હુશંગને લગતી બીજી ઘણીએક બીનાઓ જુદી જુદી પુરાતન કેતાબોમાંથી મળી શકે છે, જે સઘળી એ મહાન્ નરની જાતી બુઝર્ગી પુરવાર કરે છે. પણ આટલા ટુંક અર્કથી સંતોષ પામી આપણે હવે

શાહનશાહ હુશંગનાં "મરણ"

ની બીના ઉપર આવ્યે. લગભગ સર્વે તવારીખ નવેશોના જણાવ્યા મુજબ એ શાહનશાહે ૪૦ વરષ રાજ્ય કરયું હતું. એ મહાન નરનાં મરણની બીના ઉપર આવતાં "નામે-એ-ખુસ્રવાન" નો લખનાર જણાવે છે કે:—

"એ શાહનશાહે એક દીને પોતાના બેટા તેહમુરસને બોલાવી મંગાવ્યો અને તેને કહયું કે, 'મારા વ્હાલા બેટા! તારી નેક અકકલ, સચાઇ, દાનાઇ તથા હુનર ઉપર હું પુર ઉમેદ રાખુ છું. તારામાં ડહાપણનો નકસ ખીલી નીકળયો છે, અને તું તખ્તનશીન થવાને લાયક છે. મારી પછી તું છે, માટે મારો દેશ તારે હવાલે સોંપું છું; અને એક પ્રજાની પરવરેશનું કામ તને સોંપું છું.' આટલી નસીયત કહી એ શાહ પોતાના ન્યાગાનોનાં દોખ્મામાં તરફ ગયો, અને જયાં સુધી આ ફાની જેહાંન છોડી ગયો, ત્યાં સુધી તે જગયા ઉપર યઝદાંની આરાધનામાં મશગુલ રહયો."

એ શાહનશાહનાં મરણની બીના ઉપર આવતાં શાયર ફીરદોસી નીચલા અસરકારક સુખનો લખી જાય છે:—

"ઝમાને ન દાનશ ઝમાની દેરંગ,
શોદ આન શાહ હુશંગ બા રાયો હંગ.
ન પએવસ્ત ખાહદ જેહાંન બા તો મહેર,
ન નીઝ આશકારત નુમાયદ ચહેર."

"જયારે દાનેશમંદ અને નેક બુધીના પાદશાહ હુશંગ જેવાને જમાનાએ એક પળવારની ઢીલ આપી નહીં, ત્યારે દુન્યા તારી ઉપર માયા અને મહોબત કદી રાખશે નહીં, અને તે ખુલી રીતે પોતાનો ચહેરો કદી પણ દેખાડનાર નથી."

શેહનશાહ હોશંગની જાવીદાને ખેરદ.

દરેક ચીજની શરૂઆત અને અંત ખોદાથી છે, તથા દરેક બાબતમાં મદદ અને મેહેરબાની તે સાહેબ સીવાય બીજા કશાથી અને કોઇથી મલી શકતી નથી. માટે જે કોઇ સરૂઆતને પીછાણતો હોય તેણે શુકરાના કરવા, અંતને જાણતો હોય તેણે ખરાપણું રાખવું, મદદને સમજતો હોય તેણે નાચારી ધરાવવી, તથા જે કોઇ તે સાહેબની મેહેરબાનીનો રસ્તો પામતો હોય તેણે મગરૂરી તજવી જોઇએ.—ખોદાની તરફથી બંદાને આએ દુનિયામાં જે સૌથી સરસ ચીજ અપાયલી છે તે ફીલસુફી, અને જે મેવટ (પેલી દુનિયા) માં અપાયલી છે

* આગળ ટાંકેલા ત્રણે ફકરા મરહુમ મોબેદ ડો૦ સો૦ મુનશીએ એ ત્રણે કેતાબોના કીધેલા ગુજરાતી તરજુમા ઉપરથી અત્રે લીધા છે. અને જોકે સાધારણ વાંચનારને લાગશે એમાંથી કાંઈ પણ સમજ પડશે, છતાં લાંબા અભ્યાસથી આત્મીક સચાઇના સબકો એ શબ્દોમાં સમાયલા, આતુર અભ્યાસીઓ જોઇ શકશે.

તે (તેઓના ગુનાહોની) માફી છે.—તે સાહેબને પીછાણવાની સૌથી સરસ રીત એ છે કે, પોતાના દીલમાં હમેશાં ચાનક રાખવી જેથી બુરાં કામો થાય નહી અને અગર જો થાય તો તરત પશેમાન થઇને ફરી તેહની પુંઠે જવું નહીં.—માણુસ સારૂં સૌથી ઉત્તમ ચીજ—તે નચીંતાઇ, ઉત્તમ શબ્દો તે ખોદાતાલાની એગાનગી (એક જાણુવા) ના શબ્દો, અને ખરૂ એકીન તે તે સાહેબને પીછાંનવું છે.—ગ્યાનનો પાયો તે (ગ્યાન) પર કામ કરવાનો અને કામનો પાયો પેગમબરોની ચાલચલણુ (તથા હુકમો) પર અને તે ચાલચલણુ (તથા હુકમો) ને પુગવું તે ખરી ધારણાથી હોય છે.—ધર્મી ધારો તેનાં ડાખળાં તથા પાદડાંની સાથે, થાંભલા તથા મીનારાવાલા એક કીલ્લાની માફક છે કે જયા રે તે થાંભલાઓમાનો એકુ અગરજો પડવાની ધારણા કરેતો બીજા પાયાઓબી નાશ થતા જાય છે.—ભલાં કામો ચાર પાયા પર છેઃ—ગ્યાન, કામ, છાતીની સલામતી, અને પરેહજગારી. ગ્યાન—તે દીન અને દુનિયાની જરૂરતી ચીજોને પીછાણુવી. કામ—તે ગ્યાનને લગતાં કામો કરવાં. છાતીની તંદરોસ્તી—તે કીનો અને અદેખાઇનો નાશ કરવો. અને પરેહજગારી—તે દરેક કામોમાં ગભરાતને લજી સબુરી પકડવી. બંદાઓના કામો માત્ર ચાર ગુણુપર રચાયલાં હોય છેઃ—ગ્યાન, ધીરજ, પરેહજગારી, અને ઇનસાફ. ગ્યાન—તે ભલી ચીજોમાં ભેળવાઇ ભુંડી ચીજોથી દુરી પકડવા સારૂં છે; ધીરજ—તે ધર્મમાં પોતાનો માલ અને સ્થીતીને ભલી રાખવા તથા દુનીયામાં માલની બક્ષેશ અને ભલી ચાલ ચલાવવા સારૂં છે; પવિત્રાઇ—તે બુરી ઇચ્છાની વખતે પોતાને અટકાવવો, અને પુરતી ગરજની વખતે પોતાની આબરૂ સાચવી રાખવા સારૂં છે; અને ઇનસાફ તે ખુસી અને ગુસ્સાને મધયમ રાખવા સારૂં છે.—ગ્યાન ચાર રીતમાં સમાયલું હોય છેઃ—સચ્ચાઇનું મુલ, સચ્ચાઇનાં ડાખલાં. (એટલે તેહને લગતું), સચ્ચાઇની ધારણાં, (કે તે સીવાય સચ્ચાઇ બની શકતી નથી,) અને જુઠાઇને સમજવું. (કારણુ કે સચ્ચાઇ જુઠાઇ વગેરે બીજા કસાંથી નાશ થતી નથી.)—ગ્યાન અને કામ—તે શરીર અને આત્માની માફક એક બીજા સાથે સંબંધ ધરાવે છે કે અગરજો તે બેમાનુ એકુ એકલું હોય તો તેનાથી કસો ફાયદો ઉતપન થતો નથી.—સચ્ચાઇ બે રીતની હોય છેઃ—એક જાહેર કે જે પોતાની મેલે ખુલ્લી છે તે, અને બીજી છુપી કે જે દાખલા અને સાબેતી સીવાય પીછાણુવામાં આવતી નથી; તેમજ સચ્ચાઇની માફક જુઠાઇબી બે રીતની છે. (એકતો વગર બોલવે ખુલ્લી થાય છે, અને બીજી બોલવાથી જાહેર થાય છે.)—માણુસોને પોતાના કામો પાર પાડવામાં ચાર ચીજ પુરવી શકતી આપે છેઃ—શરીરની તંદરોસ્તી, પૈસા, પુરતી ધારણા, તથા ખોદાતાલાની મદદ.—છુટકારાના રસ્તા ત્રણ છેઃ—સાચો માર્ગ, પરેહજગારી, અને હલાલ રોજી.—જેમ ગ્યાન તે જીવ, અને કામ તે શરીરની માફક, તથા ગ્યાન તે મુળ અને કામ તે ડાંખળાં, અથવા ગ્યાન તે બાપ, અને કામ તે ફરજંદની માફક હોય છે. (એટલે જેમ છોકરાથી બાપનું નામ સચવાય છે તેમજ બાપ વગર છોકરોબી ઉતપન થતો નથી). તેમજ કામ ગ્યાનની જગ્યા અને ગ્યાન કામની જગ્યા ઠરાવે છે.—જે કંઇ થોડું ઘણું આપણા કબજામાં હોય તેપર સંતોષ ધરવામાં તવંગરી હોય છે. (કંઇ દોલતથી નથી.)—પોતાની બુરી ઇચ્છાઓને તજવે સુખ અને છુટકારો મલે છે, તેમજ લોકોથી કંઇ ચીજની માંગણી નહી કરવે માણુસ સર્વેનો ચાહ મેળવે છે.—થોડા દીવસ સંકટ ખમવાથી ઘણા દીવસો સુધી સુખ મળે છે.—ખરી તવંગરી ત્રણ ચીજમાં છેઃ—જાતીદાનાઇ—કે જે દુનિયા તથા ધર્મનાં કામમાં ચોકસ હોય, શકતીવાન શરીર—કે જે ખોદાની ભકતી કરવાની પુંઠે લાગવામાં હમેશ મદદ કરનારૂં થાય, (જેથી કયામતના દીવસને વાસ્તે તે ભકતીનું ભાતુ મેળવી રાખે) તથા બલા અને ગરીબાઇની સંકટ ખેંચવામાં સબુરી પકડનાર બને, અને ખોદાની આપેલી ચીજોપર સંતોષ ધરવામાં ખરી તવંગરી છે.—દીલમાથી લોભને તજો કે

જેથી તમો તમારા પગને ફાંદા (મેહનત અને સંકટ) માંથી છોડવી તમારા શરીરને નચીંતાઇમાં પુગાડો.—જે કોઇ જુલમગાર પોતે સમજે કે તે જુલમ કરે છે અને અગરજો લોકો તેની ગમે તેવી વખાંણ કરતા હોય તોપણ તે કંઇબી રીતે (પોતાનાં દીલથી) પશેમાંન થાય છે, પણ જુલમ ખમનારને અગરજો લોકો ગમે તેટલો ઠપકો દેતા હોય તોપણ તે (પોતાનાં દીલમાં) પશેમાન થતો નથી.—સંતોષી ગમે તેટલો ભુખો અને નાગો હોય તોપણ તે તવંગર છે, અને લોભી અગરજો આખી દુનિયા ધરાવતો હોય તોપણ તે ગરજવંત અને ભીખારી છે.—ભલાં કામો કરવામાં દીલ અને છાતી મોટી રાખવી–તે બાહાદુરી; નાલાયક સ્વભાવોથી અને દુઃખ ભરયાં કામોમાં ધીરજ ધરવી તે સબુરી; ખરા ગરજવંતાઓપર જાતી દયા લાવવી અને પોતાની કીમતી ચીજોને યોગ્ય ઠેકાંણે બક્ષવી–તે સખાવત; શકતી છતાં કીનાને તજવું–તે નર્મતાઈ; અને તકને સાચવી રાખી આવતા વખત થકી વીચાર કરવો–તે હુશયારી ગણાય છે.—આય દુનિયા તે એક કામ કરવાનું ઘર છે, અને સેવટ (પેલી દુનિઆ) તે તે કીધેલાં કામનો બદલો લેવાની જગયા છે.—નચીંતાઇની લગામ બલાના હાથમાં, નિર્ભયતાનું માથું મેહનતની અંદર, અને સલામતીનું શરીર ધાસ્તી તથા ભયના પરદામાં હોય છે, માટે એ ચીજોમાની એકુબી તેની ઉલટાઈને ખમયા વગર મેળવી શકાતી નથી.—ઓ પ્રાણી, મોત તાહરી નજદીક હોવાથી રાત દીવસમાનાં કોઇબી કવખતે તું હકરાઈ જનાર છે અને તેમાં તારો કસો ખબરદાર નથી, એક પલવારમાં મોત તુંને પુગે છે અને તુંએ કશું કામ કરી લીધું નથી. ઓ પ્રાણી જયારે તારી અને મોતની વચમાં એક પરદાથી વધારે અંતર નથી તો તે પરદો ઉંચકાયાના આગમજ તું પેલી દુનિયાનું કામ પાર પાડી લે.—શરીરને બલાના તીરોની નેમ કરવી નહીં. કારણ કે જમાનો મનુષ્ય જાતનો દુશમેન છે માટે દુશમેનથી દુર રહેવું અને તે સારૂં કંઇબી યુકિત અને વિચાર કરી રાખવો ઘટતો છે, અને તે વીશેની યુકિત કરી રાખનારને કશી શીખામણની ગરજ પડતી નથી.—સુખ તથા નચીંતાઇથી ખુશાલ થતી વેલા કોઇબી રીતની બલાની દલગીરીનો વિચાર કરવો જોઇએ, કારણકે સુખનું પાછું ફરવું દુઃખની તરફ છે.—ભારે કામો સારૂં લોકો સાથે લડવાનાં કરતાં યુકિત કરવી ભલી, અને કંઇબી કામોમાં ઉતાવલ કરવા કરતાં ધીરજ ધરવી સારી છે.—પેહલવાનોએ લડાઇનાં અંતનો વિચાર કરવા કરતાં હીમત ધરી બાહાદુરીથી લડવું જોઇએ કે જેથી ફતેહ પામી લુટ મેળવે, નહી તો કે હાર ખાઇ નાહસવાની શરમ ખેંચવી પડે. લડાઇની વખતે સ્થીર થઇ બેસી રેહવા કરતાં કંઈબી એલાજ કરવો વધારે નફાવાલો છે.—જયારે કોઈ પાદશાહ દરેક વાતે જોરાવર બની પોતાની અક્કલ અને યુક્તિને સરસ સમજે છે ત્યારે તેનો વિચાર ઉલટો થઇ સચ્ચાઇ તેહનાથી છુપાય છે.—જો કોઇ માણસ એમ કહેકેઃ—"ફલાનાં નાદાને સંકટમાં સબુરી કીધી; ફલાના દાનાવે કોઇથી ભલાઇ જોઇ અને તેના બદલામાં ભુંડાઇ કીધી; તથા ફલાનાનો હીમાયતી તે સખસથી છુપાઇ ગયો " તો તેને ખરો જુઠો જાણવો, નહીંતોકે કોઇને જુઠો અણુવામાં દાનાઇ નથી.—દુનિઆમાં નુકસાનીઓ ત્રણ છે કે જે કંઇબી યુકિતથી સુધરી શકતી નથીઃ—સગા વાહલાંઓની દુશમેનાઇ, એક ધંધાદારીઓની અદેખાઇ, અને પાદશાહઓની અક્કલની ખામી.—ત્રણ પ્રમાણીક ચીજને દુર કરી શકાતી નથીઃ—દાનાવોનાં સ્વભાવમાંથી ભલી આદત, ખોદાઇ રાહપર ચાલનારાઓની સારી ચાલચલણમાંથી સંતોષ, અને સખી માનસનાં દીલમાંથી સખાવત, (દુર કરી શકાતી નથી.) ત્રણ ચીજમાની એકથીબી સંતોષ પામી શકાતું નથીઃ—સુખ, જીંદગી અને માલઃ—જે બલા આકાશથી ઉતરી હોય તેનો નીવારો લાવવો અશકય, તથા જે દુઃખ નસીબમાં રચાયલું હોય તેનાથી વેગલાઇ પકડવી અસાધ્ય છે.—ઉમેદ તે એક બુરૂં દુઃખ છે અને મોત તેની એક ભલી દવા છે.—દુનિયામાં ખુશી થવાના કારણો.

ત્રણ છેઃ—નસીબપર રાજી થવું, એકઠું કરી રાખવા સારૂં વધારે કોશેશ નહી કરવી, અને ખોદાની ભકતિ કરવામાં (બનતાં સુધી) વખત ગુજારવો.—દુનિયામાં દલગીર થવાના કારણો ત્રણ છેઃ—એકઠું કરી રાખવા સારૂં માલ મેળવવાના લોભમાં પડવું, કોઈ પાસે કંઇબી રીતની માંગણી કરવી, તથા પશેમાની ઉપજાવનાર કામોની પુઠે જવું.—દુનિયાની ભલાઈઓ ચાર છેઃ—માહાબારત ઇમારતો, ભલી ઓરતો, સોનું રૂપું, અને વાજીંત્ર તથા ગાયન.—દુનિયાની બલાઓ ચાર ચીજમાં છેઃ—ભુડાં બચ્ચાં છોકરાં, ખરચ કરતાં ઓછી આવક, ભુડાં પાડોશી, અને અપ્રમાણીક ઓરત.—દુનિયાનાં સંકટો ચાર ચીજમાં છેઃ—ઘડપણમાં એખલાપણું, પરદેશમાં બેમારી (આજારી પણું), બેરોજગારી સાથે કરજ, અને ચાલતા લાંબે રસ્તે જવાની ફરજ.—ત્રણ ચીજ બીજી ત્રણ ચીજથી મેળવી શકાતી નથીઃ—તવંગરીને ઇચ્છાથી, જુવાનીને સંણગારથી, તથા શરીરની સુખાકારી દવાથી.—ચાર ટેવ ધરાવનારને કશી રીતની નુકશાની પુગતી નથીઃ—હલાલખાનું ખાવું, ભલો સ્વભાવ રાખવો, સાચું બોલવું, અને દેયાનત રાખવી.—છ ચીજ છે કે જેમાની દરેક આખી દુનિયાની કીમત બરાબર છેઃ—પચતું ખાવું, મેહરબાન ધણી, ભલું ફરજંદ, લાયક ઓરત, ભલો શબ્દ, અને પુરતી અકલ.—ભલો સ્વભાવ બધી વેલા સાચો માર્ગ બતાવનાર છે અને ખરો શબ્દ તે એક મેહેરબાન ભોમીઓ છે.—સંકટની વેલા મગરૂરી કરવી તે એક વગર દવાઇનું દુઃખ, ભુંડી ઓરત તે એક વગર મલમનો ઘાહ, અને દુનિયાનો ભારી બોજો તે જુસ્સો છે.—ત્રણ ચીજની ભલાઇઓ બીજી ત્રણ જગ્યાએ પીછાણવામાં આવે છેઃ—ભુખની વેલા ઇચ્છા, દુશમેનનાં હકમાં નફો થતો હોય તે વેલા સાચું બોલવું, અને ગુસ્સાની વખતે માફી બક્ષવી.—દાનાએ ત્રણ ચીજ કરવી નહીં જોઇએઃ—નહીં મળી શકે તેહવી ચીજની ઇચ્છા, વખતે નહીં આપે તેહવી ચીજની માંગણી, અને જોખમ ભરેલા કામની જામીનગીરી.—ચાર ગુણ ધરાવાથી પરદેશમાંબી પારકો ગણાય નહીઃ—ભલી ચાલચલણ ચલાવવી, નમ્રતાઇ ધરાવવી, સચ્ચાઇ રાખવી, અને કોઇનું દીલ દુઃખી કરવું નહીં.—નાદાનોને આઠ બુરા ગુણ હોય છેઃ—કમાર્ગે ગુસ્સે થવું, કઠેકાણે બક્ષેશ કરવી, નકામી સખતી ખેંચવી, દોસ્ત અને દુશમેન વચે ફેર નહીં રાખવો, નાદાનોને ભેદ કેહવો, વગર અજમાવે કોઇપર ભરૂસો રાખવો, બેઅકલી અને બેવફા શખસ સારૂં ભલો વિચાર કરવો, અને ફાયદા વગર ઘણું બોલવું. (એથી ઉલટા દાનાઓનાં ગુણ જાણવા.)—જુલમગાર પાદશાહ પાદશાહીનાં મરતબાથી નીકળી જઇ નાલાયક, હલકો તથા બુરો ગણાય છે.—શરીરો (લાકો) માંથી વફાઇ બાહાર જાય ત્યારે તેહની જગ્યાએ આફત પેવસ થાય છે. આપેલી આસાનો ભંગ થવે સામા ધણીનાં દીલમાં કીનાનું બી રોપાય, અને અપ્રમાણીકપણું જાહેર થવે દરેક કામમાંથી બરકત જાય છે.—મસકેરી તે એક આફતની રીમાં, જુઠું તે સાચનો દુશમેન, અને જુલમ તે નયાયનો નાશ કરનાર છે, માટે જો કોઇ પાદશાહ મસકેરી કરે તો તેહના બીહીક લોકોનાં દીલમાંથી નીકળી જાય, જુઠું બોલે તો લોકોની નજરમાં હલકો દેખાય, અને જુલમ કરેતો તેહનો દેશ તેહના હાથમાંથી જાય છે.—યોગ્ય શિક્ષા શિવાય હકુમત બરાબર બનતી નથી, ગરીબોનાં દુઃખને તાલવા વગર નામ પ્રખ્યાત થતું નથી, સ્વભાવને ઠંડો પાડવાવીનાં કંઇબી કામ ભલી રીતે પાર પડતું નથી, તથા બક્ષેશ કરવા વગર મોહટાઇનું માન મળતું નથી.—ત્રણ ચીજનો ત્રણ જગયાએ નાશ બને છેઃ—લોકોમાં નહીં કબુલ થનાર ભલી યુક્તિ, વગર ઉપયોગનાં હથયારો, તથા વગર ફાયદાની દોલત.—પાદશાહોને ત્રણ વેળા ત્રણ ચીજ જરૂરની છેઃ—ગુસ્સાની વખતે શિક્ષા નહિ કરવી—તે એક મોહટી માફી બક્ષવા બરાબર છે. આફતની વેલા સબુરી પકડવી જેથી ભલા વિચારો ઉતપન્ન થાય છે, તથા બક્ષેશની વેલા ઉતાવળ કરવી જેથી લશકર (લડાઇ કરવામાં) ઝડપ અને રૈયત (પાદશાહને) તાબે થવાની ઇચ્છા કરે છે.—જ્યારે એક

ભારે સંકટથી યુકતીઓ છુપાય છે ત્યારે જેમ એક માટીનાં ઢગલામાં ખોવાઈ ગએલા મોતીનાં દાણાને સોધી કાઢવા સારૂં તે ઢગલાને એક ઝીણી ચારણીએ ચારવાની ફરજ પડે છે તેમ તે ભલી યુકતીઓ મેળવવા સારૂં દાનાવોના મતને એકઠાં કરી પોતાના વિચારની ચારણીએ ચારવા જોઇએ.—ભલી યુકતી આગલ કશું નીચપણું અને હલકાઇ આવતી નથી, તેમજ હલકાઇ અને બુરાઇથી કરી મોહટાઈ તથા મરતબો મલતો નથી.—અગમચેતી અને યુકતી તે પોતાની મતલબોને પાર પાડવાનો ઘોડો છે, તથા નબલાઇ અને બુરાઇ તે મતલબોથી નાઉમેદ રેહવાનું કારણ છે.—પાદશાહો તથા મોહતાઓની હલકાઇ ચાર ગુણમાં છે:—મગરૂરી રાખવી, ઓરતોની સલાહ લેવી, નાદાનોની સંગત ધરવી, અને ધાસ્તી ભરયા કામોને તજવામાં ઢીલ કરવી.—જયાં સુધી પોતાની ખેતીમાંના અનાજની રોટલી ખાય નહીં. પોતાની વાડીમાનું ફળ વીણે નહીં, પોતાના કારખાનાઓમાંથી કપડાં પેહરે નહીં, પોતાના દેશી ઘોડાઓની ઓલાદના ઘોડાઓપર બેસે નહીં, તથા પોતાના દેશની ઓરત સાથે પરણે નહીં તયાં સુધી કોઇ પાદશાહ ખરો પાદશાહ કેહવાય નહીં. એ મજકુર ચીજો ભલી યુકતીઓ શિવાય કરવાનું બનતું નથી અને તે ભલી યુકતીઓ ખરી શિખામણ દેનારા વડાઓની મસલત વગેરે કોઇ બીજાથી મેળવી શકાતી નથી.—પોતાના કરતાં વડાઓને મોહટાઇ આપવાથી, બરોબરીઆ પર ઇનસાફ રાખવાથી, તથા પોતાના કરતાં ઉતરતાઓને ઉમેદવાર કરવાથી ભલી યુકતીઓ મેળવી શકાય છે.—ખોદાતાલાનો હક—બંદગી અને શુકરાના કરવાથી, પાદશાહનો હક—હુકમને માનવાથી, જીવનો હક—સરસાઇ મેળવી બલાઓમાંથી દુરી પકડવાથી, દોસતોનો હક—વફા મોહોબત અને ખરી મદદ કરવાથી, તથા સર્વે લોકોનો હક—તેઓ સાથે ભલી ચાલચલણે ચાલવાથી વીદવાનોએ પુરો પાડવો જોઇએ.—માણસોનાં સંકટનો નીવેડો ચાર ચીજમાં છે:—પોતાના ખાનદાનનાં ભરૂસા પ્રમાણે ટેક રાખવો, પોતાને બીજાઓ કરતાં હલકો અને ઉતરતો ગણવો, પૈસા અને માલપર લોભાવું નહી, અને ભયની જગ્યાએબી સચ્ચાઇ રાખવી.—જે કોઇ દોલતથી મગરૂર બનતો નથી તે દુઃખ અને સંકટની વેલાબી કદી ગભરાતો નથી.—માણસની પુર્ણતા ત્રણચીજમાં છે:—ધર્મની વાફદારી, બલામાં સબુરી પકડવી, અને ગુજરાન ચલાવવામાં ભલી યુકતીઓ વાપડવી.—પુરતી પરેજગારીનાં દાખલા ત્રણ છે:—નહી મલેલી ચીજપર સંતોષ રાખવો, મલેલી ચીજપર પુરતી રીતે રાજી રેહવું, અને ગએલી ચીજપર સબુરી પકડવી.—યકીનની મોહટાઇ ચાર ગુણ રાખવામાં છે:—ખોદાના હુકમો બજાવવાપર મક્કમ રેહવું. પસંદ તથા નાપસંદ ખોદાઇ બનાવ કે જે આપણા નસીબમાં રચાયો હોય તેપર રાજી રેહવું. જાહેર અને છુપાણમાં ખોદાપર ખરો પ્યાર રાખવો, અને ગુજરાન ચલાવવાનાં કામમાં ખોદાપર આધાર રાખવો.—જેમ ઠેઠવાવલા ધર્મનો બદલો નથી, કારણકે તે એકજ છે; જમાંનાનોબી અવેજ નથી, કારણકે ગયલો વખત પાછો આવતો નથી, તેમજ જયારે આતમાનોબી બદલો મલતો નથી તો પોતાનો વખત, ધર્મ, અને જીવની કદર બુજી પોતાની જીંદગી ગુજારવી જોઇએ.—હસતી (જીંદગી) નો ઘોડો ધરાવનાર કોઇબી અગરજો સુતેલો અથવા જાગરૂત હોય તોપણ તે ઘોડો દોડી જવામાંજ છે.—જે કોઇ સખાવત તથા શરમની પુંજી એકઠી કરે છે તેજ જાહેર અને છુપાનમાં ભલાઇથી સંણગારેલો હોય છે.—પાંચ ચીજ છે કે જેમાની દરેક થોડી તે ઘણી જણાય છે:—દુઃખ, ગરજ, એબ, દુશમેની અને બંદગી.—જે કોઇ પોતાની કદર નહી બુજે તે પારકાઓનીબી કદર નહીં જાણે; તેમજ પોતાના કામમાં શરમ કરે તો પારકાઓનું કામ કરવામાં ઘણો દુઃખી થાય છે.—આપાપથી દલગીરી ધરાવનાર શખસ પ્રમાણીક હોતો નથી.—જયા સુધી જે કોઇ પોતાને હલકો ગણી નમ્રતાઇ ધરાવે નહી ત્યાં સુધી તે પારકાની આગલ માનીતો બની મરતબાવાલો થાય નહી.—

પડવું તે એક ઉઠવાની લાકડી છે.—દરેક માલમતા મેળવતી વેલા તેના નાશનો વિચાર કરવો, અને દરેક ચઢતી દશાની વેલા પડતી હાલતને યાદ કરવી, કારણકે તેમ કરવાની આદત પડવાથી માલને સાચવી રખાય છે, તથા મસતી અને મગરૂરી નીકલી જઇ ખુશી ખુશાલી ઉતપન થાય છે.—જયાં સુધી ઇનસાફ જુલમપર ફાવે નહીં ત્યાં સુધી આફત, સંકટ અને પીડા આવી પડે, કારણકે દરેક ચીજને નાશ કરનાર જુલમ શિવાય બીજું કંઇ નથી.—લાંબી ઉમેદ મરદને દરેક ચીજથી નાઉમેદ કરે છે, અને લોભ તજવાથી દરેક બુરાઇઓનો અટકાવ થાય છે.—સબુરી (દરેક કામમાં) ફતેહ પુગાડનારી છે. અને સવાદિષ્ટ ઇચ્છા માણસને બુરાઈ તરફ લેઇ જનાર છે.—ખોદાપર પુરતો આધાર રાખવાથી રોજી (મેળવવાનાં કારણો) નાં બારણા ઉઘડે છે.—કોઇબી શખસ પોતાનાં પ્રમાણીકપણા મુજબ મરતબાને લાયકનો ઠડે છે. તથા પોતાની ભલાઇ પ્રમાણે (લોકોની) મોહોબત મેળવવાને લાયકનો થાય છે.—ઓરતોની સંભાલ કરવે ખોદાને રાજી રાખવા સાથે પોતે પણ ખુશી અને મોજ મેળવે છે.—આફતની વખતે સબુરી પકડયા પ્રમાણે મરદની રોજીનો વધારો થાય છે.—લાંબી વેગલાઈ અને ઘણી જુદાઇના વખતમાં દોસતીનો હક પુરો પાડયા મુજબ દોસતી સચવાયે છે.—કેટલીએક ચીજો બીજી કેટલીએક ચીજોથી પારખવામાં આવે છે:—સાથે સફર કીધાથી-સવભાવ અને આદત. અગવડ (તંગી) ની વખતે-બક્ષેશ અને સખાવત, તથા પુરતા ગુસસાની વખતે-ઇનસાફ અને સાલેસાઈ જણાય છે.—કેટલીએક ચીજો બીજી કેટલીએક ચીજોમાંથી જાહેર થાય છે:—બક્ષેશમાંથી-મોહટાઇ, વિદ્વાનોની ખરી કેળવણીથી ખોદાઇ પીછાણ, ગુનાહ તથા બુરા કામોને તજવાથી—નિર્ભયતા, ઘણીએક દોસતીથી—મોહબતનો વધારો, કામનાં અંતમાંથી-ચોકસ ધારણાં, સંતોષની અગતય જાણવાથી—જાતી ઇજત, બુરાઇથી તૌબા કરવે—સવાબ, અને ગુજરાન કરતાં વધારે મેળવવાની આતુરતાથી—સંકટમાં પડવાનું (ઉતપન થાય છે.)—નાદાનોની સંગતથી વેગલું થવું તે દાનાવો સાથે જોડાવા બરોબર છે.—જયાં સુધી લોકો એક માણુશની અદેખાઇ કરે ત્યાં સુધી તે મોહટાઇ અને માન પામતો નથી.—દાનાઓની અકલનો ભલો દાખલો તેઓની ભલી યુકતી હોય છે.—શરમ જે કોઇની ઉપર પોતાનો શંણગાર નાખે છે તેની એબ ધાકે છે.—માણુશની કેલવણીઓ મધેની સૌથી સરસ એજ છે કે તે પોતાની કેલવણી અને સરસાઇપર મગરૂરી ધરાવે નહી.—બુદ્ધીના વધારાને સૌઉથી સરસ મદદનો કરનાર વાંચવું અને શીખવું છે.—દાનાવો સાથે મસલત કરનાર સંકટના ફાંદામાંથી બચનાર છે, તથા પોતાના આધાર અને બુદ્ધીપર ચાલનાર સંકટમાં પડે છે.—દાનાઓની ભલાઈ ઘણુ કરીને નાદાનો સાથે લડતી વેલા પોતાના ગુસ્સાને દાબી દેવા અને તેઓ સાથે નરમાશ કરવામાં છે—કેટલીએક ટોલીઓ પરદેશનાં શંકટથી અને ભયથી બીહતી નથી:—બાહાદુર કે જેહની બાહાદુરીની બધાઓને ગરજ હોય, બુદ્ધીવાન કે જેની બુદ્ધીનો લોકોને ખપ હોય, અને મીઠી જુબાનવાલા માણસો કે જેવોનાં નરમ શબદોપર બધા જણ લોભાય.—પરેહજગાર ઓરત-તે એક ધર્મનાં થંભ, ઘરની આબાદી, અને બંદગીમાં મદદ કરનારી હોય છે.—જે કોઇ ઓરત સાથે લડે અને ફાવે નહીં, કંઈબી કામનો પાયો નાંખે અને પુરૂં પાડે નહી, તથા વાવણી કરી કાપણી કરે નહી, તેને પુરષિણ શખસ જાણવો નહી.—ક વખતે કઠણ જમીનમાં દાણો રોપવો અને નીચ કુળનાને કેળવણી આપવી તે એક નાદાની ભરેલું કામ છે.—સખાવત અને બક્ષેશ કરનારાઓ પોતાના હકમાં લોકોના બુરા શબદો સાંભલવાથી નચીંત રહે છે, કારણ કે તેની સખાવતનાં આભારથી લોકોના મોઢાં બંધ થાય છે.—અદેખો કદી નચીંતાઇ પાતો નથી, અને હમેશાં એવો [illegible] કરે છે કે "ખોદાએ જે દોલત પારકાને આપી મજનેજ કાંય નહી આપી ?"—પાદશાહઓની દોસ્તી ધરાવ્યાથી છકી (હદથી બાહાર)

જવું નહીં, કારણકે તેહના માનીતાઓ તાહરી સાથે દુશમેની કરયા વગર રેહશે નહીં.—જો કોઇ ભુલમાં ખોટું કરી મારી ચાહે નહી તો તેહની તરફેણ કરવાની ઇચ્છા રાખવી નહી.—પાદશાહનાં હુકમો અને ફરમાનો તે એક આકાશપરથી જમીનપર માણસને સારૂં ઉતરતી તકદીરની માફક છે કે જેહનો કસી રીતે અટકાવ થઈ શકતો નથી, તો પાદશાહ, પરધાન અને વડા સરદારને ઘટે છે કે સર્વે કામોમાં ચોકસ દાખલા દલીલ વગર હુકમ બાહાર પાડે નહી, તથા વગર વીચારવે, વગર યુકતીએ અને ક કેકાણે કદી હુકમ ફરમાવે નહી.–આપ મતલબીઆઓની દોસ્તીથી દુર રેહવું કારણકે તેઓ ખોટું ડોલ ઘાલી દોસ્તી કરવાની અને માનીતા થવાની પુઠે ફરી જાહેરમાં ભલાઇ બતાવી છુપી રીતે લોકોનાં ભલાં કામો તથા કીર્તીને ભુંડા આકારમાં ગોઠવી દાનાવો આગલ જાહેર કરે છે.–જુલમગારો તથા ફીતુરીઓને પુરી સ્થાતીમાં રાખો. ચોર તથા લુટારાઓનાં જુલમથી લોકોને નચીંત કરવા, કે તેમ કરવે દરેક કામો પાર પડી દેશનો બંદોબસ્ત થશે.–બનતા સુધી દુશમેનનાં મક્કરો અને દગલબાજીઓથી દુર રહી કોઇબી રીતે શત્રુઓની દગાઇથી નચીંત અને ગાફેલ થવું નહી, તથા તેઓની દોસ્તી અને વચાની ઉપર કસી રીતનો ભરોસો રાખવો નહી.–વચન તોડવાથી, હઠ રાખવાથી, અને મક્કર કરવાથી હમેશ દુર રેહવું.–તોહમતમાં આવી પડેલા નીરઅપરાધી માણસને દુખમાં નાખવો નહી, જેથી ખોદાનો ગુસ્સો તાહરીપર ઉતરે નહીં.–દોલતને ખરચવામાં તથા બક્ષેશ કરવામાં મધ્યમપણું રાખવું અને ઉડાઉપણું તથા કંજુસાઇ કરવાથી દુર રેહવું.–અંતકરણથી ભલાં કામો કરવામાં અને પસંદ પડેલા ગુણો ધરાવવામાં ઢુરી પકડવી નહી. તથા બાહારનાં સણગાર (માલમતા) ઉપર લોભઇ અંતકરણનાં ભલા ગુણોને તજવા નહી.–કોઇબી જીવજંતુ (તેમાં મુખ્ય માણુસ) ને ધીકારની આંખે જોવો નહી, કારણકે દરેક માણુસ પોતે પોતાને મોહટો ગણે છે. અને ઘણીએક વેલા દેખાતો કંગાલ માણુસ છુપી રીતે મોહટા દરજ્જાનો હોય છે.–અદલ ઇનસાફી થવું. માલ એકઠો કરવાને વાસતે દરેક નીચ માણુસનાં દેપકામાં આવવું નહી.–ચાકરો અને લશકરોની પાસેથી નાલાયક માંગણીઓ કરવી નહી, તેમજ તેઓને અશકય કામો ફરમાવવાથી દુર રેહવું અને રૈયતો સાથે હલકી બાબતમાં કજીઆ કંકાસ કરવો નહીં, નહીંતોકે તેવો તાહરે તાબે રેહશે નહી.–સાત જણની સંગત કરવી નહીં, કેમકે તેઓ પાદશાહઓની ખીજમતને લાયકનાં નથી.

પેહલો–અદેખાની: કારણકે અદેખાઇનુ ઝેહર કોઇબી દવાઇથી ઉતરતું નથી.

બીજો–કંજુસ; જેમ એક સખી માણસની સખાવતથી તેહની એબો ઢંકાય છે તેમ કંજુસની કંજુસાઇથી તેહના હુનરો છુપાય છે.

ત્રીજો–નીચ હીમતનો અને નીચ કુલનો; કારણકે તે એક કંજુસ કરતાં વધારે બુરો છે.

ચોથો–ગીબત કરનાર; જે લોકોની ખરી બીનાને ખોટી પાડી પોતાને માનીતો કરવા ચાહે છે.

પાંચમો–નીમકહરામ અને મક્કરબાજ; જે પોતાના ધણીનો હક નહી પીછાણી એહસાની કરે છે જેથી તે હમેશાં ખુહાર થાય છે.

છઠો–જુઠો, જે પાદશાહનેબી બે આબરૂ કરે છે.

સાતમો–ઘણું બોલનારો અને નકામો લવારો કરનારોબી પાદશાહની હજુરને લાયકનો નથી કારણકે ઘણું બોલનારનો મરતબો રેહતો નથી.

શ્રીમદ્ભગવદ્ગીતા તેનું પદ્યમાં ગુજરાતી ભાષાંતર.—અરધી કીંમત આના ચાર પોસ્ટેજ ૧ આનો.

શ્રી વાલમિકી રામાયણ.

થોડીજ નકલો બાકી છે તે હીસાબ બંધ કરવા સારૂ અરધો અરધ ભાવ.

શ્રી વાલ્મીકી રામાયણ—સર્વે આર્યન સજ્જન ગ્રહસ્થોને જાણ કરવામાં આવે છે કે, આ ભરતખંડમાં થઈ ગયેલા આદી કવી વાલ્મીક મહામુનીએ અયોધ્યાના રાજા દશરથ પુત્ર શ્રી રામચંદરજીનું જનમચરીત્ર "**વાલમીક રામાયણ**" નામે સંસ્કૃત ગ્રંથ રચી દાંખલું છે, જેમાં પ્રસંગોપાત ચારે વર્ણ, ચારે આશ્રમ, રાજા, પ્રજા, સ્ત્રી, પુત્ર તથા આપદ્ધર્મ વીસ્તારથી કહેલા છે અને ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ એ ચારે પુરૂષાર્થ પણ સવીસ્તર સફુટ કરી દરશાવેલા છે. પરંતુ તે ગ્રંથ સંસ્કૃત ભાષામા હોવાને લીધે તે ભાષાથી અજાણ્યા મનુષ્યોને જાણવા બની શકતું નથી. કદાચ કોઈ જાણવાની ઇચ્છાથી કોઈ પંડીતદવારે શ્રવણ કરે છે, તોપણ ગ્રંથ ઘણો મોટો, જેથી યથાર્થ નીયમસર શ્રવણ થઇ શકતું નથી, ને થાય છે તો સ્મરણ રેહેતું નથી; જેથી કરી સાંભલવાની અપેક્ષા રહે છે, તે સર્વે ધ્યાનમાં લઇ, આપણાં આર્ય ગુર્જર બાઈઓ પોતાની મેલે તે ગ્રંથ વાચી જ્ઞાનવાન થાય, માટે ગુર્જર ભાષામાં તેનું ભાષાંતર કરી પરથમથી તે શેવટ સુધીનાં બધાં મલી સાત પુસતકો બનાવ્યાં છે, જે દરેકમાં એકડાંક કુ સમાવેલું છે, અને તે નાહનાં-મોટાં "કાંડ" પ્રમાણે પુસતકોનાં કદ બનયાં છે, તે સરવે પુસતકોની કીંમત બંધાઇ સાથે નીચે મુજબ છે:—

	અશલ કીંમત.	અરધો ભાવ.	પોશટેજ.
૧—બાળકાંડ.........	રૂ૧।	રૂ૦॥=	રૂ૦)=॥
૨—અયોધયા કાંડ...	રૂ૨।=	રૂ૧)≡	રૂ૦)≡
૩—અરણ્ય કાંડ ...	રૂ૧॥	રૂ૦॥	રૂ૦)=॥
—કીષકીંધા કાંડ...	રૂ૧।	રૂ૦॥=	રૂ૦)=॥
—સુંદર કાંડ	રૂ૧॥=	રૂ૦॥—	રૂ૦)=॥
—યુદ્ધ કાંડ.........	રૂ૨॥	રૂ૧।=	રૂ૦)=॥
—ઉત્તર કાંડ	રૂ૨।	રૂ૧)=	રૂ૦)=॥

ઉપલાં કાંડોમાં એક બે અથવા ગમે એટલાં છુટાં મંગાવનાર શાહેબોને ઉપર મુજબ પોશટેજ પડશે, અને પેહલેથી છેલ્લે સુધીનાં સાત શામટાં કાંડ મંગાવનારાઓને એકંદર પોસટેજ માત્ર રૂ ૦।।। પડશે.

રોશન રામસગર—નાટકના આકારમાં આ એક વાંચવા અને જાણવા જોગ દાશતાંન છાપી પરગટ કરી છે. એમાં ઘણાંક ઈશાંની સુરા પેહેલવાંનો જેવી ઓરતના હાથપર તેની કલાથી કેવી થાય છે, તે તથા અંતે તેમનો છુટકારો રૂશતમ જેહાંન પેહલવાંનથી કેહવી રીતે થાય છે, તેનું બયાન શોખીન વાંચનારને પુશકલ ગમત અને સાથે મજાહ પમાડી રેહે તેવું છે.—કીંમત રૂ૦। પોસ્ટેજ અરધો આનો.

શેઠ ચીજલ હોમ એનેશતીનું મોહોલ—આ પ્રખ્યાત બારીસટરનું જનમ ચરીત્ર—છબી સાથે રૂ૦॥, છબી વગર રૂ૦।, પોસટેજ અરધો આનો.

હોરમજદ ચસત ઉપરથી હોરમજદની સીફત વીશેની સરેહ—એ અવસતા કલામોના ખુદ દાખલાઓ સહીત ઈનામનો રસાલો લખાયલો છે.—કીંમત બે આના, પોસટેજ અરધો આનો.

રૂમાં કચરાની ઘટ આવીઆ પછી દર ખાંડીનો અને દર રતલનો ભાવ નકી કેમ પડે છે તેના કોઠાની સપીનીંગ વીગરે રૂઉનાં કારખાનાંઓને ઘણી ઉપયોગી ચોપડી—એમાં દર ખાંડીના રૂ૧૧૫ થી તે ૨૫૨) સુધીના ભાવનો રૂઉ દર શેંકડે ૪) થી તે ૩૪) ટકા સુધીની ઘટ જતાં નકી કેમ ખાંડી પડે છે તે જોવાનો કોઠો છે.—કીંમત રૂ૧), પોસટેજ અરધો આનો.

દોખમે નોશીરવાન—અથવા મુશલમાનોના મશહુર ખાલીફ હારૂન—અલ—રશીદ, શેહેનશાહ નોશીરવાંન આદેલનું દોખમું જોવા ગયો તે કીસો. જે દેખાવો, જે બયાંનો ને નવી નવાઇ તથા નશીઅતો છે તે નામીચા ખાલીફને તે જમાનામાં મલેલી, આબેહુબ છે. ખાલીફ હારૂન—અલ—રશીદ, શાહનશાહ આદેલ નોશેરવાંન પાછલ લગભગ ૨૦૦ વરસે બગદાદના તખત ઉપર આવીઓ હતો, અને તે મોટા મરતબાવાલા તે જમાનાના ઓલમાનાં મોટા ખેરખાહ ખલીફે પોતા આગલ ૨૦૦) વરશ થઈ ગયલા શેહેનશાહ નોશીરવાંનનું દોખમું જોયું અને ઇરાંની શેહેનશાહતનું નામ જેહાંનમાં પુરેપુરી જાહોજલાલી ને રોશનાઈથી રોશન કરનારનું અશો રૂવાંન નવા શાહજે પોશાગ સાગ ઘટતી ગાવજતે તે મરહુમ શેહેનશાહની આગાહી માફક દોખમામાં કેડવયું, એ એક બેશક બનેલી વાત ને સાચી હકીકત છે.—કીંમત છ આના, પોસટેજ અરધો આનો.

દોખમાને લગતો મુકદમો.—(રાગ રાગનાં ગાયણોમાં)—અરધી કીમત ચાર આના. પોસટેજ અ અરધો આનો.

દરફૂશ કાવાની યાને કાવાનો બાદશાહી ઝુંડો.

આ નાના ચોપાન્યાંમાં ઇરાન દેશની તવારીખમાં જાણીતો થયલો કાવાનો બાદશાહી ઝુંડો કેમ ઉત્પન થયો, તે પ્રથમ કોણે તથા શા સારૂ બનાવ્યો, તેની મોટાઇ કેવી હતી, તે ક્યાં સુધી ચાલુ હતો, અને ક્યારે અને શા કારણથી તેનો અંત આવ્યો તે સઘળી બાબદ પુષ્કળ નોટો અને ખુલાસા સાથે વીગતવાર રીતે સમજાવવામાં આવી છે—.કીમત માત્ર દોઢ આનો પોશટેજ અરધો આનો.

ડાસલાં અથવા સુકતાદ, તેના રેવાજનું અઘટીતપણું, તથા સુકતાદનો ટુંક ખુલાસો અને ચીતાર.—અરધી કીમત એક આનો પોસ્ટેજ અરધો આનો.